
# ખોજ

## જીવન એક અવિરત ખોજ

સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૦૭
વર્ષ ૧ અંક ૫



વિજ્ઞાન - અધ્યાત્મ ૩

સમતા અને સ્વતંત્રતા

સેતુસમુદ્રમ્

ન્યુક્લીયર કરાર

સર આઈઝેક ન્યૂટન

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*
*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
વર્ષ ૧, અંક ૫


| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો | | ૫ |
| પ્રતિભાવો | | |
| - વિજ્ઞાન - આધ્યાત્મ | જયંતી પટેલ અને મિત્રો; | ૬ |
| | પ્રફુલ્લ દવે, શીલાબેન | ૭-૯ |
| - યાકુબ મેમણ માટે કોણ આંસુ સારશે ? | કિરીટ પાનવાલા | ૧૦ |
| - સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર | મુકેશ એડનવાલા | ૧૫ |
| સાંપ્રત સમસ્યા | | |
| - ન્યુક્લીયર કરારના બચાવમાં | ટી. એસ. ગોપી રેથીનારજ | ૧૮ |
| - સેતુસમુદ્રમ્ પ્રોજેક્ટ જરૂરી છે ખરો ? | તૃપ્તિ પારેખ | ૨૦ |
| - એએસઆઈની વખોડવાપાત્ર ભૂમિકા | જયક્રિશ્નન નાયર | ૨૧ |
| - ગાંધીજીના રામ | લલિત મોહન | ૨૩ |
| - બર્મા : લોકતંત્ર તરફની કેસરિયા કૂચ | તૃપ્તિ પારેખ | ૨૪ |
| - પ્રતિબંધો થોપવા ખરેખર યોગ્ય છે ખરા ? | ફરીદ ઝકરિયા | ૨૫ |
| અગ્રલેખ | | |
| સમતા અને સ્વતંત્રતા | અંબરીષ મહેતા | ૨૭ |
| વિજ્ઞાન-અધ્યાત્મ-(૩) | અનિલ પટેલ | ૩૨ |
| નોબેલ પ્રાઈઝની રસપ્રદ વાતો | | ૩૯ |
| તમારા મનને મુક્ત કરો - ૮ | સૌવિક ચક્રવર્તી | ૪૦ |
| હું ,પેન્સિલ. . . | લીયોનાર્ડો ઈ. રીડ | ૪૪ |


**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુક્લ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

મુખપૃષ્ઠ પરનું ન્યૂટનનું પેઈન્ટિંગ જે. બ્રોનોસ્કીના પુસ્તક 'The Ascent of Man'માંથી સાભાર

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી. એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

એક માન્યતા વ્યાપકપણે ફેલાયેલી છે કે જે વ્યક્તિઓની મૂળભૂત માન્યતાઓનાં માળખાં જુદાં હોય, એમની વચ્ચે કોઇ ચર્ચા સંભવ નથી કારણ કે બૌદ્ધિક કે રેશનલ ચર્ચા પૂર્વધારણાઓના સ્વીકૃત માળખાની અંદર જ થઈ શકે. પોપરે આ માન્યતાને 'માળખાંની દંતકથા' કહી છે અને કહ્યું છે કે એનો વ્યપાપક ફેલાવો એ આપણા સમયનું મોટામાં મોટું બૌદ્ધિક અનિષ્ટ છે. તેઓ આગળ કહે છે કે એ સાચું છે કે પ્રમાણમાં સરખી કે એકબીજાને મળતી માન્યતા ધરાવતા લોકો વચ્ચે સહેલાઈથી ચર્ચા થઈ શકે છે, જ્યારે એકબીજાથી સાવ જુદી કે વિરોધી માન્યતા ધરાવનારા વચ્ચેની ચર્ચા ખાસ્સી મુશ્કેલ અને કષ્ટદાયક નીવડી શકે. પરંતુ સાથે જ એ પણ સાચું છે કે ખરેખર તો આ બીજા કિસ્સામાં જ એ ચર્ચા ફળદાયી નીવડી શકે અને એના અંતે બંને પક્ષને કંઇક નવું અને રસપ્રદ શીખવા મળે. ચર્ચા મુશ્કેલ જરૂર હશે, પરંતુ થોડી ધીરજ અને સમય હોય અને બંને પક્ષે સદ્ભાવ હોય તો એમાં જરૂર આગળ વધી શકાય. અને ચર્ચાના અંતે કોઇ સહમતી ન સાધી શકાય તો પણ, બંને પક્ષો એમાંથી પહેલાં કરતાં વધારે શીખીને બહાર આવશે.


વિચારના સ્તરે તો માળખાંની દંતકથાને લગતી પોપરની આ વાત સાવ સાચી હોવાનું ઘણા વખતથી લાગતું હતું. પરંતુ હમણાં એનો તાદ્રશ અનુભવ પણ થયો. ૨૪-૨૭ ઓગસ્ટ દરમિયાન માંગરોલ ખાતે સંઘર્ષ વાહિનીના બિહાર, ઝારખંડ વગેરેના મિત્રો સાથે એક વિચાર શિબિર યોજાઈ ગયો. આ શિબિરમાં સમતા અને સ્વતંત્રતા, અર્થતંત્રમાં બજારની શું ભૂમિકા હોવી જોઈએ, સરકારની શું ભૂમિકા હોવી જોઈએ વગેરે પાયાના સવાલો પર ચર્ચા થઈ. બધા મુદ્દા પર એમની અને અમારી ભૂમિકામાં આસમાન-જમીનનો ફરક. સૌએ પોતપોતાની ભૂમિકા રજૂ કરી પછી શરૂઆતમાં તો એમ જ લાગ્યું કે આમાં ચર્ચા કંઈ આગળ વધશે નહીં. પરંતુ તેમ છતાં એ ચાલુ રખાઈ. દરેકે પોતાની ભૂમિકા વધારે વિસ્તારથી સમજાવી અને એની સામેની દલીલોના જવાબ આપ્યા. ત્યાર પછી એમ નક્કી કરવામાં આવ્યું કે હવે દરેકે પોતાની ભૂમિકાનો બચાવ કરતી દલીલોને બદલે એની નબળાઈઓ રજૂ કરવી અને એ નિવારવા શું કરી શકાય તેની વાત કરવી. પછી તો આખું વાતાવરણ જ બદલાઈ ગયું અને એકબીજાની વાતો વધારે સારી રીતે સમજવાની દિશામાં ખાસ્સા આગળ વધી શક્યા. અલબત્ત, એના અંતે હજી પૂરેપૂરી સહમતીની સ્થિતિએ તો નથી પહોંચ્યા. પરંતુ શિબિરના અંતે તાતાનગરના મંથને કહ્યું તેમ આના જેવી સારી તાર્કિક ચર્ચાની ખૂબી જ એ છે કે એના પછી કોઈ ઈચ્છે તો પણ બદલાયા વગર ન રહી શકે. ખોજના વાચકો સુધી પણ આ ચર્ચા પહોંચાડવાની નેમ છે, જેની શરૂઆત 'સમતા અને સ્વતંત્રતા' લેખથી કરીએ છીએ.

'ખોજ'માં પણ હવે ધીરે ધીરે ચર્ચાનો માહોલ જામતો જાય છે અને વધારેને વધારે પ્રતિભાવો મળી રહ્યા છે. વિજ્ઞાન-અધ્યાત્મ શ્રેણીએ ખાસ્સો રસ જન્માવ્યો છે. ઘણા પ્રતિભાવો આવી રહ્યા છે અને હજી આવશે. આ બધામાંથી આ અગત્યના વિષય પર પરસ્પર સહમતી ભલે ન સધાય, પરંતુ કમ સે કમ પરસ્પર સમજણ વધારવાની દિશામાં તો મદદ મળશે એવી આશા રાખીએ છીએ. આ વખતની ત્રીજી કડીમાં અનિલભાઈએ વિજ્ઞાનની વિકાસ યાત્રામાં આઈઝેક ન્યૂટનના પ્રદાનની અને જ્ઞાનમિમાંસાની વ્યાપક ચર્ચા પરના તેના પ્રભાવની ચર્ચા કરી છે.

મુંબઈ બ્લાસ્ટ કેસ અંગેના લેખ પર પણ ઘણા પ્રતિભાવો આવ્યા છે, જેમાંથી બધાં પાસાંઓને આવરી લેતો કીરિટ પાનવાલાનો પ્રતિભાવ રજૂ કર્યો છે. એમણે બાહોશ વકીલની જેમ (જે તેઓ છે જ) શ્રી મસિહા રહેમાને રજૂ કરેલી હકીકતો પણ કઈ રીતે યાકુબ મેમણ તેમજ અન્ય સભ્યોને કસુરવાર ઠેરવવા માટે પૂરતી છે તેની વિગતવાર છણાવટ કરી છે. બંને બાજુની દલીલો જોતાં લાગે છે કે આ કેસમાં પ્રોસિક્યુશન તેમજ બચાવપક્ષ તરફથી ખરેખર ક્યા પુરાવા રજૂ કરવામાં આવેલા તેને વિગતે ચકાસવા જરૂરી છે, જે વિગતવાર ચુકાદો બહાર પડ્યા પછી જ થઈ શકશે.

- સંપાદક

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૬૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

'ખોજ'નો જુલાઈ-ઓગસ્ટનો અંક વાંચવાનું સદ્ભાગ્ય મળ્યું. વિવિધ લેખો, છણાવટો, પ્રતિભાવો, મૂલ્યો - દરેક અંક એક અભ્યાસી પુસ્તક જેવો લાગે છે. અંકો સાચવવા જોઈએ. પરંતુ હું તો વહેંચતો રહું છું.

સંપાદકીય લેખ, ૬૦ વર્ષનાં લેખાં-જોખાં, રાજકીય આઝાદી - આર્થિક વિકાસ, તેની અડચણો અને આજની સ્થિતિ દેશની તરાહની કહાની છે.

પ્રતિભાવ કોલમમાં ઈસ્માઈલ ગાંધીની પરિવહન અંગેની વાતો, એસ.ટી. શહેરી બસ, - એની વ્યવસ્થા, મુશ્કેલી વગેરેની વિગતો વાંચી. લાખ સવાલનો સવાલ એ છે કે સરકારની આંખ કેમ ઊઘડતી નથી : શા માટે આવા ઊત્તમ માણસોની સેવા લઈ શહેરમાં સગવડ વધારતા નથી ? કઠોર વહીવટીતંત્ર વાત સાંભળતું નથી. આના માટે નક્કર થવું જોઈએ.

તળિયેથી શ્રી રાજેશ મિશ્રાનો 'નર્મદા ધબકે છે' - લેખ એમની ભાવનાના ધબકારાને બરોબર વ્યક્ત કરે છે. ભાવ, શ્રદ્ધા અને કૃતજ્ઞતાની ત્રિવેણી. વ્યાપાર-રોજગારી અને નર્મદેહર! અમૃતલાલ વેગડનાં બે પુસ્તકો યાદ આવી ગયાં.

મારું જરૂરી સૂચન છે - જે ભાઈનો લેખ હોય તેનું પૂરું સરનામું, ફોન નંબર તેમજ ફોટો હોવા જોઈએ. આજે હવે એ જરૂરી છે. અખંડ આનંદ, નવનીત, જનકલ્યાણ બધા જ આ follow કરે છે.

ગીરના સાવજનો રાજકીય ઈતિહાસ મહેશ રંગરાજને કેટલી બધી જાણકારી સાથે વર્ણવ્યો છે! આપણે આ પશુને બચાવવા શું કરી શકીએ? આ આપણી રાષ્ટ્રિય સંપત્તિ અને શક્તિદેવીનું પણ વાહન.

વિજ્ઞાન-અધ્યાત્મ લેખમાં શ્રી અનિલ પટેલ ખૂબ મહેનતથી અને સંતુલનતાથી સમજાવે છે - સત્ય શોધો. આ વખતે પૂ. વિનોબાનું વિજ્ઞાન-અધ્યાત્મ પુસ્તક બહાર પડ્યું છે, તેના પર લેખક - સંપાદકનું ધ્યાન દોરું છું. રસિક શાહનો પ્રતિભાવનો લેખ વાચકોના રસને ઉજાગર કરે છે.

*- બી.એ. પંડ્યા, સુરત*

'ખોજ'માં શ્રી મહેન્દ્રભાઈ ચોટલિયા સરના બે લેખ વાંચ્યા, ખૂબ ગમ્યા. વિચારવાના નવા મુદ્દા મળ્યા. "શાળા એ બેબી સીટર છે કે એનાથી વિશેષ ?" એ જ વાક્ય "ખતરનાક" છે. બાળધારકો વાંચે અને જાગે. આ જ મુદ્દા પર ક્યારેક હું હચમચી ગયો હતો, જેના પર મેં એક વાર્તા પણ લખી હતી.

*- કર્દમ મોદી, દેડિયાપાડા*

ભૂલ સુધાર -સં. :

જુલાઈ-ઓગસ્ટ-૦૭ના અંકમાં પત્ર/પ્રતિભાવોમાં મે-જૂન ૦૭ના અંકમાં 'ગરીબોનો વિકાસ' તૃપ્તિ પારેખના લેખ વિશે મારા અભિગમમાં નીચે મુજબ ભૂલ સુધારવા - સમજમાં લેવા વિનંતી છે.

અમારી સંસ્થા (ટ્રાવેલ-ટુર્સ ઓપરેટર) કેઝ્યુલ કોન્ટ્રેક્ટ પરમિટથી લગ્ન પ્રસંગે - પ્રવાસ-પર્યટન- તથા કંપની કોન્ટ્રાકટ (કામદારોને લાવવા લઈ જવા) માટે બસનો ઉપયોગ કરે છે. માસિક ૧૭૦૦૦ જેટલો ટેક્ષ આર.ટી.ઓ. મારફતે સરકારને આપીએ છીએ, જયારે એસ.ટી.ના રૂટો ઉપર ચાલતી ખાનગી બસો ચાલે છે (૧૭૦૦૦ ટેક્ષ આર.ટી.ઓ.નો ભરીને) તે દા.ત. વડોદરાથી ડભોઈ-રાજપીપળા- છોટા ઉદેપુર - જંબુસર - ગોધરા - દાહોદ વિગેરે - તે કાયદેસર નથી. તેના માટે માસિક રૂા. ૨૦ થી ૩૦ હજાર સુધીનો હપ્તો આપે છે. (જે તે એરિયાના લાગતા વગળતા અધિકારીને) તેની સામે એસ.ટી.નો લાખો/કરોડોનો વકરો ચોરાય છે. એસ.ટી.ના પેસેંજરો તે ઉપાડી જાય છે. આ રીતે આખા ગુજરાતમાં રાજકારણી - આર.ટી.ઓ. - પોલીસખાતાના સહયોગથી ચાલે છે. તેથી એસ.ટી.નું ઉઠમણું થઈ ગયું છે.

*- ઈસ્માઈલ ગાંધી, વડોદરા*

**પ્રતિભાવ**

# વિજ્ઞાન-અધ્યાત્મ

*[વિજ્ઞાન-અધ્યાત્મ લેખશ્રેણી તથા તે પરના પ્રતિભાવો અંગે અમે (જયંતી પટેલ, ધવલ મહેતા, દીનેશ શુક્લ, યોગેન્દ્ર માંકડ, વિદ્યુત જોષી, કિરણ નાણાવટી, મુકેશ એડનવાલા) એ એક ગોષ્ઠિ યોજી હતી. તેના નિષ્કર્ષરૂપે આ પ્રતિભાવ આપને મોકલી રહ્યા છીએ. આશા છે આથી આપણી ચર્ચા-વિચારણાને વેગ મળશે.]*

ખોજમાં પ્રગટ થઇ રહેલી વિજ્ઞાન-અધ્યાત્મ લેખશ્રેણી ગુજરાતી વિચાર-જગતમાં એક મહત્ત્વનું પ્રદાન બની રહેશે તેમ લાગે છે. વિજ્ઞાન અને અધ્યાત્મને સાથે મૂકવાની વાત જ ચર્ચાસ્પદ અને તેથી રસ જગાડે તેવી છે. બીજા લેખમાં વિજ્ઞાન અને દર્શન વચ્ચેનો નાતો સુપેરે વ્યક્ત થયો છે. જ્ઞાનપ્રાપ્તિના માર્ગો અંગેની છણાવટ સરસ કાઠું કાઢી રહી છે. અંક-૧-૪ માં રસિક શાહનો પ્રતિભાવ મુખ્ય મુદ્દાને કેન્દ્રમાં મૂકી આપે છે. તેમણે વિજ્ઞાન અને અધ્યાત્મનાં ક્ષેત્રો વચ્ચેની ભેદરેખા દોરી આપી છે.

વિજ્ઞાન અને અધ્યાત્મની ખોજનું લક્ષ્ય એક હોઇ શકે. માનવીના કુતૂહલમાંથી ઉદ્‌ભવેલા પ્રશ્નો, સૃષ્ટિ અને પોતાના સર્જન તથા હેતુ અંગેની જિજ્ઞાસા તેનું પ્રેરકબળ હોઇ શકે. પરંતુ તેઓ જે અભિગમ અને પદ્ધતિ દ્વારા આ જ્ઞાન મેળવવા તથા તેનો પ્રસાર કરવા મથામણ કરે છે તેમાં નિર્ણાયક તફાવત છે. વિજ્ઞાન અને ધર્મ/અધ્યાત્મ વચ્ચે એક નોંધપાત્ર તફાવત એ છે કે ધર્મ /અધ્યાત્મ 'અજ્ઞ' (અનનોન) થી 'જ્ઞ' (નોન) તરફ તારણો કરે છે, તો વિજ્ઞાન 'જ્ઞ' માંથી 'પુરવાર થયેલા' સાબિત થયેલા જ્ઞાનના આધારે અજ્ઞાનનાં અંધારાં ઉલેચવા મથે છે. આમ આ બંને પદ્ધતિ એકબીજાથી વિરોધી છે, તે સાથે રહી શકે નહીં.

અમને લાગે છે કે પાયાનો સવાલ એ છે કે, જ્ઞાનપ્રાપ્તિની ભરોસાપાત્ર પદ્ધતિ કઇ? તથા જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે કેટલું સાચું છે, વિશ્વાસપાત્ર છે, તે કોણ નક્કી કરે અને કેવી રીતે નક્કી થાય? પ્રાપ્ત જ્ઞાન તે વ્યક્તિ પૂરતું જ 'સત્ય' છે કે અન્ય વ્યક્તિઓ પણ તે ચકાસી-પારખી શકે છે? જે જ્ઞાન (હકીકત, ઘટના, પ્રક્રિયા, સમજ, ઇ.) રજૂ કરવામાં આવી રહ્યું છે તે પયગંબરી સત્ય છે કે તેમાં ઉજાગર થયેલી નવી હકીકતો કે અન્ય વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત થયેલી નવી સમજને કારણે પરિશોધન થઇ શકે કે કેમ? જ્ઞાન-પ્રાપ્તિની પદ્ધતિમાં પ્રાપ્ત જ્ઞાનની મુલવણી તથા ચકાસણીની જોગવાઇ પણ મહત્ત્વની છે.

અધ્યાત્મની પદ્ધતિ વ્યક્તિપરસ્ત છે, સ્વાનુભૂતિપરસ્ત છે. રસિકભાઇએ દર્શાવ્યું તેમ, તેને સમજવા માટે કોઇ 'મહર્ષિ' કે સંત-મહાત્માનાં ચરણ સેવવાં પડે એટલે કે, તે કહે તે નિર્વિવાદ માની લેવું પડે. વ્યક્તિએ પોતાની અનુભૂતિ કે અંતઃસ્ફુરણાના આધારે જે દાવો કર્યો હોય તેને કોઇ તટસ્થ પદ્ધતિ દ્વારા ચકાસવાની કે પરિશોધનની ગુંજાશ રહેતી નથી. પરિણામે અધ્યાત્મની પદ્ધતિમાં અફર 'પયગમ્બરી સત્ય'ની ભયજનક વાત આકાર પામે છે. અને તેમાંથી જ, વિવિધ વ્યક્તિઓના પોતાના આગવા ઐશ્વરી, અવતારવાદી કે પયગમ્બરી સત્યને આધારે, ધાર્મિક-સાંપ્રદાયિક ફાંટાઓ આકાર પામે છે, અળસિયાની જેમ ફૂટી નીકળે છે. તે 'સત્ય'માં શંકા કરનારા કે ફેરફાર સૂચવનારા કાં તો નવો સંપ્રદાય સ્થાપે છે કે 'નાસ્તિક' કે ધર્મદ્રોહી (હેરેટિક) ગણી શૂળીએ ચઢાવાય છે કે જીવતો જલાવી દેવાય છે. આવું વલણ વિચારો પરની આપખુદશાહી સર્જે છે, રાજકીય આપખુદશાહી આવા વલણની જ સહોદર છે.

પ્રથમ લેખમાં આપે મેટાફીઝીકલ (આધિભૌતિક) શબ્દ પર પસંદગી ઉતારી છે. સામાન્ય રીતે તે ભૌતિક કે લૌકિક જગતથી પર અતિપ્રાકૃતિક કે પારલૌકિક એવા તત્ત્વ કે વિશ્વ (વાસ્તવમાં કાલ્પનિક)ના સંદર્ભમાં અથવા અમૂર્ત તર્કબાજી (રીઝનીંગ)ના અર્થમાં વપરાય છે. આમ જોઇએ તો તેને આધ્યાત્મિક વિચારણાનો સમાનાર્થી કહી શકાય. આપે કાપ્રાની અનુભૂતિની વાત પણ ટાંકી છે. અણુ-પરમાણુ કે પાર્ટીકલના વિશ્વની ગતિ કે નર્તનથી વાકેફ કોઇપણ વ્યક્તિ આ સમજી શકે. પણ કાપ્રાને જે 'દર્શન' થયું તે શિવના સંહારક તાંડવનું નહીં પણ પાર્વતીના લાસ્યનું કહી શકાય! (કાપ્રાને તાંડવની ખબર હશે પણ લાસ્યની નહીં!) ખેર, સમસ્યા એટલી જ છે કે આવી વૈયક્તિક આધ્યાત્મિક અનુભૂતિઓને આધારે કોઇ સાર્વત્રિક (યુનિવર્સલ) ધારણા કે નિયમ તારવી શકાતો નથી. અને તેથી તેના આધારે વર્તન અંગેની જાહેર નીતિ (પોલિસી) ઘડી શકાતી નથી. પરિણામે આવી વિચારણા ન તો નૈતિક ધોરણો સ્થાપવામાં કે જાળવવામાં સહાયભૂત થઇ શકે છે. તે માત્ર વાંઝણી માનસિક કવાયત બની રહે છે. આવી કવાયતથી વ્યક્તિને પોતાને કદાચ આનંદ થતો હશે, તૃપ્તિ મળતી હશે. પરંતુ તેનું કોઇ સામાજિક મૂલ્ય હોતું નથી. પરિણામે એવી સ્થિતિ સર્જાઇ છે કે આજે ધર્મ પોતાના સમર્થન માટે વિજ્ઞાનનો આશરો શોધે છે, વિજ્ઞાનને ધર્મના આશ્રય કે સમર્થનની જરૂર નથી. આથી ધાર્મિક-આધ્યાત્મિક જ્ઞાનના ક્ષેત્રની સીમાઓ સંકોચાતી રહી છે.

વાસ્તવમાં, આધ્યાત્મિક અભિગમ સ્વસ્થ અને રેશનલ વિચારણામાં ઉપકારક નથી. એટલું જ નહીં પણ અવરોધક બની રહે છે. આધ્યાત્મિક પદ્ધતિ દ્વારા તારવવામાં આવેલું 'સત્ય' (૧) સાર્વત્રિક કે સર્વસ્વીકાર્ય નથી, (૨) તે વિશ્વસનીય નથી, (૩) તે નૈતિક ધોરણો સ્થાપવામાં કામ લાગતું નથી, (૪) તેના આધારે કોઇ નીતિ-ઘડતરનું કાર્ય હાથ ધરી શકાતું નથી, (૫) તેમાં સુધારણા કે પરિશોધનને અવકાશ નથી (પરિણામે તે આપખુદ વલણને પોષે છે), (૬) પોતાનું તારણ જ આખરી સત્ય હોવાનો દાવો વિવિધ વ્યક્તિઓ દ્વારા થતો હોવાથી તેમાં અસહિષ્ણુતા અને સાંપ્રદાયિક ફાંટાઓ સર્જાય છે (આથી જ ધાર્મિક-સંપ્રદાયોના અનેક ફાંટાઓ છે અને વિજ્ઞાનમાં નહી). આમ બંને વચ્ચે ગુણવત્તા અને પરિણામની દૃષ્ટિએ નોંધપાત્ર તફાવતો છે.

બેકન અને દકાર્તના વિચારો વચ્ચેનો ભેદ નિવારી શકાય. ઇન્દ્રિયોની માફક બુદ્ધિ પણ ભૌતિક તત્ત્વનો જ આવિષ્કાર છે એ હકીકત સ્વીકારતાં આ સમન્વય સાધી શકાય. ન્યુટન, ગેલીલિયો જેવા ગત સદીઓના વિજ્ઞાનીઓ તથા ચિંતકો ઇશ્વરમાં માનતા હતા, તે બરાબર છે પરંતુ તેમની માન્યતામાં વૈજ્ઞાનિક કે દાર્શનિક વિચારણાની ફલશ્રુતિ કરતાં પ્રવર્તમાન સામાજિક ધોરણો (નોર્મ્સ)ને અર્ધ્ય આપવાનું વલણ સવિશેષ જણાય છે.

અંતઃસ્ફુરણા પણ કાલ્પનિક આધ્યાત્મિક અનુભૂતિની પેદાશ છે કે મગજમાં ચાલતી બૌદ્ધિક પ્રક્રિયાની નીપજ છે, કે અનુભવ-નિરીક્ષણ-પ્રયોગના દ્વારા પ્રાપ્ત, પુરવાર થયેલા જ્ઞાનના આધાર પર ઊભેલી છે તે નક્કી કરવું રહ્યું. ■ *(નોંધ : મૂળ લખાણ ઉંઝા જોડણીમાં હતું.)*

---

'ખોજ'ના અંક ૩-૪ માં આપના 'વિજ્ઞાન-અધ્યાત્મ' અંગેના લેખ વાંચ્યા. તમારી આ લેખમાળા પૂરી થાય પછી જ પૂરો પ્રતિભાવ આપી શકાય. છતાં આ બે લેખ વાંચતાં જે મુદ્દાઓ વિશે સંવાદ કરવાનું ગમે તે આ પત્ર દ્વારા મૂકી રહ્યો છું.

આપને અમદાવાદ ગોષ્ઠિમાં પ્રથમ વાર મળવાનું-સાંભળવાનું બન્યું. આપની નિખાલસતા સ્પર્શી ગયેલી. તમે લખ્યું છે કે તમારો અભ્યાસ આછો-પાતળો છે, પરંતુ તે ગોષ્ઠિમાં તમે જે બોલેલા અને અત્યારે 'ખોજ'માં જે લખી રહ્યા છો, પછી એવું લાગે છે કે તમારો અભ્યાસ વિશદ અને ઊંડાણપૂર્વકનો છે. તમે જે વાંચ્યું છે તેના પરથી તમે કેટલાક નિષ્કર્ષો પણ તારવેલા છે. આ બધું ઊંડું ચિંતન- મનન માંગી લે છે. તે તમારામાં જોવા મળે છે. આ વિષયને ઊંડાણથી સમજવાનો પ્રયાસ ઘણા બધાને ચોક્કસ લાભકર્તા થશે.

૧. આપે પારલૌકિક અને લૌકિક અધ્યાત્મ એમ બે ભાગ પાડયા છે, પરંતુ અધ્યાત્મક્ષેત્રે આવો કોઇ ભેદ નથી. સંસ્થાગત ધર્મમાં છે. અધ્યાત્મ તો આ જીવનમાં જીવવાનું શાસ્ત્ર અને કળા છે. જો અધ્યાત્મની દૃષ્ટિ હોય તો આ લોકના પ્રશ્નો સારી રીતે ઉકેલી શકાય. અધ્યાત્મ પરલોકની ચિંતા નથી કરતું.

૨. અધ્યાત્મ ક્ષેત્રે વ્યક્તિગત ઇશ્વરને કોઇ સ્થાન નથી. મનથી પરેના ક્ષેત્રે પ્રજ્ઞાનો પ્રદેશ છે અને તે પરે પરમચૈતન્ય પરમ સત્તા છે, જેમાંથી બધું સર્જાય છે અને જેમાં બધાનો વિલય થાય છે. તે પરમ સત્ત્વને જે. કૃષ્ણમૂર્તિ existence કહે છે.

આઇનસ્ટાઇન સૃષ્ટિની ભવ્ય રચના જોઇને વિનમ્રતાનો અનુભવ કરે છે, તે ક્ષણે તે અહંકારથી મુક્ત બને છે. જે અહંકારમુક્ત થાય તે જ અધ્યાત્મ જીવે છે. અહંકારમુક્તિ માટેના માર્ગો અલગ અલગ છે. વિજ્ઞાનીઓ માટે આઇનસ્ટાઇનનો માર્ગ હોઇ શકે.

૩. વિજ્ઞાન વિશેની નકારાત્મક માન્યતાઓ વિશે જણાવતાં તમે લખ્યું છે - (૧) વિજ્ઞાન એક શક્તિ છે પરંતુ તેની પાસે દૃષ્ટિનો અભાવ છે. મને લાગે છે કે વિજ્ઞાન પાસે દૃષ્ટિનો અભાવ છે તેમ કહેવાને બદલે વિજ્ઞાનનો ઉપયોગ કરનાર પાસે દૃષ્ટિનો અભાવ છે તેમ કહેવું બરાબર રહેશે?

બીજું, વિજ્ઞાન જ્ઞાન છે. તે પોતે કંઇ કરતું નથી. તેથી તે સર્વોપરિતા સિદ્ધ કરવા કટિબદ્ધ છે તેમ કહેવું વાજબી છે? તે જ રીતે વિજ્ઞાન ભોગવાદને જન્મ નથી જ આપતું. ભોગવાદીઓ તેનો દુરુપયોગ કરે છે.

કેટલાક લોકો - વિજ્ઞાન વિરોધીઓ - ની આ દલીલો હોઇ શકે છે. જે ભૂલભરેલું છે, ભ્રમ છે. વિજ્ઞાન વિશેની સાચી સમજણનો અભાવ છે.

૪. કાપ્રાનાં દર્શન વિશે તમે ખૂબ ઊંડાણથી રસપ્રદ ચર્ચા કરી છે, સાથે ઐતિહાસિક વિવરણ પણ ઘણી માહિતી આપે છે. એક માનવીને દર્શન કેવી રીતે ઘડતું જાય છે, તે સમજાય છે.

કાપ્રાએ એક પુસ્તક The Uncommon Wisdom લખ્યું છે. તેમાં તેમણે બધી વૈજ્ઞાનિક શાખાઓના નિષ્ણાતોને મળીને જે ચર્ચા કરી છે, તેનો વૃત્તાંત છે. બધાએ જણાવ્યું છે કે પહેલાં અમે દરેકનું અલગ અલગ વિશ્લેષણ કરતા હતા અને તે પરથી સમગ્રતાનું દર્શન કરતા હતા. હવે તેઓ પ્રથમ સમગ્રતાનું (આવડતાનું) દર્શન કરે છે, જ્યાં પારસ્પરિકતા છે. અને તેના સંદર્ભે વિશિષ્ટને જોવાનો પ્રયત્ન કરે છે. આ જે હોલીસ્ટીક અભિગમ છે તેણે વિજ્ઞાનને એક નૂતન દિશા આપી છે. પરમાણુ વિજ્ઞાન હવે પૂર્વના અધ્યાત્મને વૈજ્ઞાનિક સાબિતીઓ આપે છે. પૂર્વનું અધ્યાત્મ વ્યક્તિગત અનુભૂતિ પર હતું (તેથી તેમાં ભ્રમ હોવાની શક્યતા છે). હવે જ્યારે વિજ્ઞાનનો ટેકો મળે છે ત્યારે ગૂઢવાદ રહેતો નથી.

મનના સ્તરે વિચારવાનું હોય ત્યારે અવલોકનો, પ્રયોગો અને ગણિતતા હોવાં જ જોઈશે. પરંતુ સંસ્કારિત મનની ઉપરના સ્તરે એ ઉપયોગી નહીં થાય.

કાપ્રાના ગૂઢવાદમાં આ લોકનો નકાર નથી, પરંતુ આ લોકની વ્યવસ્થાના આધારબિંદુઓમાં પરિવર્તન લાવવાની વાત છે. તેથી જ તેઓએ The Turning Point લખ્યું, જેનો ભાવાનુવાદ શ્રી કાન્તિભાઈ શાહે 'ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ' નામે કર્યો છે.

તમે લખ્યું છે કે આઈનસ્ટાઈને ક્યારેય 'આખરી વાસ્તવિકતા જોઈ લીધી છે' તેવો અતિશયોક્તિભર્યો દાવો કર્યો નથી. દરેક શાણી વ્યકિત આમ જ કહે. સુશ્રી વિમલા ઠકાર પણ કહે છે કે અધ્યાત્મમાં છેલ્લો શબ્દ કહેવાયો નથી અને ક્યારેય કહેવાશે પણ નહીં.

એટલે વિવિધતાથી છલકાતા આ વિશ્વને ભ્રમણા કહેવાને બદલે આપણા જ્ઞાનેશ્વર મહારાજે તેને માયા ન કહેતાં 'પ્રભુની કાયા' કહ્યું છે. પરમચૈતન્યનો અંશ દરેકમાં છે. આપણાં ઉપનિષદોએ સતત પરિવર્તનશીલ પામતા જગતને સત્ય માનીને પકડી રાખવાની ના પાડી છે. જેઓ તેને જ સત્ય માને છે તે અવિદ્યામાં રાચે છે તેમ કહ્યું છે. તેથી પરિવર્તનશીલ પાછળ જે અપરિવર્તનશીલ છે તેને દૃષ્ટિમાં રાખીને જીવવાનું કહ્યું છે. પરંતુ તેમાં વ્યક્ત જગતનો નકાર નથી.

૫. પરમાણુની થિયરીમાં 'અવલોકનકર્તા Observer' -કે 'પ્રયોગકર્તા Subject'નું મહત્ત્વ વિશેષ રહે છે. નીલ બ્હોરે કહ્યું, ''પરીક્ષણકર્તા પદાર્થ (Subject-Object) વચ્ચે ભેદ કરતા કલાસીકલ (ફીઝીકસના) આદર્શને ત્યજવો રહ્યો''.

આ અંગે તમે સરસ રજૂઆત કરી છે. હેસનબર્ગનું વાક્ય પણ ટાંક્યું છે. વિશ્વને સબ્જેકટ અને ઓબ્જેકટમાં વિભાજિત કરનારી પૂર્વધારણાને હવે પરમાણુશાસ્ત્રમાં દાખલ કરી શકાય નહીં.

૬. જુલાઈ-ઓગસ્ટના ૦૭ ના અંકમાં આપે બુદ્ધિ કે ઈન્દ્રિયોની શુદ્ધિ વિશે લખ્યું છે, ''મનુષ્ય ભૂલો કરતો જ રહે છે તેનું કારણ તેઓ મેલી, રગદોળાયેલી, ભ્રષ્ટ બુદ્ધિ (દકાર્ત) કે ઈન્દ્રિયો (બેકન)માં જુએ છે. સત્ય પોતાને છુપાવતું નથી. આપણાં કરણો તેને જોવા દેતાં નથી. બુદ્ધિ (મન) કે ઈન્દ્રિયોને અશુદ્ધ કરે છે. આપણા પૂર્વગ્રહો, પરંપરાઓ, સંસ્કારો, શિક્ષણ વગેરે આ અશુદ્ધિઓને પ્રયત્નપૂર્વક દૂર કરવા બુદ્ધિ કે ઈન્દ્રિયોને માંજવી પડે છે. પ્રયત્નપૂર્વક આ મેલ ધોવો પડે છે, જેથી શુદ્ધ થયેલાં કરણોની સામે સત્ય આવીને ઊભું રહે. . . . શુદ્ધ સંવેદનો આડે બુદ્ધિ, પૂર્વગ્રહો વગેરેએ પાડેલા પડદાને ચીરી નાખવાનો છે. વ્યવસ્થિત રીતે એક પછી એક પૂર્વગ્રહો, ધારણાઓ, થિયરીઓ વગેરેને ઝાટકીને મનમાંથી કાઢી નાંખવાનાં છે. બસ, પછી તો સાક્ષાત્ સત્ય જ આપણી સમક્ષ હાજર થઈ જશે.''

આ મુદ્દો સરસ રીતે મૂક્યા પછી લેખના અંતમાં તમે જે લખ્યું છે કે, ''લાખ પ્રયત્ન કરીએ પણ અર્થઘટનરહિત શુદ્ધ અવલોકન થઈ જ ના શકે; અવલોકન માત્ર કોઈ દૃષ્ટિબિંદુ, થિયરી કે પૂર્વધારણાના સંદર્ભમાં જ થાય'' - તે તમે જે નિચોડ લાવી રહ્યા હતા તેની સાથે મેળ ખાતું નથી. આપણે માનવીને પોતે અર્જિત કરેલા જ્ઞાન સાથે જ અવલોકન કરવાનું શીખવ્યું છે. શુદ્ધ અવલોકનની કેળવણી જ નથી આપી તેથી તમને તે શક્ય લાગતું નથી. શ્રી જે. કૃષ્ણમૂર્તિ, ઓશો રજનીશ, વિમલાતાઈ ઠકાર વગેરેએ આ શુદ્ધ અવલોકન પર ખૂબ ભાર મૂક્યો છે. જે. કૃષ્ણમૂર્તિના ત્રણ વોલ્યુમ Commentaries on Livingનાં બધાં પ્રકરણના પ્રથમ ફકરા શુદ્ધ અવલોકનનાં ઉત્તમ દૃષ્ટાંતો છે. આપણે શુદ્ધ અવલોકન કરી શકતાં નથી તેથી તે થઈ જ ના શકે તેમ કહેવું તે વધુ પડતું નથી ?

ખેર, તમે ખૂબ સુંદર-રસમય-માહિતીપૂર્ણ યાત્રા કરાવી તેનો આનંદ છે. આ લખવા માટે તમે કેટકેટલું વાંચ્યું, પચાવ્યું, તમારાં તારણો કાઢ્યાં ત્યારે લખી શકયા. તમારી આ અભ્યાસશીલતાને પ્રણામ.

*- પ્રફુલ્લ દવે, જામનગર* ■

પ્રણામ. અધ્યાત્મ અને વિજ્ઞાનમાં સમરસતા હોવી ઘટે, એ વિષય અંગે એક ગોષ્ઠિ મહેન્દ્રભાઇ વગેરે મિત્રોની સાથે અહીં અમારે ત્યાં થઇ ત્યારથી જે એક પાસું વિજ્ઞાનનું આજ સુધી અછતું રહ્યું હતું તે તરફ ચિત્ત આકૃષ્ટ થયું. તેથી કાંતિભાઇનું કાપ્રાનું પુસ્તક, એક મરાઠી પુસ્તક 'સાયંસચી સમાધિ' ને આ તમારો ખોજમાંનો લેખ. . . વગેરેનું વાંચન થયું. તમારા લેખમાં જે વિચાર છે તેની વધુ સ્પષ્ટતા મેળવવા ખાસ તો આ પત્ર લખી રહી છું.

પરમાણુમાં ઇલેક્ટ્રોન્સ ન્યુક્લીયસની આસપાસ સતત ઘૂમતા રહેવા છતાં ઊર્જા ગુમાવતા નથી. પરમાણુ stable formમાં કેમ રહે છે? - તેની અટકળ Neil Bohr એ કરી છે. તેમાંની આ Counter - intuitive - પ્રતિસ્ફુરણાત્મક થિયરી સ્પષ્ટ થઇ નહીં. આ Stationary Ground State એટલે શું? ને તેમાંથી ક્વોન્ટમ થિયરી વિકસિત થઇ - આ થોડું સમજાવશો તો આભારી થઇશ.

બીજી એક ગૂંચવણ મનમાં જન્મી છે. ક્વોન્ટમ મિકેનિક્સના હાર્દમાં observerનો પ્રવેશ ને અવલોકિત પદાર્થ ઉપરની અવલોકનકર્તાની અનિવાર્ય દરમિયાનગીરી - એ બન્ને વચ્ચે થતી આંતરપ્રક્રિયા પર સૃષ્ટિનું જ્ઞાન ઊભું છે. મને એ પ્રશ્ન થાય છે કે આ beholder જે છે તેની પદાર્થ સાથે બુદ્ધિની દરમિયાનગીરી થાય છે કે (વ્યક્તિત્વ) મનની ? મન કહેતાં અનંતં વ મનઃ - તે અનંત છે- આથી તેને થતા જ્ઞાનમાં નિશ્ચિતતા ને સમગ્રતા ન આવી શકે. પણ જો બુદ્ધિની દરમિયાનગીરી કહીએ તો વિનોબાના કહેવા મુજબ બુદ્ધિ વ્યક્તિગત છે જ નહીં, તે હંમેશાં સમષ્ટિગત જ છે. જેમ અનંત ને સર્વવ્યાપી આકાશ તમારાં બારી-બારણાં દ્વારા તમારા ઘરમાં ઘૂસપેઠ કર્યા કરે છે ને તમે એને "તમારા ઘરનો અવકાશ" એવું નામ આપો છો તેવી જ રીતે શુદ્ધ અને સૂક્ષ્મ બુદ્ધિતત્ત્વ જે સૃષ્ટિમાં વ્યાપ્ત છે તે તમને સ્પર્શ કરે છે, તમારી અંદર આવ-જા કરે છે. મરુદગણ એટલે કે ચિંતનના પ્રવાહો કોસમોસમાં વહી રહ્યા છે ને તે તમારા હૃદયને સ્પર્શે છે. ને તેથી જ સમાન ચિંતનની વર્ષા અનેક સમાનશીલ હૃદયોમાં-બુદ્ધિમાં થતી હોય છે. "બુદ્ધિ હંમેશાં સામૂહિક જ હોય છે" એ ન્યાયે આ આખી વાત કે અનેક અવલોકનકર્તાનું અવલોકન સમાન ને નિશ્ચિત હશે એ શું સિદ્ધ થઇ શકે ?

અવલોકિત પદાર્થ ને અવલોકનકર્તા વચ્ચેની આંતરપ્રક્રિયા વિશે પણ સમજવાની ઇચ્છા છે. 'તાઓ ઓફ ફિઝિક્સ'નું ગુજરાતી, હિંદી યા મરાઠી થયેલું તમારી જાણમાં છે ?

*- શીલાબેન, બ્રહ્મ વિદ્યા મંદિર, પવનાર*

## લેખકનો જવાબ

ઇલેક્ટ્રોન વીજભાર ધરાવે છે (વજન નહીં). કોઇપણ વીજભાર ધરાવતો પદાર્થ વર્તુળાકાર ભ્રમણકક્ષામાં ફરે તો તેની દિશા સતત બદલાતી જતી કહેવાય, એટલે કે તે પ્રવેગ ધરાવે છે. આવા સંજોગોમાં ક્લાસીકલ ફિઝીક્સના પ્રસ્થાપિત નિયમ અનુસાર વીજભાર તેની ઊર્જા ગુમાવે છે. જો વીજભાર આ નિયમાનુસાર ઊર્જા ગુમાવે તો ક્ષણાર્ધમાં જ તે પરમાણુના કેંદ્રમાં જઇને પડે. પછી પરમાણુ રહ્યો જ ક્યાં? હવે એ તો વાસ્તવિકતા છે કે અમુક ખાસ અપવાદોને બાદ કરતાં બાકીના બધા જ પરમાણુઓ સ્થાઇ (stable) સ્વરૂપમાં રહે જ છે. ફિઝીક્સમાં આ એક મોટો પેરેડોક્ષ ઊભો થયો, જેનું હિંમતભર્યું નિરાકરણ નીલ બ્હોરે કર્યું. તે અનુસાર ઇલેક્ટ્રોન્સ હંમેશા એ ભ્રમણકક્ષામાં સામાન્ય રીતે રહેતા હોય છે, જેમાં ભ્રમણ કરવા છતાં તેઓ તેમની ઊર્જા ગુમાવતા નથી અને તેથી સતત ફરતા જ રહે છે. આ ભ્રમણકક્ષાને બ્હોરે ગ્રાઉન્ડ સ્ટેટ ભ્રમણકક્ષા કહી. ત્યાર પછીની ક્વોન્ટમ થિયરીના ઝડપથી થયેલા વિકાસમાં શ્રોડીંગરે દુર્બોધ ગણિતનો ઉપયોગ કરીને એવાં સમીકરણ રચી આપ્યાં જેના ઉપયોગથી એ સમજાવી શકાયું કે કેમ ઇલેક્ટ્રોન્સ ગ્રાઉન્ડ સ્ટેટ ભ્રમણકક્ષામાં રહે છે. પેરેડોક્ષનું આ નિરાકરણ counter-intuitive પ્રતિસ્ફુરણાત્મક છે.

આવી અનેક થિયરીઓથી ક્લાસીકલ ફિઝીક્સમાં વિજ્ઞાનમાં અવલોકન કરનાર હંમેશાં વ્યક્તિ હોય છે કે કોઇ વ્યક્તિએ બનાવેલું સાધન હોય છે જે અવલોકનો કરે છે. કોપનહેગન અર્થઘટન પ્રમાણે વ્યક્તિની બુદ્ધિ અને અવલોકિત પદાર્થ વચ્ચે કોઇ આંતરક્રિયાનો સવાલ નથી. પરંતુ અવલોકન કરવાની વ્યક્તિની ક્રિયા માત્રથી ક્વોન્ટમ સ્તરનો પદાર્થ વિચલિત થઇ જાય છે. જેના કારણે પદાર્થની સ્થિતિ માપી શકાય, કે તેનો વેગ માપી શકાય. પરંતુ, બંને એક સાથે માપી ના શકાય. આ અર્થઘટન બાદ તેના સમર્થકોએ એવું તારણ કાઢયું કે સાચી વાસ્તવિકતા અવલોકન કરતી વ્યક્તિ માટે જાણવી અશક્ય છે. એટલે કે વાસ્તવિકતાનું બાષ્પીભવન થઇ જાય છે. આ અર્થઘટન પ્રમાણે વાસ્તવિકતા જ મટી જાય છે. આણે મહા અનર્થો ઊભા કર્યા છે. આ અર્થઘટનમાં મનુષ્યબુદ્ધિ કે મન દ્વારા સીધી કોઇ દરમિયાનગીરીનો સવાલ ઊભો થતો જ નથી. અહીં એક નાની પણ મહત્ત્વની ચોખવટ કરી લઉં કે વિજ્ઞાનમાં અનંત સમય કે અવકાશની ગહન ચર્ચા છે, પરંતુ અનંત મન કે બુદ્ધિની કોઇ થિયરી કે વિચાર નથી. ડાર્વિનની ઉત્ક્રાંતિની થિયરી પ્રમાણે મનનો ઉદ્‌ભવ પાછળથી ઉત્ક્રાંતિત થયેલાં વિકસિત મગજ ધરાવતાં પ્રાણીઓ અને ખાસ કરીને મનુષ્યમાં થાય છે.

*- અનિલ પટેલ*

# યાકુબ મેમણ માટે કોણ આંસુ સારશે ?

*- કિરીટ પાનવાલા*

જુલાઈ–ઓગસ્ટ : ૨૦૦૭ ના ખોજમાં યાકુબ મેમણ માટે કોઈ આંસુ સારશે? એવો સવાલ તૃપ્તિ પારેખે, શ્રી મસીહ રહેમાનના પાંચમી ઓગસ્ટ ૨૦૦૭ ના ઈન્ડિયન એક્ષપ્રેસમાં છપાયેલા લેખના આધારે પૂછયો છે. શ્રી મસીહ રહેમાનનો આ લેખ એવું સિદ્ઘ કરવાની કોશિશ કરે છે કે યાકુબ મેમણ અને તેના બે નાના ભાઈ ઈસા અને યુસૂફ તેમજ તેમની ભાભી રૂબીના નિર્દોષ છે. યાકુબના ભાઈ ટાઈગર મેમણની મુંબઈ બ્લાસ્ટની યોજના વિષે તેમને કોઈ માહિતી નહોતી. બ્લાસ્ટ પછી તેમને જાણ થઈ. ત્યારે તે વખતે ટાઈગરના પિતા અબ્દુલ રઝાકે ગુસ્સે થઈ ટાઈગરને તમાચો સુદ્ધાં માર્યો. ત્યાર પછી તેઓ કરાંચીમાં રહેતા હતા ત્યારે ટાઈગર અને ઐયુબ સિવાયના પરિવારના બધા સભ્યો ભારતમાં આતંકવાદ અને ગદ્દારના લાગેલા બિરૂદના કારણે અજંપો અનુભવતા હતા.

તેઓ નિર્દોષ હોવાથી અને ભારતની લોકતાંત્રિક વ્યવસ્થામાં વિશ્વાસ હોવાથી તેઓ ભારત પાછા ફરવા માંગતા હતા. તેમનામાં ભોળી શ્રદ્ઘા હતી કે નિર્દોષ હોવાના કારણે તેઓ છૂટી જશે અને બહુ બહુ તો યાકુબને ટાઈગરના ચાંદીના દાણચોરીના ધંધામાં એકાઉન્ટન્ટ તરીકે હોવાને કારણે કદાચ થોડી ઘણી સજા થાય. તેને પણ સજામાં સરકાર રહેમ કરી આપશે, કારણ કે તેઓ આખા ષડ્યંત્રમાં પાકિસ્તાનની સંડોવણીના પુરાવા ભારત સરકારને પૂરા પાડશે. આ સંજોગોમાં ટાઈગર મેમણની ચેતવણી છતાં યાકુબે મુંબઈના વકીલ પિતરાઈ ભાઈ સાથે કાઠમંડુ જઈ વાટાઘાટો કરી અને વાટાઘાટ પછી તે કરાંચી જતા હતા ત્યારે પકડાઈ ગયા અને તે પછી બીજા સભ્યો પણ, યાકુબે સ્વેચ્છાએ શરણાગતિ સ્વીકારી હશે એમ માનીને દુબઈ મુકામે ગયેલા, જયાંથી સી.બી.આઈ. પકડીને તેમને દિલ્હી લાવેલી. તેમના કહેવા પ્રમાણે, યાકુબ મેમણને કારણે આ ષડ્યંત્રમાં પાકિસ્તાનનો હાથ હોવાનું સ્થાપિત કરવાનું શકય બન્યું હોવા છતાં ભારત સરકારે તેમની સામે ટાડા હેઠળ ખટલો ચલાવવાનો નિર્ણય લીધો અને બધાને જેલમાં ધકેલી દીધા. તેમના કહેવા પ્રમાણે, મેમણ પરિવારને વિશ્વાસ હતો કે ભારતમાં તેમના અધિકારોનું રક્ષણ કરવામાં આવશે અને સરકાર તેમને વાજબી ટ્રાયલ આપશે, પરંતુ તે વિશ્વાસ ખોટો સાબિત થયો.મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસ ચલાવનાર ખાસ જડજ શ્રી કોડેએ તેમને ફેર ટ્રાયલ આપી નથી અને ખોટી સજા કરી છે તેમ તેઓ કહેવા માંગતા હોય તેમ પણ જણાય છે. આ સંજોગોમાં યાકુબ મેમણ માટે આંસુ સારવા જોઈએ, તેવો લેખકનો સૂર જણાય છે.

જસ્ટિસ કોડેએ મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસમાં જે ટ્રાયલ આપી તેને ભાગ્યે જ કોઈ વાજબી ટ્રાયલ નહોતી તેમ કહી શકે. સદરહુ લેખમાં જ સ્પષ્ટપણે જણાવેલ છે કે દેશના ઈતિહાસમાં સૌથી મોટી અને લાંબી ચાલેલી આ ટ્રાયલ છે. હજુ સુધી આરોપીઓને વાજબી ટ્રાયલ આપવામાં આવી નથી તેવો સૂર કયાંય ઊઠયો નથી. પ્રક્રિયાત્મક રીતે શ્રી કોડેએ આપેલી ટ્રાયલ કોઈ રીતે ગેરવાજબી નહોતી. એટલે સબસ્ટેન્ટીવલી યાને મેરીટ્સ ઉપર શ્રી કોડેએ તેમને ખોટી સજા કરી છે કે કેમ તે જ વિચારવાનું રહે છે. જયારે મેરીટ્સ ઉપર સજા ખરી કે ખોટી કરી છે તેનો નિર્ણય કરવાનો હોય ત્યારે કેસમાં શું પુરાવો પડયો છે તે જ જોવાનું રહે અને કેસમાં પડેલા પુરાવાઓનું મૂલ્યાંકન કરતા શ્રી કોડેએ કરેલી સજા વાજબી છે કે કેમ તે વિચારવાનું રહે.

કમનસીબે શ્રી મસીહ રહેમાનના કેસમાં યાકુબ મેમણ અને તેના બે નાના ભાઈ ઈસા અને યુસુફ તથા ભાભી રૂબીના સામે કેસમાં શું પુરાવો પડયો હતો તેનો કોઈ સીધો ઉલ્લેખ સુધ્ધાં લેખમાં નથી ત્યારે શ્રી કોડેએ કરેલી સજાને ગેરવાજબી કઈ રીતે લેખાશે? યાકુબ મેમણ વગેરેની નિર્દોષતા માટે જે વિગતો રજૂ કરી છે તે વિગતો વધુમાં વધુ બચાવપક્ષની થિયરી છે, પ્રોસીકયુશનનો કેસ નથી. વળી, આ એવી થિયરી છે કે જે શ્રી કોડેની કોર્ટ રૂબરૂ રજૂ કરવામાં આવેલી કે કેમ તે બાબતે પણ તેઓ કશો ફોડ પાડતા નથી. બચાવપક્ષની આ થિયરી કોર્ટ સમક્ષ મૂકવામાં આવી હોય અને ખોટી રીતે શ્રી કોડેએ તેને માન્ય રાખી ન હોય તેવું પણ કયાંય જણાતું નથી.

ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનો પાયાનો સિદ્ઘાંત છે કે બચાવપક્ષે જો કોઈ ખાસ બચાવ લેવામાં આવ્યો હોય તો તે અંગેની વાજબી શકયતા તેમણે પુરવાર કરવાની હોય છે. વળી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૬ પ્રમાણે જયારે હકીકતોની ખાસ માહિતી ફકત અમુક વ્યકિતને જ હોય ત્યારે તે વ્યકિતએ તે હકીકતો સાબિત કરવાની હોય છે. આ સંજોગોમાં યાકુબ મેમણ આણી મંડળીનો જે બચાવ શ્રી મસીહ રહેમાન પેશ કરે છે, તે એક તો તેમની બચાવની થિયરી છે તેમજ

તેમના અને તેમના પરિવારના સભ્યોની જ ખાસ માહિતીની બાબતો છે. આ સંજોગોમાં તેમણે તે સંબંધે કોર્ટમાં પુરાવો રજૂ કરીને તે થીયરીને સ્થાપિત કરવી પડે. પરંતુ તેઓએ આ થિયરી કોર્ટ સમક્ષ રજૂ થઈ હતી કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી. પ્રોસીકયુશનને ઊલટતપાસની તક આપીને, ઊલટતપાસની વૈતરણી પાર કરીને તે હકીકતો સ્થાપિત કરી હોય તેવું કશું જણાતું નથી. આ સંજોગોમાં કોર્ટે તેમને નિર્દોષ છોડી મૂકવા જોઈતા હતા તેમ કહેવું સાવ બાલિશ અને ગેરકાયદેસરનું લેખાશે.

યાકુબ મેમણ વગેરે સામે મુંબઈ બ્લાસ્ટ કેસમાં શું પુરાવો પડયો હતો તેને બાજુ પર મૂકીએ. ફકત મસીહ રહેમાનના ઉપર્યુકત લેખમાં હકીકતો તથા સંજોગોને જે ચતુરાઈપૂર્વક આરોપીઓની તરફેણમાં રજૂ કરવામાં આવ્યા છે, તે ચતુરાઈનો પડદો તથા લાગણીનો ઝોક બાજુ પર કરીએ તો લેખ ઉપરથી જ યાકુબ મેમણ વગેરે સામે આંખે ઊડીને વળગે તેવા ઈન્ક્રીમીનેટીંગ યાને કે ગુનાહિત સંજોગો ઊભરી આવે છે.

સૌથી પ્રથમ તો ટાઈગર મેમણે બોમ્બ બ્લાસ્ટની આખી યોજના બનાવીને સફળતાથી પાર પાડેલી તે બાબતનો લેખક ઈન્કાર કરતા નથી. આ ટાઈગર મેમણ ચાંદીની દાણચોરીમાં સંડોવાયેલો હતો અને મુંબઈના અન્ડરવર્લ્ડ સાથે ઘરોબો ધરાવતો હતો. લેખ પરથી જ ફલિત થાય છે કે યાકુબ, ટાઈગરના ચાંદીના દાણચોરીના ધંધામાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો હતો. આમ, યાકુબ મેમણ ટાઈગર મેમણનો ફકત ભાઈ ન હતો, તે તેના ધંધાનો સાગરીત હતો, તેવું લેખ ઉપરથી જ જણાઈ આવે છે. ગેરકાયદેસરના અને અન્ડરવર્લ્ડના ધંધા સાથે અને તેના કર્તાહર્તા એવા ટાઈગર મેમણ સાથે તેનું લોંગ એસોસિયેશન હતું તે લેખની સ્વીકૃત હકીકત છે. આ લોંગ એસોસિયેશન કાયદાની દૃષ્ટિએ એક મહત્ત્વનો સાંયોગિક પુરાવો છે. અલબત્ત, તેના એકલા ઉપરથી તે કાવતરામાં સામેલ હતો તેવું કહી શકાય નહિ. રાજીવ ગાંધી હત્યાકાંડ (સ્ટેટ ઓફ તામિલનાડુ વિરુદ્ધ નલિની, ૧૯૯૯ ક્રિમીનલ લો જર્નલ, પાના નંબર : ૩૧૨૪) માં આ સિદ્ધાંત પ્રતિપાદિત કરેલો છે. એટલે એટલા માત્રથી આપણે યાકુબ મેમણ કાવતરામાં સામેલ હતો તેવા મંતવ્ય ઉપર ન આવીએ, પણ તે એક સંજોગ ખરો જ.

ઈન્દિરા ગાંધી હત્યાકાંડમાં આરોપી કહેરસીંગને ફાંસીની સજા થયેલી. તેની સામે પણ કાવતરાખોર હોવાનો આક્ષેપ હતો. ગોલ્ડન ટેમ્પલની ટેરેસમાં તે કેટલીક વાર મુખ્ય આરોપી બિયાંતસીંગને ગુપ્તપણે મળતો હતો, તે અને તેવા જ બીજા થોડા સંજોગો ઉપર તે ઈન્દિરા ગાંધીના હત્યાના કાવતરામાં સામેલ હોવાનું ગણી તેને તકસીરવાર ઠરાવવામાં આવેલો અને તેને ફાંસીની સજા કરવામાં આવેલી. તેમના એડવોકેટ શ્રી રામ જેઠમલાણીએ આ જ રીતે તે વખતે કાગારોળ મચાવેલી કે કહેરસીંગ નિર્દોષ હતો. ઈન્દિરા ગાંધી હત્યાકાંડમાં કાવતરા સંબંધમાં જે સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે તે જોતાં આ મુખ્ય આરોપી સાથેના લોંગ એસોસીએશન ઉપરાંત જો બીજો પુરાવો હોય તો આ સંજોગને તે પુરાવા સાથે ધ્યાને લઈ શકાય છે. યાકુબ મેમણ સામે ફકત આ લોંગ એસોસિયેશનનો જ પુરાવો હતો તેવું તો શ્રી રહેમાનનું પણ કહેવું નથી. બીજો જે થોડો પુરાવો અપેક્ષિત છે તે એટલો બધો હોવાની પણ જરૂર નથી.

કાવતરાં હંમેશા ગુપ્તપણે યોજાતાં હોય છે, તેથી તેનો સીધો કે પ્રત્યક્ષ પુરાવો મળી શકતો નથી. કાવતરાના કેસમાં આ એક અંતર્ગત મુશ્કેલી છે, પરંતુ આખરે કાવતરાંખોરો જ પડદા પાછળથી સંચાલન કરતા હોય છે અને તેથી આવા પડદા પાછળના આરોપીઓને કાયદાના શરણે લાવી મર્યાદિત છતાં યોગ્ય પુરાવાથી સજા કરવી જરૂરી હોય છે. પરોક્ષ અથવા સાંયોગિક પુરાવાના આધારે તેમજ તેવા પુરાવા ઉપરથી કરવામાં આવેલાં અનુમાનોના આધારે કાવતરાનું અસ્તિત્વ તેમજ તેમાં આરોપીની સામેલગીરી અંગે કોર્ટ તારણ કાઢતી હોય છે. આ કાયદાકીય સ્થિતિ છે અને આ કાયદાકીય સ્થિતિ કંઈ મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસ માટે જ બનાવવામાં આવી હોય તેવું નથી. સને–૧૮૬૦ માં ભારતીય ફોજદારી ધારો અમલમાં આવ્યો ત્યારથી જ ચાલી આવેલો આ કાયદો છે. અંગ્રેજી કાયદો પણ આપણાથી ખાસ કંઈ અલગ નથી. આ સંજોગોમાં મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસ ચલાવનાર જસ્ટિસ કોડે, યાકુબ મેમણ કે તેના પરિવારના સભ્યો સામેના પુરાવાનું મૂલ્યાંકન કાવતરા સંબંધના આ કાયદાને નજર સમક્ષ રાખીને જ કરે. અને તેમ કરે તો તેમણે લોકતાંત્રિક સિદ્ધાંતો બાજુ પર મૂકી દીધા છે, તેવું કહી શકાતું નથી. અત્રે યાદ રાખવું જોઈએ કે મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસ દેશ અને સમાજ આખાને હચમચાવી મૂકતા ફોજદારી ગુનાઓને લગતો કેસ છે, અનેક વ્યકિતઓએ તેમાં જાન ખોયાં છે, પારાવાર નુકસાન થયું છે, તેમાં મૃત્યુ પામનાર, ઈજા પામનાર કે અન્ય અસરગ્રસ્તોને પણ કોર્ટે ન્યાય આપવાનો હોય છે. દેશની પ્રજાને પણ ન્યાય અને સલામતી બક્ષવાના છે.

મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસમાં કાવતરાના અસ્તિત્વ વિષે બેમત નથી. જયાં સુધી તેમાં યાકુબ મેમણની ભાગીદારીનો સવાલ છે ત્યાં સુધી મુખ્ય આરોપી ટાઈગર મેમણ સાથેના ઉપર્યુકત લોંગ એસોસીએશન ઉપરાંત પણ બીજા અનેક પુરાવા સદર લેખ ઉપરથી જ ફલિત થાય છે. એક તો યાકુબે બોમ્બ ધડાકામાં વપરાયેલાં વાહનો માટે પૈસાની વ્યવસ્થા કરેલી, બીજું, આ ધડાકામાં ભાગ લેનાર કેટલીક વ્યકિતઓ

માટે દુબઈ જવાની ટિકિટો ખરીદેલી. આ બે બાબતો જેને શ્રી રહેમાન સાવ સામાન્ય હોવાનું ગણાવે છે, તે બંને બાબતો સુપ્રીમ કોર્ટ સહિતની કોર્ટોના પ્રસ્થાપિત ચુકાદાઓ પ્રમાણે ગુનામાં સામેલગીરીના મહત્ત્વના પુરાવા છે. સંજોગોને અલગ અલગ જોવાના હોતા નથી. કદાચ સંજોગોને અલગ અલગ જોવામાં આવે તો તે નિર્ણયાત્મક ન પણ હોઈ શકે. તમામ સંજોગોને ભેગા જોવાના હોય છે અને તે રીતે જોતાં આરોપીની કાવતરામાં સામેલગીરી વાજબીપણે સિદ્ધ થયેલી ગણી શકાય કે કેમ તે જોવાનું હોય છે.

વધુમાં લેખ પરથી જ જણાય છે કે યાકુબ મેમણે હેન્ડ ગ્રેનેડ ધરાવતી એક બેગ ટાઈગરના માણસને પહોંચાડવાની સૂચના આપેલી. જો કે યાકુબે તે આરોપ નકારેલો, પરંતુ તેના ડ્રાઈવર અને ટાઈગર મેમણના બે માણસોએ એ વાત કબૂલી છે, તેવું સદર લેખમાં જણાવેલ છે. આરોપી કંઈ કોર્ટમાં તહોમતનામું કે તેની વિરુદ્ધના પુરાવા સામાન્ય રીતે કબૂલ કરતો હોતો નથી એટલે આરોપી કબૂલ કરે તો જ તે સંજોગને પુરવાર થયેલો માનવો એવું કહેવું મૂર્ખામીભરેલું છે. તેના ડ્રાઈવર અને બે માણસોએ તે વાત કબૂલેલી, તે હકીકત પરથી પણ કોર્ટ તે સંજોગ પુરવાર થયેલો માની શકે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં provedની વ્યાખ્યા આપવામાં આવી છે. તે પ્રમાણે કોર્ટે પડેલા પુરાવાઓ ઉપરથી અનુમાન કરીને હકીકત પુરવાર થયેલી છે કે કેમ તે નક્કી કરવાનું હોય છે. પોતાની સમક્ષ જે હકીકતો હોય તેના ઉપરથી કોર્ટને એમ લાગે કે અમુક બાબતનું અસ્તિત્વ હોવાનું માનવું જોઈએ ત્યારે, તે પુરવાર થયેલ છે એમ કોર્ટ કહે અથવા અમુક બાબતનું અસ્તિત્વ એક વાજબી બુદ્ધિનો માણસ, એવા સંજોગોમાં, પ્રોબેબલ હોવાના મંતવ્ય ઉપર આવે તેવું હોય તો પણ કોર્ટ પુરવાર થયેલું માને.

હવે, આ જે આરોપ છે તે આરોપ સંબંધમાં લેખકનું કહેવું એવું છે કે આ કંઈ નવાઈની વાત હતી નહીં, કારણ કે હેન્ડ ગ્રેનેડની હેરાફેરી તો મુંબઈના અન્ડરવર્લ્ડના ધંધાના અવિભાજ્ય અંગ જેવી હતી; એટલે આ બાબત જો સાબિત થાય તો તેનાથી ષડ્યંત્રની જાણકારી પ્રસ્થાપિત થતી નથી, તેથી તેને સંજય દત્તની જેમ આર્મ્સ એકટના ગુનામાં સજા કરવી જોઈતી હતી. અલબત્ત, યાકુબ મેમણ સામે ફક્ત આ જ સંજોગ હોય તો સંજય દત્તને કરવામાં આવી તેટલી સજા કરવી વાજબી ગણાય, પરંતુ qua each accused એટલે કે દરેક આરોપી સામે કયા કયા સંજોગો છે તેને અલગ તારવીને અને તે પુરવાર થયેલા ગણવા કે કેમ તે નક્કી કરીને તેના પરથી ગુનામાં તેની સામેલગીરી અને કેટલી સામેલગીરી તે નક્કી કરવાનું હોય છે. યાકુબ મેમણ સામે આ એકલો સંજોગ નથી, પરંતુ ઉપર જણાવેલા બીજા ત્રણ સંજોગો પણ છે, જેની આપણે ચર્ચા કરી. તેથી આ એક સંજોગને અલગ તારવીને એમ કહેવું કે સંજય દત્ત જેટલી સજા કરવી જોઈતી હતી તે કાયદેસર અભિગમ નથી. યાકુબ મેમણના ડ્રાઈવર તેમજ ટાઈગર મેમણના બે માણસોએ આ વાત કબૂલ કરી છે તે સહઆરોપીઓની કબૂલાત છે, જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૦ મુજબ યાકુબ મેમણ સામે ગ્રાહ્ય છે અને મહત્ત્વનો સમર્થનાત્મક પુરાવો બની રહે છે.

વધુમાં ટાડા એકટની કલમ–૧૫ હેઠળ પોલીસના ખાસ ઉચ્ચ કક્ષાના અધિકારી રૂબરૂ થયેલી આવી કબૂલાત પણ સહઆરોપી સામે પુરાવામાં ગ્રાહ્ય છે. સામાન્ય રીતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ અને ૨૬ હેઠળ પોલીસ રૂબરૂ કે પોલીસ કસ્ટડીમાં થયેલ કબૂલાત ગ્રાહ્ય નથી, પરંતુ તે કાયદાની જોગવાઈ ટાડા કેસમાં લાગુ પડતી નથી. ટાડા એકટની કલમ–૧૫ હેઠળ લેવાયેલાં આરોપીઓનાં નિવેદનો પુરાવામાં ગ્રાહ્ય છે. જો કે તે સબસ્ટેન્ટીવ પુરાવો એટલે કે તેના એકલા પર સજા થઈ શકે તેવો પુરાવો છે કે કેમ, તે અંગે કોર્ટો વચ્ચે મતમતાંતર છે. પરંતુ બહુમતીનો અભિપ્રાય એવો જણાય છે કે તે સબસ્ટેન્ટીવ પુરાવો છે એટલે કે તેના એકલા ઉપર સજા થઈ શકે છે. આ સંજોગોમાં યાકુબ મેમણ, તેના પરિવાર અને ટાઈગર મેમણના બે માણસો અને તેમના ડ્રાઈવર જેમણે કબૂલાત કરી છે તેમના ટાડા એકટની કલમ–૧૫ હેઠળનાં નિવેદનોમાં શું કબુલાત હતી તે પુરાવો કોર્ટ રૂબરૂનો સૌથી મહત્ત્વનો પુરાવો છે, જેની લેખમાં ભારોભાર ઉપેક્ષા કરવામાં આવી છે. ટાડા હેઠળના આ નિવેદનોની સંપૂર્ણ textના સંદર્ભમાં યાકુબ મેમણ અને તેના પરિવારના અન્ય સભ્યો સામેનો કેસ અને સંજોગો મૂલવવાના રહે છે. જો સદરહુ ડ્રાઈવર અને યાકુબ મેમણના બે માણસોની કબૂલાતમાં સમગ્ર કાવતરાનો ચિતાર હોય અને તેની જાણ છતાં આ હેન્ડ ગ્રેનેડ ધરાવતી બેગ, યાકુબ મેમણે તેના માણસો દ્વારા ટાઈગરના માણસોને પહોંચાડી હોય તો, આ સંજોગ એટલો તો ગંભીર બને છે કે તેના એકલા ઉપર સજા થઈ શકે છે. આ સંજોગોમાં સંજય દત્તના કેસ સાથે તેને સરખાવવો કોઈ રીતે વાજબી નથી. મેમણ પરિવારના સભ્યોને થયેલી સજાથી વિપરીત ટાઈગર ગેંગના એક સભ્ય જે આ ષડ્યંત્રને લગતી ત્રણે બાબતો, શસ્ત્ર વાપરવાની પાકિસ્તાનમાં તાલીમ, બોમ્બ અને શસ્ત્ર ભારતમાં લઈ આવવા અને વાહનમાં બોમ્બ મૂકીને તેને છોડી જવા તે સાથે સંકળાયેલા હતા, તેને ન્યાયમૂર્તિ કોડેએ માફી આપી છે, તેમ લેખમાં જણાવ્યું છે. આ વાત ગુમરાહ કરનારી છે. શ્રી કોડેએ તેને માફી કેમ આપી છે તેનાં કારણો જ્યાં સુધી તપાસીએ નહીં ત્યાં સુધી આવી બાબત સરખામણી માટે વાપરી શકાય નહીં. શકય છે કે તેની સામે આ આક્ષેપ જ હોય, પરંતુ તે આક્ષેપના સમર્થનમાં પુરાવો ન હોય અથવા પુરાવો હોય તો તે માનવામાં આવ્યો ન હોય.

વધુમાં યાકુબ મેમણ અને તેના પરિવારના સભ્યો સામે બીજો પણ મહત્ત્વનો સંજોગ એ છે કે જે વખતે બોમ્બ ધડાકો થયો તે વખતે તે મુંબઈ છોડીને દુબઈ પહોંચી ગયા હતા. આ હકીકત લેખ પરથી ફલિત થાય છે. આ હકીકત પ્રથમદર્શી રીતે યાકુબ મેમણ અને પરિવારના અન્ય સભ્યોને બોમ્બ ધડાકા વિષે આગોતરી જાણ હતી, તેમ સાબિત કરે છે. જો ઈદના બહાને કે તેવા કોઈ અન્ય કારણસર તેમને બોલાવવામાં આવ્યા હોય એમ યાકુબ મેમણ અને બીજાઓનું કહેવું હોય તો, તેઓએ તે સંબંધે પુરાવો આપીને તે હકીકત સાબિત કરવી જોઈએ, જે કરવામાં આવ્યું હોય તેવું જણાતું નથી. શ્રી રહેમાનના કહેવા પ્રમાણે બ્લાસ્ટ પછી ટાઈગર મેમણ, પરિવારના સભ્યોથી નજર છુપાવવા લાગેલો ત્યારે પરિવારના અન્ય સભ્યોને આ બાબત ખ્યાલ આવી કે મુંબઈ બ્લાસ્ટમાં ટાઈગર મેમણનો હાથ હોવાના મુંબઈથી મળતા અહેવાલ સાચા હોઈ શકે. જો આ મુદ્દા પર યાકુબ મેમણ વગેરે પોતાની નિર્દોષતા સાબિત કરવા માંગતા હોય તો તે અંગે તેમણે કોર્ટમાં પુરાવો આપવો જોઈએ. ફક્ત આવી પુરાવામાં મૂકયા વિનાની ડિફેન્સ વર્ઝન ઉપર નિર્દોષતાની ઈમારત ચણી શકાતી નથી.

રેકર્ડ પર આવો કોઈ પુરાવો આવ્યો હોય તેમ જણાતું નથી. આ બધી બાબતો આરોપીઓની અંદર અંદરની બાબતો છે અને તે બાબતથી તેઓ કાવતરામાં સામેલ નથી એમ કહેવા માંગતા હોય તો બચાવપક્ષે પુરાવો આપવો પડે અને સિદ્ધ કરવું પડે કે ખરેખર તેઓને આ બોમ્બ બ્લાસ્ટ વિષે પાછળથી ખબર પડી છે. અલબત્ત, ફરિયાદપક્ષે સાબિત કરવાનું હોય છે કે યાકુબ મેમણને આ બાબતની અગાઉથી જ જાણ હતી, પરંતુ અગાઉ કહ્યું તેમ પડેલા પુરાવા પરથી આવું તારણ કોર્ટ કાઢી શકે છે. એક વાર આવું વાજબી તારણ કાઢવામાં આવે તો પછી આરોપીએ તેને rebut કરવાનું હોય છે યાને કે ઊલ્ટાવવાનું હોય છે. અલબત્ત, આરોપી સામે પુરાવાનો બોજો એટલો નથી હોતો, જેટલો ફરિયાદપક્ષે હોય, પરંતુ વાજબી પ્રોબેબીલીટી સિદ્ધ કરવાની હોય છે, જે માટે કયાં તો તેઓએ બચાવના પુરાવા આપવા પડે અથવા ફરિયાદપક્ષના સાહેદો પાસેથી મટીરીયલ elicit કરવું પડે. આવું કાંઈ યાકુબ મેમણ વગેરે તરફે કરવામાં આવ્યું હોય તેવું જણાતું નથી. આ તમામ સંજોગોમાં યાકુબ મેમણ વગેરેની તરફેણમાં સદર લેખમાં જે કાંઈ લખવામાં આવ્યું છે તે પુરવાર ન થયેલી ડિફેન્સ વર્ઝનથી વિશેષ કશું નથી. કદાચ તે ડિફેન્સ વર્ઝન પણ નથી, કારણ કે તે કોર્ટ સમક્ષ મુકાઈ નથી.

આવા સંજોગોમાં પ્રોસીકયુશનના પુરાવા પર આધાર રાખીને યાકુબ મેમણ અને સજા પામેલા તેમના પરિવારના અન્ય સભ્યોને જો ખરેખર નિર્દોષ છોડવામાં આવ્યા હોત તો લોકતંત્ર કે કાયદાની લાજ રહેતે નહીં. પિતા અબ્દુલ રઝાકે સૌની હાજરીમાં ટાઈગર મેમણને તમાચો માર્યાનું કહેવામાં આવે છે; તે પણ તેમની અંદર અંદરની બાબત છે. આ અંગે તેમના પિતા કે બીજા કોઈએ કોર્ટમાં પુરાવો આપ્યો હોય તેમ જણાતું નથી. સૌથી અગત્યની બાબત એ છે કે લેખ ઉપરથી જ ફલિત થાય છે કે દુબઈમાં હતા ત્યારે મુંબઈથી તેમને ટાઈગર મેમણનો મુંબઈ બોમ્બ બ્લાસ્ટમાં હાથ હોવાની વાતો મળવા લાગેલી, તેમ છતાં તેઓ ટાઈગરને છોડીને ભારત પાછા ફરતા નથી, એટલું જ નહિ, એ જ ટાઈગર મેમણના ઈશારે તેઓ બધા તેની સાથે કરાંચી જાય છે, કોઈ પણ વીઝા વગર કરાંચીમાં પ્રવેશ પામે છે; અને પાકિસ્તાનને શરણે થાય છે.

જો મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ટાઈગર મેમણનો હાથ છે તેની તેમને પ્રતીતિ થઈ ગઈ હતી અને તેઓ નિર્દોષ હતા તો તેમણે ટાઈગર મેમણના ઈશારે કરાંચી જવાની જરૂર ન હતી. તેઓ ટાઈગર મેમણને સાફ કહી શકયા હોત કે અમે તારી યોજનામાં ભાગીદાર નથી એટલે અમે પાકિસ્તાનમાં આશ્રય લેવા આવીએ નહીં; પણ તેઓ તેમ કહેતા નથી. આમ છતાં તેઓ નિર્દોષ હોય તો, તે સાબિત કરવાનો બોજ તેમના ઉપર છે, જે તેમણે કોર્ટમાં કયાંય discharge કર્યો હોય એમ જણાતું નથી. યાકુબ મેમણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કક્ષાનો માણસ છે, તે કોઈ અભણ માણસ છે નહીં, તેમ છતાં સમગ્ર પરિવાર ટાઈગર મેમણની સાથે રહે છે, ટાઈગર મેમણનું નેતૃત્વ સ્વીકારે છે, તેના ઈશારે કરાંચી જાય છે, ત્યાં તેમને નવી ઓળખ આપવામાં આવે છે, ૨૦ રૂમનો આલિશાન બંગલો આપવામાં આવે છે, નવો ધંધો શરૂ કરવા માટે પૈસા આપવામાં આવે છે. આ બધા પણ મહત્ત્વના ગુનાહિત સંજોગો છે; જે સાબિત કરે છે કે બધા ટાઈગર મેમણની યોજનામાં સામેલગીરી ધરાવતા હતા. જો તેનાથી વિપરીત હોય તો તેઓએ પોતે તે હકીકતો સિદ્ધ કરવાની હોય, જે તેમણે કરી લાગતી નથી. કોર્ટમાં જે થિયરી આરોપીઓ પક્ષે મુકાઈ જ ન હોય તે થિયરીના આધારે શ્રી રહેમાન મીડિયા ટ્રાયલ ચલાવે છે અને આપણે બધાને તેઓ એટલા ભોળા માને છે કે આ હાઈપોથિસીસ આપણે સ્વીકારી લઈશું. કરાંચીમાં ટાઈગરની ભેગા જ રહેનાર પરિવારજનો પોતાને આતંકવાદી અને ગદ્દારના લાગેલા બિરૂદના કારણે અજંપો અનુભવતા હતા તેનો પણ શો પુરાવો રજૂ કરવામાં આવ્યો? બસ, આરોપીઓએ જે કાંઈ કહ્યું તે શ્રી રહેમાને માની લીધું. તેનાથી વિશેષ, નિરપેક્ષતાની એરણ પર આ હકીકતો ચકાસવામાં આવી હોય તેવું કશું જણાતું નથી. બનાવ પછી યાકુબ મેમણ અને તેમના પરિવારજનોની વર્તણૂક એવી નથી કે જે તેમની નિર્દોષતા સિદ્ધ કરે.

એમ કહેવામાં આવે છે કે યાકુબ મેમણ મુંબઈના એના વકીલ પિતરાઈ ભાઈ સાથે મુંબઈ પાછા ફરવા માટેની કામગીરી કરવા માટે કરાંચીથી કાઠમંડુ ગયેલો. આપણે માની લઈએ કે એ ખરું છે, તો ય લેખ પરથી તો એવું જ ફલિત થાય છે કે તેમના આ વકીલભાઈએ શરણાગતિ સ્વીકારવા ના પાડી એટલે તેઓ ફરીથી કરાંચી જતા હતા. જો તેઓ નિર્દોષ હતા અને તેના કારણે છૂટી જવાની તેમનામાં ભોળી શ્રદ્ધા હતી તો વકીલભાઈની સૂચના વિરુદ્ધ તેઓ શા માટે ભારત આવવા તૈયાર થયા નહીં? લેખમાં તો સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ રીતે વકીલભાઈએ તેમને હાજર થવા સામે ચેતવણી આપી એટલે તેઓ ફરીથી કાઠમંડુથી કરાંચી જઈ રહ્યા હતા. મતલબ કે તેઓ શરણાગતિ સ્વીકારવા માંગતા નહોતા. આ રીતે પાછા ફરતી વખતે તેઓ સીક્યુરીટીના હાથે પકડાઈ ગયેલા તેવું લેખમાં જ લખેલું છે. આ સંજોગ સ્પષ્ટપણે બતાવે છે કે તેઓએ ભારતની શરણાગતિ સ્વીકારી જ નથી. શરણાગતિ વિષે તેઓ કદાચ વિચાર કરતા હોય તો પણ તે વિચારને તેઓએ અમલમાં મૂકયો નથી. રહી વાત શરણાગતિ વિષે વિચાર કરવાની. આવો વિચાર ફક્ત નિર્દોષ માણસ જ કરે એવું નથી હોતું. ઘણી વાર ખૂન કરનાર વ્યકિત પણ સામેથી પોલીસમાં હાજર થઈ જતી હોય. ભારતમાં મેમણ પરિવારનો તમામ ધંધો કારોબાર હોય અને તે માટે કે કોઈ સામાજિક કારણોસર ભારત પાછા ફરવાનું તેમને મુનાસીબ લાગે તો, તેઓ કાવતરામાં સામેલ હોય તો પણ આવી યોજના બનાવી શકે. એટલે ભારત પાછા ફરવાની યોજના બનાવી તેથી તે નિર્દોષ છે તેવા મંતવ્ય ઉપર આવી શકાતું નથી. જો કે આ બાબતો એ કોઈ પુરાવો પણ નથી. પુરાવો abscondence સંબંધમાં છે, જે નાસતા ભાગતા ફરતા હોવાનો મહત્ત્વનો ગુનાહિત સંજોગ છે; અને કાવતરામાં સામેલ હોવાનું સૂચવે છે.

યાકુબ મેમણ પકડાઈ ગયા ત્યારે તેમની પાસે મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસમાં પાકિસ્તાનની સંડોવણીના પુરાવા હતા અને તે સંબંધની ઓડિયો વિડિયો કેસેટ તથા દસ્તાવેજો હતા તેવું શ્રી રહેમાન કહે છે. યાકુબ મેમણ પાકિસ્તાનાની સંડોવણીના પુરાવા સાથે ભાગતા પકડાઈ ગયા હોય ત્યારે તેમની સાથે ભારતે ગુપ્ત સમજૂતી કરી છે એમ કહેવાશે? સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે આ સંજોગ ખૂબ જ ઈન્ક્રીમીનેટીંગ સ્વરૂપનો છે અને યાકુબ મેમણ પ્રથમથી જ કાવતરામાં સામેલ હતો અને તેથી પાકિસ્તાનની સંડોવણીના પુરાવા તેની પાસે હતા તેવા અનુમાન પર આપણને અને કોર્ટને લઈ જાય છે. જો તેમ ન હોય તો કયા સંજોગોમાં આ પુરાવા તેમની પાસે આવ્યા, તે સાબિત કરવાનો પુરાવાનો બોજ તેમના પર છે, જે તેમણે કોર્ટમાં ડિસ્ચાર્જ કર્યો હોય તેવું લાગતું નથી. તમામ સંજોગો જોતાં યાકુબ મેમણ સામે કાવતરાનો ભરપૂર પુરાવો જણાઈ આવે છે અને તેથી તેમને ગેરકાયદેસર રીતે સજા થઈ હોવાનું કહેવું સરાસર ગલત લેખાશે.

યાકુબ મેમણ સિવાયના પરિવારના અન્ય સભ્યોએ માની લીધું કે યાકુબે ભારત જઈને શરણાગતિ સ્વીકારી લીધી હશે એટલે તેઓ પણ શરણાગતિ સ્વીકારવા માંગતા હતા તેવી વાત પણ એવી ભોળી શ્રદ્ધાથી કરવામાં આવી છે કે આપણે માની લઈશું. ખરેખર આમ હતું તો કરાંચી છોડીને દુબઈ ગયા બાદ તેમણે તુરત ભારતનું પ્લેન પકડવું જોઈતું હતું અને શરણાગતિ સ્વીકારવી જોઈતી હતી, તેને બદલે સી.બી.આઈ.વાળા દુબઈ આવીને તેમને દિલ્હી લઈ ગયા. આ હકીકત સાબિત કરે છે કે આમાં કોઈ શરણાગતિની વાત નથી. સી.બી.આઈ.ને તેઓએ કોઈ તેડું મોકલાવ્યું હોય તેવું પણ કાંઈ જણાતું નથી. આ સંજોગોમાં શું યાકુબ મેમણના કેસમાં કે સજા પામેલા બીજા આરોપીઓના કેસમાં સ્પષ્ટ હકીકત એ છે કે તેઓ મુંબઈ બોમ્બ બ્લાસ્ટ વખતે મુંબઈ છોડીને દુબઈ જતા રહ્યા હતા, ત્યારપછી તેઓ બધા ભેગા રહ્યા હતા, ભેગા જ તેઓએ કરાંચી જઈ પાકિસ્તાનમાં આશ્રય લીધો હતો, યાકુબ મેમણ ત્યાંથી કાઠમંડુ ગયો હતો અને કાઠમંડુથી કરાંચી જતી વખતે પુરાવા સાથે પકડાઈ ગયો હતો અને બાકીના સભ્યો જેઓ નાસતા ભાગતા હતા તેઓ પણ સી.બી.આઈ.ના હાથે દુબઈથી પકડાઈ ગયા હતા. આવા સંજોગોમાં ભારતે કોઈ ગુપ્ત સમજૂતીનો ભંગ કર્યો હોય અને ટાડા હેઠળનો ખટલો ચલાવીને કોઈ ગેરવ્યવહાર કર્યો હોય અને સરકાર કોઈ ફરજ ચૂકી ગઈ હોય તેવું કોઈ રીતે સ્થાપિત થતું નથી.

ઈસા અને યુસુફ તથા રૂબીના સામે પણ લેખ પરથી આ ઉપરાંત મહત્ત્વના ગુનાહિત સંજોગો જણાઈ આવે છે. ઈસા અને યુસુફના કિસ્સામાં શારીરિક કે માનસિક બીમારીના કારણે તેમને ઓછી સજા કરવી જોઈતી હતી તેવી દલીલ શ્રી રહેમાને પેશ કરી છે, જે સાવ બાલિશ છે. ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૦૨ હેઠળ આજીવન કારાવાસથી ઓછી સજા કરવાની સત્તા જડજને છે જ નહિ. બંનેને આજીવન કારાવાસની સજા ફરમાવવામાં આવી છે.

આમ, સમગ્ર હકીકતો જોતાં એમ જણાય છે કે શ્રી મસિહા રહેમાને પોતાના લેખમાં જે હકીકતો રજૂ કરી છે તેનાથી પણ યાકુબ મેમણ કે મેમણ પરિવારના અન્ય સભ્યોને જે સજા થઈ છે તે ખોટી કે ગેરવાજબી રીતે થઈ હોવાનું ફલિત થતું નથી. ■

*(હૈદ્રાબાદથી લાહિરી શાહ તથા અમદાવાદથી પ્રશાંત ચાવડાના પણ આ જ વિષય પર, આ મતલબના પત્રો આવ્યા છે. એમના પત્રોના મુદ્દા આ પ્રતિભાવમાં લગભગ આવી ગયા હોવાથી, સ્થળ સંકોચને કારણે એ પત્રો અહીં આપ્યા નથી. -સં.)*

# સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર

Many thanks to Anilbhai for his response. At the outset, let me list out certain points in Anilbhai's argument with which I fully agree. Foremost among such points is assertion about individual liberty and freedom of choice; I cannot agree more on this point. Even without the constitutional limitations to knowledge, absolutely no one, no matter how knowledgeable s/he should be allowed to direct the actions of the assumedly or even decidedly ignorant ones. History is replete with instances of cruel, brutal and ruthless atrocities resulting from just such attempts. Notwithstanding the fact that our imperative for a society as well as special circumstances like war, terrorist attacks, etc., would necessitate curtailment of personal liberty, all transgressions in this area should be closely monitored and actively debated, and transgressions thereto should be vehemently defied, by the society on an ongoing basis.

I agree with his second point of our composite identity comprising of various intra-personal identities, including that of "economic man". It was never claimed that betterment of material conditions should be the only rational goal of any or every individual. Empirical evidence about goal of collective behaviour given in my last write-up, however, was meant to make a different point. In general, it did point out that people act, individually as well as collectively, for a given set of goals, wherein betterment of material condition was low on the hierarchy of the wish-list. Question that I intended putting before everyone was: would selfish self-interest directed towards the aim other than of material benefit adversely affect functioning of markets, and its efficiency? Frankly speaking, I have my doubts, which, together with basis for it, are presented before the readers in order to invite wider debate.

Let me try to more precisely position my arguments in view of voluntary disclosures made above. Anilbhai has observed that: "[Market] order provides a set of institutions in which man is induced by his aims and choices to act in such a way that contributes as much as possible to the needs of the others in the society". Anilbhai does, as Adam Smith did, talk about `market order providing a set of institutions', which induces or guides the individual free choice of economic agents to lead the individual to "employ his capital in the support of domestic industry, and to direct that industry that its produce maybe of the greatest value", which ultimately would lead to efficient outcomes for the society. I prefer to remain unconvinced that inbuilt market mechanism would always automatically and assuredly lead to development, irrespective of the choices made by the economic agents, under all sets of institutions shaping multifarious choices of economic agents. I would shortly give more reasons for such a preference.

One of the possible causes of the confusion could be the definition of the word 'institution'. Though the word continues to remain loosely defined, A. Lanyi *("Institutions, Incentives and Economic Reforms in India", Ed: S. Kahkonen and A. Lanyi, 2000)* has eloquently and comprehensively indicated its meaning: "Institutions in this sense are understood as the 'rules of the game' that govern economy and economic policy making. They include the fundamental, legal, political and social rules that establish the basis for production, exchange and distribution. The rules can be formally written and enforced by the government or unwritten and enforced by informal sanctions. Well-established property rights, enforceability of contracts; civil law and order, and honest and independent judiciary…"

In view of the aforesaid, what I am arguing could be

summarised as: (a) selfish aims of individuals are not necessarily directed towards attainment of material benefit, (b) even if the selfish aim is so directed, attainment thereof could be through other channels (corruption, coercion, larceny, etc.) if some set of other institutions guiding behaviour of the individuals are not in place in the society, (c) institutions exogenous to the market mechanism plays a vital and even deciding role in shaping and guiding personal choices – engagement in productive activity being just one of several choices available to the individuals, and (d) efficiency of the market cannot be natural outcome if the goals of the individuals in the society (economic agents) is other than that of material betterment, and presence of certain (undefined) set of institutions at certain level of functionality would be necessary to direct the aim of the people towards their own material betterment, as well as to make people engage in 'employment of capital and labour' for creating 'largest value'.

I am not saying here that State or society should actively direct or guide the aims of the individual to certain ends. I, however, do raise a question: whether individual as well as collective human choices get /end up being guided, goaded and directed by social practices, cultural influences, etc.? Shortly, do the choices in the societies evolve within the glass walls of the institutions? I am aware that Weberian hypothesis claiming Protestant ethics as contributory factor for progress has long since been discredited. However, my present argument is not limited to arguments made by Max Weber. I have not defined what sort of institutions should be present at what levels of functionality for success of market order; this should, if at all, remain a subject of future research.

My preference for the doubt is born out of various things: First, my question begs itself because several dichotomies emerge when we view empirical evidence vis-à-vis theoretical assertion, and which remain unexplained to any inquisitive mind. I had already mentioned some of such evidence in my last letter. Here are a few more: Despite sizeable growth in global GDP for more than at least a decade, the then Chief Economist of IMF lamented: "One of the areas that I find most frustrating is the complete lack of guidance in economics as to how to start a virtuous cycle of development in the poorest parts of the world". (*Raghuram Rajan in IMF Survey, December 2003*) If the issue of how to attain development was decided as is vehemently believed today, such remarks would not have occurred from such a place or person. Moreover, several qualifications have been made to Smithian assertion by theoreticians and practitioners alike. For example, "The market is not a disembodied autonomous mechanism which works independently of class relationship"(*"Rural Transformation in Asia", Ed. J. Breman & S. Mundle; 1992*) and, "[F]or economic policies to bring in desired results there must be the right institutional and political underpinnings to these policies. A country cannot achieve economic progress and efficiency simply by having the government not interfere in the economy. A thriving market economy does not emerge automatically. It requires institutions that most people in the economically developed countries take for granted".(*"Institutions, Incentives and Economic Reforms in India", Ed: S. Kahkonen and A. Lanyi)* Such learned views eloquently points to the infirmities of the present theoretical dictate, which is zealously being asserted with the fervour of faith (*"Al Qaeda and what it means to be Modern", John Gray, 2003)* equally by academicians, practitioners and general public, alike.

Second, it may be important to note that countries like Russia and Argentina as also various other countries, large and small, that followed or were made to follow (by multi-lateral institutions) establishment of market order rather zealously, have faced severe disruptions in their economic, social and political life. On the other hand, countries like S. Korea, Malaysia, Indonesia, Thailand, and China developed spectacularly with substantial and active State intervention, which is against the theory, as compared to other democratic countries like India. I am of the opinion

that all such evidence points to necessity of qualifying the theoretical assertion that establishment of market order would automatically lead to prosperity.

Third, my present position (more a doubt) that establishment of market order would result in growth only if certain (as yet undefined) attitudes and values were in place in the society, and the institutions that promoted such values would also need to be in place, would require to be verified against history. Most glorious success of capitalism occurred in 18th and 19th Century. By 18th Century, era of Enlightenment had already firmly established in Europe, and had replaced religious orthodoxy and feudal structure of medieval ages. Secularism, personal dignity and liberty, law and order, independent judiciary, etc. was already in place in the society, which not only facilitated enforcement of contracts and protection of personal property, but also prompted and promoted technological development. Class relations had changed across the society, personal God had replaced a tribal God, and homogeneous Civil Society had replaced community. Renaissance had already established Age of Reason and people at large had generally come to believe that they were sufficiently empowered by their own labour and their Reason to change their present and future conditions, including their material well-being. Common man had stopped drawing sustenance from dependence on altruism from the feudal lords or the State.

Fourth, it is being increasingly recognised that culture affects the developmental effort substantially. A symposium(*"Culture And Public Action", Ed. M. Walton and A. Rao, 2004)* of anthropologists and economists organised by World Bank came up with a resolve to further investigate following questions: "How relationality that is the core of cultural processes interacts with economic processes? How do human beings construct and mobilise identity and how does this affect inequality and mobility? How do they organise collectively in ways that use cultural constructs to bind people in groups? How does culture work to create conflict in some instances and multicultural debate and dialogues in others? How are preferences formed, and how do they react endogenously to material and social conditions? How are notions of well being and aspiration conditioned by cultural characterization?"

Finally, to repeat, Joseph Stiglitz ("*Globalisation and its Discontents", 2002*) has recognised development as function of transformation. Transformation, in my opinion, involves not only change of form, style and content, but essentially requires change of functionality; transformation is a process whereby a larva becomes a butterfly. In this sense transformation requires control and direction of potent forces unleashed by the process of change that would result in change functionality. In this context I am reminded of Arthur Koestler (*"The Sleepwalkers", Arthur Koestler,1959*) who, in a different context viewed progress as "controlled schizophrenia and collective obsession". It appears more than likely that process of economic transformation would require presence of a certain set of functional institutions in the society, if only to control schizophrenia and guide, goad and direct collective behaviour.

To sum up, right conditions existed in 18th Century Europe for market order to successfully produce prosperity; not all countries that successfully established market order could attain prosperity, on the contrary severe economic, social and political dislocation had resulted in some of such countries; mere glance at generalised events – anything from day-to-day affairs to quick look at history – show that humans are not striving for economic prosperity; various experts have recorded doubts about the developmental process, which necessarily implies that if there is but a single way to reach prosperity, we are not yet aware of it. In doing this I feel that I have given sufficient basis for my doubts. I request you to consider these aspects and reflect at length on the same. ■

***- Mukesh Adenwala, Ahmedabad***

# ન્યુક્લીયર કરારના બચાવમાં

*- ટી. એસ. ગોપી રેથીનારજ*

## દોષદર્શી - સિનિકલ રાજકારણે દેશ માટે ઉત્તમ એવા આ કરારની આડે ન આવવું જોઇએ.

ભારત-અમેરિકા પરમાણુ કરારને લગતા અનેક વિષયો પર જુલાઇ ૨૦૦૫થી દેશભરમાં તીવ્ર ચર્ચા-વિચારણા અને પ્રતિક્રિયાઓ ઊભી થઇ છે. એ બધાને કારણે ભારત સરકારને એની વાટાઘાટો દરમિયાન ઘણો ફાયદો થયો છે. પરંતુ હાલમાં જે રાજકીય ટૂંકી દૃષ્ટિ અને સાવ ઊંધી નિસ્બત ઊભરી રહી છે, એનાથી દેશને બહુ મોટો ઘાટો છે. આજે આપણી સામે 'ન્યુકલીયર અસ્પૃશ્યતા' (apartheid)નો અંત લાવવાની જે બહુ મોટી તક ઊભી થઇ છે એને આ વિરોધ રોકી રહ્યો છે. એક બાબત સમજી લેવા જેવી છે કે આંતરરાષ્ટ્રીય સંધિના સંદર્ભમાં ભારત એક માત્ર દેશ છે, જેને અપવાદરૂપ કન્સેશન આપવામાં આવ્યું છે, તેવું આજદિન સુધી કોઇને મળ્યું નથી. ભારતીય ઉદ્યોગના આગેવાન એવા રતન ટાટાએ તાજેતરમાં આપેલી મુલાકાતમાં જણાવ્યું છે કે ''ન્યુકલીયર સમજૂતી એ દેશમાં લાંબા અરસા બાદ બનેલી શ્રેષ્ઠ ઘટના છે, જે ન થાય એવું ઇચ્છનાર માત્ર પાકિસ્તાન અને ચીન જ હશે.'' તો પછી વિદેશનીતિની મહત્ત્વની સફળતા ગણાતા આ બનાવનો આટલો બધો વિરોધ શા માટે છે ?

આ કરાર સામેના વિરોધ અંગેનો ડાબેરી પક્ષોનો દંભ આંખે ઊડીને વળગે એવો છે. તેઓ લાંબા સમય સુધી ભારતના ન્યુકલીયર શસ્ત્ર કાર્યક્રમના વિરોધી રહ્યા હતા, જયારે હાલમાં તેમણે બોમ્બ લવર્સ અને આત્યંતિક રાષ્ટ્રીયતાવાદનું મહોરું પહેરી લીધું છે. ભારતના ડાબેરીઓએ હંમેશાં સોવિયેત અને ચાઇનીઝ બોમ્બને સામ્રાજ્યવાદ સામેના અત્યાવશ્યક હથિયાર તરીકે ટેકો કર્યો છે, જ્યારે ભારતીય બોમ્બને ક્ષેત્રીય શાંતિ સામેના મોટા જોખમ તરીકે તેઓ જોઈ રહ્યા છે.

ડાબેરીઓની ખરી ચિંતા ન્યુકલીયર કરાર અંગે હોય એમ જણાતું નથી પરંતુ અન્ય બાબતો-ખાસ કરીને ભારતના અમેરિકા સાથેના વધતા જતા સંબંધો અને યુદ્ધનીતિક સંધિ (strategic alliance) અંગે હોય એવું લાગી રહ્યું છે. ભારતનાં મોટાભાગનાં અખબારોએ ડાબેરીઓ સામે ચીનનાં રાષ્ટ્રીય હિતોને બઢાવો આપતા હોવાના આક્ષેપો કર્યા છે.

ભારતના ડાબેરીઓ આ પ્રશ્ન અંગે ખરેખર બેજિંગથી આદેશો મેળવે છે કે નહીં, એ સાબિત કરવું અઘરું છે, પરંતુ એ નક્કી છે કે એમણે અપનાવેલ વલણો ચીનનાં હિતોને જ સાચવી રહ્યાં છે. એટલું જ નહીં, જો આ કરારનો ભારતમાં જ અંત આવી જાય તો, જ્યારે આ બાબત ન્યુકલીયર સપ્લાય ગ્રુપ (NSG) સામે ચર્ચા પર આવે ત્યારે, એનો વિરોધ કરવાની લઘુમતીની ભૂમિકા ભજવવાની મોટી જફા ચીન માટે ટાઢે પાણીએ ટળી જાય. NSG કાર્ટેલના લગભગ તમામ મુખ્ય કર્તાહર્તાઓનો આ અભિક્રમને ટેકો છે, ત્યારે ઠેઠ જુલાઇ ૨૦૦૫થી ચીને એ અંગે મૌન સાધ્યું છે અને એણે પોતાના નિયંત્રિત મીડિયાનો ઉપયોગ પોતાના ભારત-વિરોધી વિચારો અને માનસિકતા છતી કરવા માટે જ કર્યો છે.

આમ, ડાબેરીઓ ભલે દાવો એ કરતા હોય કે તેમનો દૃષ્ટિકોણ સ્વતંત્ર મૂલ્યાંકન પર આધારિત છે, પરંતુ તેમણે પોતાની જાતને ચીનનાં હિતોનાં એજન્ટ તરીકેની જ બનાવી દીધી છે. વધુમાં, મીડલ ઇસ્ટ અંગેની અમેરિકાની નીતિઓ પરના મુસ્લિમ અસંતોષને સંકોરીને તો તેઓ ઇસ્લામિક રૂઢિચુસ્તો સુધી પહોંચી રહ્યા છે, જેનાથી ન્યુકલીયર કરાર પર કોમવાદી રંગ ચઢે છે.

અલબત્ત, ડાબેરીઓનો દૃષ્ટિકોણ અને વલણ એમના રાજકીય અને વૈચારિક રૂખ સાથે બંધબેસતાં છે, જ્યારે ભાજપનું આ કરાર સામેનું અભિયાન તો વિદેશનીતિ અંગેની એમની પોતાની જ સિદ્ધિઓ પર પાણી ફેરવી દે છે. ન્યુકલીયર કરારના મુદ્દે તકવાદી રાજકારણ રમીને તો ભાજપ માત્ર ડાબેરીઓના ઉદ્દેશને જ મદદ કરી રહ્યું છે, જેની એમણે ચૂંટણીના સંદર્ભમાં મોટી કિંમત ચૂકવવી પડશે. પોતાની ઓળખ માટે મથી રહેલા અને સંગઠનાત્મક તેમજ નેતાકીય કટોકટીમાંથી પસાર

થઇ રહેલ આ પક્ષ માટે તો ન્યુક્લીયર મુદ્દા પર યુપીએ સરકારને ટેકો કરવામાં જ શાણપણ હતું, જેનાથી એની ખરડાયેલી છાપને ફરીથી પ્રસ્થાપિત કરવામાં મોટી મદદ મળી હોત. આ કરારને કારણે ભારતના ન્યુક્લીયર પરીક્ષણ કરવા પર નિયંત્રણ આવશે એવી ભાજપની દલીલ અપ્રામાણિક અને બોદી લાગે છે, કારણ કે એ જ્યારે સત્તા પર હતો ત્યારે તો ભાજપે પરીક્ષણ પરની એકપક્ષીય સ્થગિતતા (moratorium) અને ફિસાઈલ (fissile) માલ પર કટૌતી કરવાની તૈયારી જાહેર કરી હતી !

બીજા લોકો આ કરારનો ખરી અને કેટલીક અનુચિત નિસબતને કારણે વિરોધ કરી રહ્યા છે. ભવિષ્યની અમેરિકન સરકારો તેમના પોતાના ઘરેલુ કાયદાઓ (હાઈડ એકટ સહિતના)નું કઇ રીતે અર્થઘટન કરશે અને લાગુ કરશે એ અંગે કેટલાક ન્યુક્લીયર વિજ્ઞાનીઓ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે ભારત જો ભવિષ્યમાં, દાખલા તરીકે ૨૦-૨૫ વર્ષમાં, ન્યુક્લીયર પરીક્ષણ કરે તો પણ એના ઈંધણના પુરવઠામાં કોઇ ખલેલ ના પડવી જોઇએ, એવી ઠોસ બાંહેધરી ભારતે મેળવવી જોઇએ. જો કે આટલા લાંબા ગાળાની સીમારેખા અપ્રસ્તુત છે, કારણ કે ભૌગોલિક - રાજકીય ક્ષેત્રે શું થવાનું છે એ ભાખવું ખૂબ અઘરું છે, અને તેથી જ આવી બાંહેધરીથી શો મતલબ સરે એ સવાલ રહે છે. હકીકતમાં, ભારતની વધતી જતી આર્થિક અને રાજકીય મહત્તા (clout) જ પરીક્ષણની અસરોને ઝેલવામાં મદદ કરે એની સંભાવના વધુ છે.

બીજી એક ટીકા એ થઇ રહી છે કે આ કરાર સંબંધી વાટાઘાટો વડા પ્રધાનની કચેરીના એક નાના જૂથ દ્વારા જ કરવામાં આવી હતી, અને સંસદ તેમજ લોકોને ઘણુંખરું અંધારામાં રાખવામાં આવ્યા હતા. આ સાચું છે, પરંતુ અહીં એ યાદ રાખવું જોઇએ કે નહેરુથી લઇને વાજપાઇ અને મનમોહનસિંહ સુધી ન્યુક્લીયર નીતિને લગતા તમામ નિર્ણયો હંમેશાં વડા પ્રધાનની કચેરીના નાના જૂથ દ્વારા ગુપ્ત રીતે જ કરવામાં આવ્યા છે. જ્યારે આ કિસ્સામાં તો કમ સે કમ સંસદ અને મીડિયામાં વ્યાપક ચર્ચા થઇ છે, જેમાં સરકારે પણ પોતાનો પક્ષ રજૂ કર્યો છે.

અમેરિકાથી વિપરીત, ભારતની સરકારને સંસદની મંજૂરી લીધા વગર વિદેશી સરકારો સાથે વાટાઘાટો કરીને કરાર કરવાનો અધિકાર છે. આ બંધારણીય પરિસ્થિતિ છે. અમેરિકામાં આ કરાર અંગે સરકારે જે રીતે ત્યાંની સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવની મંજૂરી મેળવવાની પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું, તે જોઇને આપણે ત્યાં પણ રાજકારણીઓ એ બાબતે જાગૃત થયા છે કે વિદેશનીતિને લગતી બાબતો અંગે સંસદની નિગરાની વગર આગળ વધવાની બહુ મોટી સત્તા સરકારને આપી દેવામાં આવી છે. પરંતુ, આ એક અલગ સવાલ છે. અને એનો ઉકેલ લાવવા માટે તો બંધારણમાં જ સુધારો કરવો પડે.

મુખ્ય સવાલ, અલબત્ત, જો ભારત અણુધડાકો કરે તો શું થશે તેનો છે. આ કરાર હોય કે ન હોય, જો ભારત એકપક્ષીય રીતે અણુધડાકો કરે તો ૧૯૭૪ અને ૧૯૯૮ની જેમ એનાં પરિણામો ભોગવવાની તૈયારી આપણે રાખવી પડે. આવો ધડાકો કરવો આપણા હિતમાં નહીં હોય, કારણ કે એને પરિણામે જે આર્થિક પ્રતિબંધો મૂકવામાં આવે તેની કિંમત ૧૯૯૮માં હતી એના કરતાં ઘણી વધારે હશે. ઘરઆંગણે પણ હવે વધુ ધડાકા કરવાની કોઇ માંગ કે જરૂરત નથી, કારણ કે ૧૯૯૮ના ધડાકા પછી ભારતની ન્યુક્લીયર ક્ષમતા વિશે હવે કોઇ શંકા રહી નથી. ઉદ્યોગપતિઓ પણ આવા ધડાકા વિશે ઉત્સાહિત નહીં હોય, કારણ કે તેઓ તેમનાં હિતોને વ્યાપક બનાવી રહ્યા છે અને ટેકનોલોજી સંબંધી પ્રતિબંધો દૂર થાય એવું ઇચ્છી રહ્યા છે. ડ્યુઅલ યુઝ ટેકનોલોજીના ઉપયોગ સામેના પ્રતિબંધો દૂર થાય અને ભારત-અમેરિકાના સંબંધો સુધરે એ બાબત ફક્ત ન્યુક્લીયર ક્ષેત્ર પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ અન્ય ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી ટેકનોલોજી મેળવવા માટે પણ જરૂરી છે. ભારતે પોતે જ હવે પછી અણુધડાકો નહીં કરે તે અંગે જે સ્થગિતતા (મોરેટોરીયમ) જાહેર કરી છે, તેને કમ સે કમ આવતાં દસ વરસ સુધી તો ઉવેખવી અઘરું છે, સિવાય કે પડોશી દેશોમાં કોઇ અસામાન્ય પરિસ્થિતિ પેદા થાય. આમ, ચીન કે પાકિસ્તાન ધડાકો ન કરે, છતાં ભારત અણુધડાકો કરે એવી સંભાવના નજીકના ભવિષ્યમાં તો દેખાતી નથી. આમ, આ સંજોગોમાં આ પ્રશ્નને કારણે આ કરારને રદબાતલ કરવાનું કોઇ કારણ નથી.

જો ચીન કે પાકિસ્તાન ધડાકો કરે એના પ્રત્યાઘાત રૂપે ભારત ધડાકો કરે ત્યારે તો સંજોગો ઘણા જુદા જ હશે. એ સંજોગોમાં અમેરિકાને ભારત સામે પગલાં લેવાનું ઘણું મુશ્કેલ બને. પરંતુ એવી બાંહેધરી અત્યારથી કરારમાં સ્વીકારાવવી શક્ય નથી. આમ છતાં, કયા સંજોગોમાં ધડાકો થયો છે એ ધ્યાનમાં લેવામાં આવશે એવી જોગવાઇ તો કરારમાં કરવામાં આવી જ છે.

(લેખક Lee Kuam Yew School of Public Policy, National University of Singaporeમાં આસિસ્ટન્ટ પ્રોફેસર છે. આ લેખ Pragati - The Indian National Interest Reviewના સપ્ટેમ્બર ૨૦૦૭ના અંકમાંથી સાભાર લેવામાં આવ્યો છે.) ■

# સેતુસમુદ્રમ્ પ્રોજેક્ટ જરૂરી છે ખરો ?

*- તૃપ્તિ પારેખ*

સેતુસમુદ્રમ્ પ્રોજેકટને લીધે હાલમાં મોટી રાજકીય ઊથલપાથલ મચી ગઈ છે. એ છે ભારત-શ્રીલંકાની વચ્ચે પાલ્ક સામુદ્રધુનિ (Palk Strait) ખાતે દરિયામાંની રેતી ઉલેચીને ઊંડી અને પહોળી કેનાલ કરવાનો પ્રોજેક્ટ. આમ તો આ પ્રોજેકટ પહેલ વહેલો વિચારાયેલો ૧૮૬૦માં. ત્યારથી લઈને ૧૪ જેટલી દરખાસ્તો પણ તૈયાર થયેલી. છેવટે દોઢ સદી બાદ યુપીએ સરકારે જુલાઈ ૨૦૦૫માં એનું બાંધકામ શરૂ કર્યું. આ બે વર્ષ દરમિયાન રાજકીય અને પર્યાવરણીય કારણોસર એના પર ચર્ચા ચાલતી હતી એવામાં જ, રામના અસ્તિત્વને જ નકારતી એફિડેવીટ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરીને કેન્દ્ર સરકારે મોટી સુનામી ઊભી કરી દીધી. જેની ટિપ્પણી કરવાની કોઈ જરૂર જ નહોતી એ કરીને એણે સાવ અનાવશ્યક અને ઊંધા રવાડે ચડાવતો નાહક વિવાદ ઊભો કરી દીધો. રાજકીય પક્ષોને, ખાસ કરીને પોતાના અસ્તિત્વ અને વિચારધારાની કટોકટીમાંથી પસાર થઈ રહેલા ભાજપને તો આ વખતે 'રામ જન્મભૂમિ' નહીં તો 'રામસેતુ'નું મોટું હથિયાર પ્લેટ પર આપી દીધું !

ખેર, અહીં એનાં રાજકીય તાણાંવાણાં ચર્ચવાનો ઈરાદો નથી. આ પ્રોજેક્ટ આર્થિક, પર્યાવરણીય અને સ્ટ્રેટેજિક સુરક્ષાના મુદ્દે ખરેખર દેશ માટે ઇચ્છનીય અને જરૂરી છે કે નહીં એની જ અહીં ચર્ચા કરવા ધારી છે.

## આર્થિક દૃષ્ટિએ :

કેન્દ્ર સરકાર અને તામિલનાડુની ડીએમકે સરકાર આ પ્રોજેક્ટની તરફેણ કરે છે. એમનું કહેવું છે કે આના લીધે આંતરરાષ્ટ્રીય તેમજ તટીય વ્યાપારને બઢાવો મળશે, ભારતીય નૌકાદળનું સામર્થ્ય વધશે અને વળી સુનામી સામે પણ રક્ષણ મળશે. પ્રોજેકટના વિરોધીઓ, જેમાં ખાસ કરીને શ્રીલંકાના લોકો, પર્યાવરણવાદીઓ અને અર્થશાસ્ત્રીઓનો સમાવેશ થાય છે, તેમનું માનવું છે કે એના લીધે ભારત અને શ્રીલંકાના માછીમારોની આજીવિકાને ભારે નુકસાન થશે, અને એ વિસ્તારની ઈકોલોજીને પણ હાનિ પહોંચશે.

સેતુસમુદ્રમ્‌ના આર્થિક અને વ્યાપારી ફાયદાની તરફેણની દલીલ એ છે કે આ કેનાલ થવાથી પૂર્વ-પશ્ચિમ જતાં વહાણોનો ૩૬ કલાકનો સમય અને ૫૭૦ સમુદ્રી માઈલનું અંતર બચશે, જેથી ઊર્જાનો પણ બચાવ થશે. પનામા અને સુએઝ કેનાલની જેમ જતાં-આવતાં વહાણો પાસેથી ફી વસૂલી શકાશે, જેથી પ્રોજેક્ટ અર્થક્ષમ બની શકશે. અને એનો સૌથી વધુ ફાયદો તામિલનાડુને થશે, જેનાં બંદરો પર હાલમાં પશ્ચિમથી આવતાં વહાણો જ પહોંચી શકે છે, પૂર્વનાં નહીં. આ પ્રોજેક્ટને લીધે ત્યાંનાં હયાત અને આયોજિત બંદરો ધમધમી ઊઠશે. આમ, એમને માટે દોઢસો વર્ષ જૂનું સ્વપ્ન સાકાર થવામાં છે. (એથી જ સ્તો કરુણાનિધિની આટલી ઉગ્ર પ્રતિક્રિયાઓ.)

હાલમાં 'ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વિકલી'માં પ્રકાશિત થયેલા લેખમાં જેકોબ જહોન, અલબત્ત, આ ફાયદાઓને અતિશયોક્તિભરેલા જણાવે છે. એમણે ગણતરી કરી છે કે આ કેનાલમાંથી પસાર થનાર ૭૦ ટકા જેટલો ટ્રાફિક યુરોપ અને આફ્રિકાનો હશે. યુરોપથી કલકત્તા જનાર વહાણોના ૮ કલાક અને ૨૧૫ સમુદ્રી માઈલ ઓછા થશે જે આમ પણ આટલી લાંબી સફર કરનાર માટે એટલા બધા વધારે ના કહેવાય. જ્યારે આફ્રિકાનાં વહાણોનો તો સમય ઊલટો ૩.૫ કલાક વધશે. એમણે સાંકડી કેનાલમાંથી ધીમે ધીમે પસાર થવું પડશે. એની સામે પ્રોજેક્ટ પ્રપોઝલમાં જણાવ્યા મુજબનું ટેરિફ જો એમણે ભરવાનું આવે તો પ્રતિ ફેરા (passage) સામે એમણે ૪૯૯૨ યુએસ ડોલર ગુમાવવાના થાય. એ કિસ્સામાં વહાણોને શ્રીલંકાનો ચકરાવો મારીને જવું વધુ સસ્તું પડશે. અને ટ્રાફિકને આકર્ષવા માટે જો સરકાર ટેરિફ જતું કરશે તો જહોનની ગણતરી પ્રમાણે પ્રોજેક્ટનો રેટ ઓફ રિટર્ન ૨.૫ ટકા જેટલો ઘટી જશે, જેને કારણે એ અર્થક્ષમ નહીં રહે. સ્વામીનાથન ઐયર આની ચર્ચા કરતા વધુમાં જણાવે છે કે મૂડીરોકાણમાં વધારો અને કાયમી રખરખાઉ ખર્ચ જ એટલો હશે, જે એને 'રેડ'માં ધકેલી દેશે. સ્વામીનાથનની બીજી મોટી બીક એ છે કે પ્રોજેક્ટથી પર્યાવરણને તો કદાચ એટલું નુકસાન ન પણ થાય, પરંતુ, પર્યાવરણ પ્રોજેક્ટને ચોક્કસ નુકસાન કરશે, કારણ કે સમુદ્રનાં મોજાંઓ કાયમ વધારાની રેતીને કેનાલમાં ઠાલવતાં જશે. પાલ્ક સામુદ્રધુનિ આટલી છીછરી છે એ આકસ્મિક નથી. મોજાંઓ દ્વારા નવી નવી ઠલવાતી જતી રેતીને (પ્રોજેક્ટ પ્રપોઝલ અનુસાર ૨૦ લાખ ક્યુબીક મીટર) ઉલેચવી પડશે, જે સુએઝ કે પનામા કેનાલમાંથી ઉલેચવામાં આવતી રેતી કરતાં ક્યાંય વધુ છે. અને સુનામી જેવા બનાવ સમયે તો કેનાલ સાવ બંધ જ પડી જાય !

વળી, હાલમાં આંતરરાષ્ટ્રીય વહાણવટું વિશાળ વહાણો તરફ વળી રહ્યું છે. આજે જથ્થાબંધ માલની હેરાફેરી કરનાર વહાણો ૨૦૦,૦૦૦ DWT (વજનનું માપ) વાળા હોય છે, જ્યારે સેતુસમુદ્રમ્ માંડ ૨૦,૦૦૦ DWT નાં નાનાં વહાણોને જ પસાર કરી શકે એમ છે. તેથી મોટાભાગનાં વહાણો માટે આ કેનાલ કામની નહીં રહે.

એટલે સેતુસમુદ્રમ્ પ્રોજેક્ટ એક બીજો સરકારી ધોળો હાથી બનીને રહી જાય તો નવાઇ નહીં. હકીકતમાં, આવા અર્થક્ષમ પુરવાર ન થઇ શકે એવા પ્રોજેક્ટ પાછળ જાહેર નાણાંનું આંધણ કરવાને બદલે યાતાયાતના અન્ય ઉપાયો-સાધનો, ખાસ કરીને સારા રસ્તા અને ભરોસાપાત્ર રેલ્વે શોધાય એ જરૂરી છે.

### સ્ટ્રેટેજિક સુરક્ષા :

'પ્રગતિ'ના તંત્રી નીતિન પાઈ આ અંગે ચર્ચા કરતાં જણાવે છે કે સ્ટ્રેટેજિક સુરક્ષાની દૃષ્ટિએ પણ આ પ્રોજેક્ટ ઉપયોગી પુરવાર થાય એમ નથી. ભારતીય નૌકાસૈન્યને દેખીતી રીતે આ પ્રોજેક્ટ ઉપયોગી લાગે છે, કારણ કે એના દ્વારા એ પૂર્વ અને પશ્ચિમી સમુદ્રતટમાં પોતાનાં સાધનોનું સહેલાઇથી વહન કરી શકે. પરંતુ, ખાટલે મોટી ખોડ એ છે કે કેનાલ લિબરેશન ઓફ તમિલ ટાઇગર (LTTE) દ્વારા નિયંત્રિત વિસ્તારને અડીને આવેલી છે. એટલે, આપણું નૌકાસૈન્ય કેનાલનું રક્ષણ કરવા માટે સમર્થ ભલે હોય, પરંતુ આતંકવાદનું જોખમ બહુ મોટું છે. નિવૃત્ત કર્નલ આર. હરિહરન જેવા વિશ્લેષકોના મતે તો કેનાલથી ભારતને સ્ટ્રેટેજિક સુરક્ષામાં કોઇ ખાસ વધારો નહીં થાય. રણનીતિની દૃષ્ટિએ એનો વધુ લાભ સેતુસમુદ્રમ્ વિસ્તારમાં વર્ચસ્વ ધરાવનાર LTTEને વધુ થશે. એટલે સરવાળે, નિવૃત્ત કમાંડર જી. વી. કે. ઉન્નીયાને નોંધ્યું છે એમ, ''યુદ્ધ સમયે તો ખાસ કોઇ પણ અક્કલમંદ કમાંડર પોતાનું નૌકાસૈન્ય આ સાંકડી, છીછરી અને લાંબી કેનાલમાંથી પસાર કરવાનું જોખમ નહીં લે.'' આમ, હકીકતમાં સ્ટ્રેટેજિક સુરક્ષા માટે પણ આ પ્રોજેક્ટ ઉપયોગી બની શકે એમ નથી.

ટૂંકમાં, તટીય તામિલનાડુનો આર્થિક વિકાસ કરવો હોય તો પણ અન્ય વિકલ્પો વિચારવા પડે. ઘરેલુ વ્યાપાર તો હાઇવે અને રેલ્વે સુધારવાથી વધારી શકાય. સુરક્ષા પ્રબંધ માટે તટીય ગાર્ડ અને નૌકાદળ માટે વધુ સારાં અને કાર્યક્ષમ સાધનો ખરીદવા પાછળ ખર્ચ કરી શકાય. આ પ્રોજેક્ટથી થઇ શકનારા પર્યાવરણીય નુકસાનને નિવારી શકાય.

રામસેતુ ખરેખર હતો કે નહીં, એ કુદરતી છે કે માનવસર્જિત, એને ખોદી કાઢવો જોઇએ કે નહીં, વગેરે સવાલોમાં જવાને બદલે આવો બીજો મહાકાય પબ્લિક સેક્ટર પ્રોજેક્ટ ખરેખર આપણા દેશ માટે જરૂરી અને ઇચ્છનીય છે કે નહીં, એ દૃષ્ટિએ જ સેતુસમુદ્રમ્ અંગે ફેરવિચારણા કરવી ઘટે.

(આ લખાણ તૈયાર કરવામાં સ્વામીનાથન ઐયર (ટાઇમ્સ ઓફ ઇન્ડિયા, તા. ૨૭-૯-૦૭) ના લેખનો તેમજ 'પ્રગતિ - ધ ઇન્ડિયન નેશનલ ઇન્ટરેસ્ટ રીવ્યુ'ના તંત્રી નીતિન પાઇના લેખ (ઓક્ટોબર ૦૭) નો આધાર લીધો છે, જેની સાભાર નોંધ લઉં છું.) ■

## એએસઆઈની વખોડવાપાત્ર ભૂમિકા

*- જયક્રિશ્નન નાયર*

થોડાં અડવાડિયાં પહેલાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ સામે એક સોગંદનામું કર્યું કે રામ અથવા રામાયણનાં અન્ય પાત્રોના અસ્તિત્વ પુરવાર કરતા કોઇ જ ઐતિહાસિક પુરાવા નથી. આ સોગંદનામું કેન્દ્રના સાંસ્કૃતિક મંત્રાલય હસ્તકના આર્કીયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (એએસઆઇ) એ કરેલું, જેનું કામ જ પુરાતત્ત્વીય સંશોધનો કરવાનું અને દેશનો સાંસ્કૃતિક વારસો જાળવવાનું છે. આ એફિડેવીટે દેશભરમાં મોટો ઊહાપોહ મચાવી દીધો અને રાજકીય કટોકટી ઊભી કરી દીધી. કેન્દ્રની યુપીએ સરકારે પરિસ્થિતિ વણસતી અટકાવવા માટે એફિડેવીટ તત્કાળ પાછું ખેંચી લીધું અને એએસઆઇના બે અધિકારીઓને સસ્પેન્ડ કર્યા. એએસઆઇ આથી ટીકાને પાત્ર છે, અલબત્ત સાંસ્કૃતિક મંત્રી સામે ઢાલ પૂરી પાડવા બદલ નહીં, પરંતુ રામની ઐતિહાસિકતા અંગે કોઇ કારણ વગર આવી નૂકતેચીની કરવા બદલ.

પહેલી સદીના ઇતિહાસકારોએ ઇસુ ખ્રિસ્ત અંગે કાંઇ લખ્યું ન હોવાથી આજના અભ્યાસુઓએ હીબ્રુ અને ક્રિશ્ચીયન શાસ્ત્રો પર જ આધાર રાખવો પડે છે, જે ચમત્કારોની વાતોથી ભરેલાં છે. ચમત્કારોને આપણે નજરઅંદાજ કરીએ, તો પણ જુદાં જુદાં શાસ્ત્રો- ગોસ્પેલ ઓફ મેથ્યુ, ગોસ્પેલ્સ ઓફ લ્યુક અને માર્ક તેમજ ગોસ્પેલ ઓફ જહોન - આ તમામ

ઈસુ ખ્રિસ્તના જીવનના અગત્યના પહેલુઓ વિશે અસંમત છે. ઈસુ ખ્રિસ્તના નાટ્યાત્મક સ્વર્ગારોહણની વાત માર્ક, મેથ્યુ કે જહોન દ્વારા નોંધવામાં નથી આવી, પણ માત્ર લ્યુકે કરેલી છે. અને મજાની વાત એ છે કે લ્યુકના જ બીજા પુસ્તક (Acts of Apostles)માં ઈસુ ખ્રિસ્તના સ્વર્ગારોહણની તારીખ જુદી આપવામાં આવી છે.

આટલા બધા ગૂંચવાડા હોવા છતાં ઈતિહાસકારો ઈસુ ખ્રિસ્તની વાર્તાને કાલ્પનિક (Mythical) કહી દેવાને બદલે ગોસ્પેલ્સમાં નોંધવામાં આવેલી જગ્યાઓ શોધે છે, બીજા સાહિત્યમાં શું લખ્યું છે એને ચકાસે છે, પુરાતત્ત્વીય અભ્યાસો કરે છે અને ઐતિહાસિક ઈસુ ખ્રિસ્તના જીવનને કલ્પનિક રીતે ફરીથી ઊભું કરે છે. પશ્ચિમની યુનિવર્સિટીઓમાં ધાર્મિક અભ્યાસ કરવા માટેના અલગ વિભાગો છે, જેમાં ધાર્મિક શાસ્ત્રોના ઐતિહાસિક વિષયવસ્તુનું વિશ્લેષણ કરવામાં આવે છે. અને ધાર્મિક પાત્રોની ઐતિહાસિકતા સિદ્ધ કરવામાં આવે છે.

સામાન્ય રીતે મહાકાવ્યોમાં બીજરૂપ કોઈ કથા હોય છે, જેમાં પાછળના લેખકો ઘણી અતિશયોક્તિઓ, કાવ્યાત્મક કલ્પનો લાવે છે અને ઉમેરણ (પ્રક્ષિપ્ત) કરે છે. મહાભારતની શરૂઆત વ્યાસે લખેલા ૮૮૦૦ શ્લોકોથી જયા નામથી થઈ. જ્યારે વૈશંપાયને એને ગાયા, ત્યારે એના ૨૪૦૦૦ શ્લોક થઈ ગયા, અને લોમહર્ષના પુત્ર ઉગ્રસ્રવાસે જ્યારે એ ગાયા ત્યારે એના ૧૦૦,૦૦૦ શ્લોક થઈ ગયા. એ જ પ્રકારે, રામાયણની કથા પણ સમય જતાં વધતી ગઈ. દા.ત. થેરાવડા બુદ્ધિસ્ટોની જાતકકથાઓમાં જે રામાયણ છે, તેમાં સીતાહરણની કોઈ વાત નથી, જે કદાચ સૂચવે છે કે રાવણની વાર્તા પાછળથી ઉમેરવામાં આવી હશે.

સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર થોમસ શીહાન ઐતિહાસિક જીસસ પરના પોતાના અભ્યાસક્રમનો પરિચય આપતાં લેક્ચરમાં કહે છે કે ધાર્મિક લખાણોમાં ઈતિહાસનો અભ્યાસ કરનાર વ્યક્તિએ પ્રતીકવાદમાંથી બહાર નીકળીને જેનો અભ્યાસ કરી રહી હોય તે બનાવોની મર્યાદાઓ સમજવા માટે બનાવોની આલોચના કરવાનું પણ શીખવું પડે. એમનું એ કહેવું છે કે ધાર્મિક ગ્રંથો લાંબા અરસામાં ધીમેધીમે વિકસ્યા હોવાથી એના લખાણનું વિશ્લેષણ કરીને એના બીજરૂપ હોય એવા ઐતિહાસિક બનાવોને જુદા પાડવા શક્ય છે. રામાયણ પર આવું કોઈ જ કામ થયું નથી. તેમ છતાં એએસઆઈ એ નિષ્કર્ષ પર પહોંચી ગયું કે રામના અસ્તિત્વ અંગેના કોઈ જ પુરાવા નથી!

હકીકતમાં, એ પણ સ્પષ્ટ નથી થતું કે એએસઆઈએ રામના ઐતિહાસિકપણા અંગે ઈતિહાસકારોએ જે લખ્યું છે તે પણ વાંચ્યું છે કે નહીં. એ. એલ. બશામે લખ્યું છે કે રામ કદાચ ઈસ્વીસન પૂર્વે ૭મી કે ૮મી સદીમાં થઈ ગયેલ કોઈ ચીફટન હતા, એ કોઈ દૈવી પુરુષ નહોતા. એ લખે છે કે રામ અને દશરથ નગણ્ય ચીફટન (નાના રાજા) માત્ર હતા, જેમને પુરાણોએ અવગણેલા, પરંતુ ભાટ ચારણોએ એમને યાદ રાખ્યા હતા, અને વધારી સજાવીને મોટા કદના બનાવ્યા હતા. રામના સસરા - વિદેહના જનકનો ઉલ્લેખ સાહિત્યમાં ઘણી જગ્યાએ જોવા મળે છે, અને બશામના કહેવા મુજબ જનક ખરેખર ઐતિહાસિક વ્યક્તિ હતી. રોમીલા થાપર પોતાના 'Early India' નામના પુસ્તકમાં લખે છે કે રામાયણ એટલે એ સમયના ગંગાના સપાટ વિસ્તારોમાં વિસ્તરતાં જતાં રાજ્યો અને વિન્ધ્યપ્રદેશના સમાજો વચ્ચે થતાં ઘર્ષણોની અતિશયોક્તિભરેલી કથા હતી.

અંધ આયોનિયન કવિ હોમરે જે મહાકાવ્ય લખ્યું હોવાનું ગણાય છે એ ''ઈલિયેડ''માં ટ્રોયનું યુદ્ધ એક મહત્ત્વનો બનાવ છે. એને પૌરાણિક કલ્પના ગણવામાં આવતી હતી, પણ જર્મન પુરાતત્ત્વવિદે તુર્કીમાં જેને એ ટ્રોય માનતો હતો એ સ્થળનું ખોદકામ કરાવ્યું, ત્યાર પછી છેલ્લાં ૧૬ વર્ષમાં ૨૦થી વધુ દેશોના ૩૫૦થી પણ વધુ વિજ્ઞાનીઓ, સ્કોલરો અને ટેકનિશીયનોએ આ ખોદકામમાં ભાગ લીધો છે. આ ખોદકામો બાદ પુરાતત્ત્વવિદોએ માનવું પડયું છે કે આ નગર ખૂબ મોટું અને મહત્ત્વનું હતું અને એ વારંવાર હુમલાઓનો ભોગ બન્યું હતું.

જેની આગેવાની હેઠળ ૧૬ વર્ષ સુધી આ ખોદકામ ચાલ્યું, એ જર્મન પુરાતત્ત્વવિદ મેનફ્રેડ કોર્ફમેને અત્યાર સુધીના ખોદકામના તારણ રૂપે 'ધ આર્કીયોલોજી મેગેઝીન'માં જણાવ્યું કે બ્રોન્ઝ યુગના છેલ્લા ચરણમાં ટ્રોયમાં અને એની આસપાસના વિસ્તારોમાં ઘણાં યુદ્ધો થયાં હતાં. અલબત્ત, આપણે એ નથી જાણતા કે ટ્રોજનું યુદ્ધ આમાંનું જ એક અગત્યનું યુદ્ધ હતું કે નહીં. પણ એ બાબત અંગે એને ખાતરી છે કે હોમરને ગંભીરતાપૂર્વક લેવો પડે અને એની કથા ઐતિહાસિક બનાવો પર આધારિત છે.

બાઈબલને લગતા જે પુરાતત્ત્વીય ખોદકામો થયાં છે, એનાં એવાં કેટલાંય બાંધકામો, pool of siloam, સેકન્ડ ટેમ્પલ, જેરીકોઝ વોલ્સ અને કેટલીય કળાકૃતિઓ શોધાઈ છે. જો જીસસની વાર્તાને માત્ર કલ્પના કહીને બાજુ પર મૂકી દેવાઈ હોત, તો આમાંનું કશું બહાર આવ્યું ન હોત.

એવું નથી કે એએસઆઈએ આવા પ્રકારની રિસર્ચ કરી જ નથી. થોડાં વરસ પહેલાં, ત્યારના સાંસ્કૃતિક મંત્રી જગમોહને ઘગ્ગર-હાકરા નદીના માર્ગ પર પુરાતત્ત્વીય અભ્યાસ શરૂ કરાવેલા. એવું મનાય છે કે

આ નદી જ વેદોમાં વર્ણવાયેલી સરસ્વતી નદી છે. હરિયાણામાં આદિ બદ્રી ખાતે કરવામાં આવેલાં ખોદકામોએ સને ૩૦૦ની સાલના કુશાન સ્થળ પર પ્રકાશ પાડ્યો છે, અને કચ્છના ધોલાવીરામાં થયેલાં ખોદકામોમાં દુનિયાના સૌથી જૂના સ્ટેડિયમ અને સાઈનબોર્ડ બહાર આવ્યાં છે. યુપીએ સરકારના સત્તા પર આવ્યા બાદ આ પ્રોજેક્ટ પર રોક લગાવવામાં આવી હતી. જોકે તાજેતરની જાણકારી મુજબ એ પ્રોજેક્ટ જુદા નામ સાથે ફરી પાછો શરૂ કરવાની વાત ચાલી રહી છે. એએસઆઈ હાલના દ્વારકા અને બેટ દ્વારકા ટાપુ જે કૃષ્ણ સાથે જોડાયેલા છે, તેની નજીક સમુદ્રમાં ખોદકામો કરાવી રહ્યું છે. આ ખોદકામોમાં સમુદ્ર નીચે જે ડેબરી મળી આવી છે તે ઈસ્વીસન પૂર્વે ૨૨૮૦ સમયનાં નગરનાં ખંડેરો હોય એવું બહાર આવ્યું છે.

મહાભારતમાં વર્ણવવામાં આવેલા હસ્તિનાપુર અને કુરુક્ષેત્રમાં પણ એએસઆઈએ ખોદકામ હાથ ધર્યાં છે. પરંતુ, રામાયણ સાથે સંબંધિત હોય એવી બહુ ઓછી પુરાતત્ત્વીય જાણકારી બહાર આવી છે. છતાં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓસનોગ્રાફીના ભૂતપૂર્વ ડાયરેક્ટર એસ.આર.રાય, જે દ્વારકા પાસેના સમુદ્ર નીચેના ખોદકામ સાથે સંકળાયેલા હતા, તેમનું માનવું છે કે હમ્પી (જેને તેઓ રામાયણનું કિષ્કિંધા માને છે)ની પુરાતત્ત્વીય શોધોના આધારે રામાયણનો સમય કમ સે કમ ઈસ્વીસન પૂર્વે ૩૦૦૦ કે તેથી પણ પહેલાંનો હોઈ શકે.

સીધા સાદા ઈતિહાસની તુલનામાં પૌરાણિક કે પ્રાગૈતિહાસિક અભ્યાસ સહેલો નથી. અલબત્ત, એનો અર્થ એ નથી કે આવી ઐતિહાસિક જાણકારી મેળવી ન જ શકાય. અહીં તોં, રામાયણના કોઈ જ ઐતિહાસિક, પુરાતત્ત્વીય અને ફિલસૂફી આધારિત અભ્યાસ વગર એએસઆઈએ તારણ કાઢ્યું કે રામ ઐતિહાસિક પાત્ર નથી ! વૈજ્ઞાનિક હોવાનો દાવો કરતી આ સંસ્થા ડેટા ચકાસવામાં, અભ્યાસ કરીને હકીકત બહાર લાવવામાં અને નિષ્કર્ષ પર પહોંચવામાં ઊણી ઊતરી છે. અને આ મર્યાદા પર એમની સાવ અણઆવડતવાળા ધબડકાથી વળ ચઢે છે, કારણ કે સેતુસમુદ્રમ્ પ્રોજેક્ટ અંગે તેઓ પોતાની ભૂમિકા રજૂ કરી જ શક્યા હોત, જેમાં ધાર્મિક બાબતો પર પોતાનો ચુકાદો આપવાની કોઈ જ જરૂર નહોતી.

(લેખક varnam. org/blog માં ઈતિહાસ, પુરાતત્ત્વ અને સાંપ્રત બનાવો પર લખે છે. આ લેખ 'પ્રગતિ ધ ઈન્ડિયન નેશનલ ઈન્ટરેસ્ટ રીવ્યુ' ઓક્ટોબર ૦૭માંથી સાભાર લીધો છે.) ■

## ગાંધીજીના રામ

***- લલિત મોહન***

સોનિયા ગાંધી રામમાં ન માનતાં હોય, તો પોતાની અટક ત્યજી દેવી જોઈએ, એવી સલાહ આપનાર ભાજપપ્રમુખ રાજનાથ સિંઘે એ જણાવવું જોઈએ કે એ પોતે રામ અંગેના ગાંધીજીના દર્શનમાં માને છે ખરા ?

ગાંધીજીના સચિવ, પ્યારેલાલે પોતાના પુસ્તક 'The Last Phase'માં લખ્યું છે : ''ગાંધીજી રૂઢિચુસ્ત અર્થના 'અવતાર'માં નહોતા માનતા. પ્રભુ સર્વવ્યાપી હોવાથી એ દરેક વ્યક્તિની અંદર વસે છે, અને તેથી બધા જ ભગવાનના અવતાર-સ્વરૂપ હોવાનું કહી શકાય. રામ - કૃષ્ણ ભગવાનના અવતાર કહેવાયા છે તે માણસે એમનામાં જે સદ્‌ગુણો આરોપ્યા છે તેના કારણે''. મહાત્માએ 'હરિજન'માં બહુ સ્પષ્ટ રીતે લખેલું કે ભગવાન ''સાચું કહીએ તો માણસની કલ્પનાનું સર્જન'' છે. મહાત્મા કહે છે : ''હું ભગવાનને માણસ તરીકે નથી જોતો. મારા માટે સત્ય એ જ ઈશ્વર છે.'' અને એ તુલસીદાસના રામાયણમાં શંકરે પાર્વતીને જે જવાબ આપેલો તે ટાંકે છે : ''બ્રહ્માથી માંડીને તમામ દેવતાઓ, મુનિઓ અને ઋષિઓ પોતાની ભક્તિમાં જેનું ધ્યાન કરે છે તે રામ, ઈતિહાસમાં જેમને અયોધ્યાના રાજા દશરથના પુત્ર રામ તરીકે વર્ણવાયા છે, તે નથી.''

રામની જન્મભૂમિ ગણવામાં આવે છે ત્યાં મંદિર બાંધવા માટે, અને તે પણ મસ્જિદ તોડીને, આંદોલન કરવાનું ગાંધીજીએ કદાપિ સ્વીકાર્યું ન હોત, અથવા સેતુસમુદ્રમ્ સાથે કોઈ આધ્યાત્મિક મહત્ત્વ જોડ્યું હોત. અને, ગુજરાતનાં કોમી તોફાનો વખતે બીજા લોકોના પાપના પ્રાયશ્ચિત્ત માટે એ ચોક્કસ આમરણ ઉપવાસ પર ઊતર્યા હોત.

ભાજપ પ્રમુખ કહે છે કે 'રઘુપતિ રાઘવ રાજા રામ' એ શબ્દો ગાંધીજીના આધ્યાત્મિક વિચારોને વાચા આપે છે. તેઓ કદાચ એ ભૂલી ગયા છે કે એ જ ધૂનની બીજી લીટી છે :''ઈશ્વર અલ્લાહ તેરો નામ''. પ્યારેલાલ કહે છે કે આ લીટી રામધૂનમાં ગાંધીજીએ જોડેલી. ગાંધીજીની સાથે નૌઆખલીના કોમી હુલ્લડગ્રસ્ત વિસ્તારોમાં ફરતી વખતે મનુએ પોતાના વતન પોરબંદરના એક વૈશણવ મંદિરમાં સાંભળેલી ધૂનને ગાઈ, ત્યારે બાપુને જૂના દિવસો યાદ આવી ગયા હતા, જ્યારે ''રૂઢિચુસ્ત બ્રાહ્મણ પૂજારીના હોઠ પર પણ અલ્લાહનું નામ સ્વાભાવિક રીતે આવી જતું હતું.''

આ હતું મહાત્માનું દર્શન ! એ એટલું તો ઉમદા હતું, જેનો ખરો અર્થ પકડવો પણ રાજનાથ સિંઘ જેવા લોકો માટે મુશ્કેલ છે. ■

*(ઈન્ડિયન એક્સપ્રેસ ૮/૧૦/૦૭માંથી સાભાર.)*

# બર્મા : લોકતંત્ર તરફની કેસરિયા કૂચ

*- વૃપ્તિ પારેખ*

આમ તો બર્મા આપણી સાથે સદીઓથી જોડાયેલું છે. રાજા અશોકે બર્મા, ઈન્ડોનેશિયા વગેરે દક્ષિણ-પૂર્વી દેશોમાં બૌદ્ધ ધર્મનો બહુ મોટો પ્રચાર અને ફેલાવો કરેલો. બર્મા પણ આપણી જેમ અંગ્રેજ હકુમત હેઠળ હતું. આજે પણ આપણને ૪૦ના દાયકાના ફિલ્મી ગીત 'મેરે પિયા ગયે રંગૂન...'ની યાદ આવી જાય છે. પરંતુ, આજે એક બહુ મોટો તફાવત ભારત અને બર્મા વચ્ચે છે. ભારત દુનિયાનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ છે, જ્યારે બર્મામાં છેલ્લા બે દાયકાથી મીલીટરી જુન્ટાની સરમુખત્યારશાહી છે. આજે જ્યારે બૌદ્ધ સાધુઓ અને બર્માવાસીઓ મીલીટરી સરમુખત્યારશાહીની સામે થઇ ગયા છે, ત્યારે લોકોની પડખે રહેવાની અને ત્યાંનાં લોકતાંત્રિક પરિબળોને ટેકો કરવાની આપણી બહુ મોટી ફરજ થઇ પડે છે.

## બર્મામાં આઝાદી પછીની પાબંદી

૧૯૪૮માં આઝાદી મેળવ્યાનાં ૪૦ જ વર્ષમાં બર્માની આઝાદી પાછી ખતમ થઇ ગઇ. ૧૯૮૮માં મીલીટરી જુન્ટાએ માર્શલ લો જાહેર કર્યો અને દેશ લોખંડી બેડીઓ નીચે આવી ગયો. બર્મા, મ્યાનમાર બની ગયું અને રંગૂન, યાંગોંન. દુનિયાના સૌથી વધુ શાંતિપ્રિય બૌદ્ધ દેશના દરવાજા દુનિયા માટે બંધ થઇ ગયા. મીલીટરી રાજ સામે લોકોએ જાહેર આંદોલનો કર્યાં. આ દેશવ્યાપી બળવાને કારણે જુન્ટાએ ૧૯૯૦માં ચૂંટણી જાહેર કરવી પડી. જનરલ ઓંગ સાન, જેમણે દેશને અંગ્રેજોથી મુક્ત કરાવવામાં અગુઆઇ કરી હતી, એમની દીકરી ઑંગ સાન સૂ ક્યીની આગેવાની હેઠળના વિરોધ પક્ષે ચૂંટણીમાં ૮૦ ટકા મત મેળવ્યા. પણ સત્તાનાં સૂત્રો ઑંગ સૂ ક્યીના હાથમાં સોંપવાને બદલે જુન્ટાએ એને નજરકેદ કરી. દુનિયાએ ઑંગ સૂ ક્યીને શાંતિના નોબલ પુરસ્કારથી નવાજિત કરી, ભારતે પણ ૧૯૯૩માં એને જવાહરલાલ નહેરુ એવોર્ડ ફોર ઈન્ટરનેશનલ અન્ડરસ્ટેન્ડિંગ આપીને બહુમાન કર્યું. પરંતુ એ પોતાના જ દેશમાં આજે છેલ્લાં ૧૭ વર્ષથી નજરકેદ છે.

## લોકતાંત્રિક પ્રક્રિયાની શરૂઆત

૧૭મી સપ્ટેમ્બરે હજારોની સંખ્યામાં કેસરી વસ્ત્રો પહેરેલા બૌદ્ધ સાધુઓ રંગૂનની સડકો પર ઊતરી આવ્યા. અને ઉઘાડા પગે ચાલવાનું શરૂ કર્યું. હજારો લોકો એ શાંતિકૂચમાં જોડાયા. જુન્ટા સરકારે એનર્જીની આયાત પરની સબસિડી હટાવવાની જાહેરાત કરી ત્યારે સામાન્ય રીતે જેઓ શાંતિપ્રિય હોય છે તેવા બૌદ્ધ સાધુઓએ મૂળે લોકોના જીવનની કારમી પરિસ્થિતિને વાચા આપવા આવું આત્યંતિક પગલું ભર્યું. શરૂઆતના મૌન પછી જુન્ટા રાજ્ય આ શાંત બળવા પર તૂટી પડ્યું, સાધુઓ સહિત લગભગ બસ્સોથી પણ વધુ લોકોએ જાન ગુમાવ્યા. એ બંધ રાષ્ટ્રમાંથી સામાન્ય રીતે કોઇ માહિતી પણ બહાર નથી આવી શકતી. પરંતુ ઈન્ટરનેટ પર બહારની દુનિયાને પહોંચેલા અહેવાલો અને ચિત્રોએ દુનિયાભરમાં નાગરિક-સ્વાતંત્ર્ય તથા વ્યક્તિ-સ્વાતંત્ર્ય પરના આ કુઠારાઘાત સામે આક્રોશ જન્માવ્યો. જુદા જુદા દેશોએ ઓછી વત્તી પ્રતિક્રિયાઓ આપી. આજ દિન સુધી, ચીન અને ભારતને બાદ કરતાં, અન્ય દેશોએ ઘણું કરીને મ્યાનમાર સાથે ખાસ સંબંધ નથી રાખ્યો, સિવાય કે આર્થિક પ્રતિબંધો (sanctions)નો. અને આમ પણ, મ્યાનમાર પર દબાણ લાવી શકવાની ક્ષમતા પણ સૌથી વધુ પડોશી દેશો (ASEAN દેશો) જ ધરાવે છે. અલબત્ત, તેઓ પણ કેટલી અસર કરી શકે એમ છે એ સવાલ તો છે જ. તેમ છતાં, બર્માની અંદર જ્યારે વિરોધના આટલા સૂર ઊઠ્યા હોય, ત્યારે દુનિયાભરમાંથી એને ટેકો કરવો જ રહ્યો અને તેમ કરવાની ભારતની પણ મોટી નૈતિક ફરજ છે.

## ભારતની ભૂમિકા

૧૯૮૮માં મીલીટરીએ કરેલા રાજ્યપરિવર્તનનો ભારતે વિરોધ કરેલો અને ૧૯૯૦ની ચૂંટણીનાં પરિણામોને ઠેબે ચડાવતી મીલીટરી રાજ્યસત્તા સામે ભારતે ઉગ્ર પ્રતિક્રિયા આપેલી. એટલું જ નહીં, યુ.એન.માં જુન્ટા સરકારને આંતરરાષ્ટ્રીય સ્તરે વખોડી કાઢવામાં ભારતે અગુઆઇ કરી હતી. ત્યાંના રાજકીય શરણાર્થીઓ માટે દેશનાં દ્વાર ખુલ્લાં કર્યાં હતાં. વિરોધી પક્ષની નેતા ઑંગ સૂ ક્યીને એવોર્ડથી સન્માનિત કરવામાં આવી.

પરંતુ સમય જતાં ભારતને કદાચ ખ્યાલ આવ્યો કે એણે અપનાવેલા મોરલ વલણની જુન્ટા પર કોઇ જ અસર નહોતી. એની સામે, આ વલણને લીધે ભારતે ઘરેલુ સુરક્ષાના મામલાઓમાં ઘણું ગુમાવવાનું હતું. તેથી તે મ્યાનમાર સાથેના સંબંધ સુધારવા તરફ વળ્યું, અને જુન્ટા સરકારને ખાતરી આપી કે તે મ્યાનમારના આંતરિક સંબંધોમાં નહીં પડે. મ્યાનમાર સાથે સંબંધ સુધારવાની ઇચ્છાની પાછળ થોડાં કારણો રહેલાં છે.

એક તો, આપણાં ચાર ઉત્તર-પૂર્વી રાજ્યો - નાગાલેન્ડ, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ અને મણિપુર બર્માની સીમા સાથે જોડાયેલાં છે. નાગાલેન્ડ અને મણિપુરના બાગી વિદ્રોહીઓ (insurgents)નું મોટું થાણું બર્મામાં હતું. ઑંગ સૂ કયીને છોડવાની આપણી માંગને આપણે ધીમી પાડી ત્યાર બાદ જ આપણે બર્માના સૈન્ય સાથે મળીને આ વિદ્રોહીઓ સામે 'ઓપરેશન ગોલ્ડન બર્ડ' આદરી શક્યા. ત્યાર પછી આ સહકાર, અલબત્ત, ડ્રગના વ્યાપારને ખતમ કરવા તથા કઠોળની આયાત કરવા સુધી વિસ્તર્યો. બીજું, દરિયાઇ માર્ગથી વંચિત એવાં ઉત્તર-પૂર્વી રાજ્યોને બર્માની બંગાળની ખાડી સુધી જોડતા યાતાયાતના રસ્તા અંગે કરાર કરવાની પણ ભારતને ઇચ્છા છે. એ ઉપરાંત, ભારતને બર્માના વિશાળ ગેસભંડારોમાં મોટો રસ છે. વળી, ભારતે એ પણ જોયું કે ૧૯૮૮થી ૧૯૯૨ દરમિયાન મ્યાનમાર સરકારનો વિરોધ કરવાનું એક જ પરિણામ આવેલું - ચીનનો પ્રભાવ મ્યાનમારમાં વધતો ગયેલો.

જુન્ટા રાજ્ય જ્યારે બૌધ સાધુઓના શાંત વિરોધને કચડી નાખવા એમના પર ક્રૂરતાથી તૂટી પડ્યું, ત્યારે ભારત સહિત દુનિયાભરના સ્વાતંત્ર્ય ચાહતા લોકો પર એના ઘેરા પ્રત્યાઘાત પડ્યા અને ઑંગ સૂ કયીને છોડી દેવાની અને લોકતાંત્રિક પરિબળોને વધારવાની દુનિયાભરમાં માંગ ઊઠી. ત્યારે શરૂઆતની અવઢવ બાદ હાલમાં ભારત સરકાર પણ છેવટે આ માંગ કરવામાં જોડાઇ છે. અલબત્ત, હજુ જોઇએ એટલું દબાણ ભારત નથી કરી રહ્યું એવી વાત છે. હકીકતમાં, લોકતાંત્રિક તત્ત્વો આગળ આવે એમાં જ ભારતને મોટો લાભ છે. કારણ કે જુન્ટાની મહેરબાની પર આમે ય આપણે કેટલું મેળવી શકવાના ? (હજુ તાજેતરમાં જ અગત્યનો એનર્જી પ્રોજેક્ટ ભારતને બદલે ચીનને અપાયો છે.) આમ, બર્મામાં લોકતાંત્રિક પ્રક્રિયાને ટેકો કરવો ભારત માટે નૈતિક તો છે જ, રણનીતિની રીતે એ જ કરવા યોગ્ય છે.

### પ્રતિબંધો

બર્માની સરકાર પર લોકતાંત્રિક પ્રક્રિયાને આગળ વધારવા માટે દબાણ કઇ રીતે લાવવું એ બહુ જટિલ સવાલ છે. એને માટે એક જે માંગ થઇ રહી છે તે છે એના પર આર્થિક પ્રતિબંધો લાદવાની. ઑંગ સૂ કયી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે આ જ અપેક્ષા રાખે છે. અમેરિકા અને યુરોપિયન યુનિયન દ્વારા ફરી પાછાં આર્થિક પ્રતિબંધો બર્મા પર થોપાય એની પૂરી સંભાવના છે. પણ ખરેખર એ જ અસરકારક રસ્તો છે કે નહીં એ ચકાસવા જેવું છે. બર્મામાં લોકતંત્ર નથી તેમજ આર્થિક સ્વતંત્રતાના નામે પણ મીંડું છે. અન્ય સરમુખત્યારશાહીઓમાં બન્યું છે એમ અહીં પણ જુન્ટાના પદાધિકારીઓ અઢળક સંપત્તિ ધરાવે છે, જ્યારે સામાન્ય લોકો દારુણ દારિદ્રના ભોગ બનેલા છે. એવા સંજોગોમાં, વધારાના આર્થિક પ્રતિબંધોની દેશની આમ જનતા પર કેટલી વિપરીત અસરો પડી શકે એની વિસ્તૃત છણાવટ અમેરિકાના 'ન્યુઝવીક'ના તંત્રી ફરીદ ઝકરિયાએ પોતાના તાજેતરના લેખમાં (ઇન્ડિયન એક્સપ્રેસ ૯ ઓક્ટોબર ૨૦૦૭) કરી છે, એમાંથી સારવીને અહીં સાભાર આપીએ છીએ. ■

## પ્રતિબંધો થોપવા ખરેખર યોગ્ય છે ખરા ?

*- ફરીદ ઝકરિયા*

**એ હાનિ તો પહોંચાડે જ છે. પરંતુ, રાજ્યના નિયંત્રણ હેઠળ ન હોય એવી આર્થિક પ્રવૃત્તિઓને સંકોચે એ છે, જેના કારણે સિવિલ સોસાયટી નબળી પડે છે.**

બર્મીઝ સરકાર લોકતંત્ર-તરફી આંદોલનકારીઓ ઉપર જે ક્રૂરતાથી તૂટી પડી એની એક અસર અવશ્ય થશે. અમેરિકા અને યુરોપિયન યુનિયન એના પર બીજા વધારે પ્રતિબંધો (sanctions) લાદશે. આથી એનું અર્થતંત્ર વધુ કથળશે, બીજા દેશો સાથેનો એનો અલગાવ વધુ ઘેરો બનશે. અને સામે એનાથી મળશે શું?

આર્થિક પ્રતિબંધો સરકારને પણ હાનિ જરૂર પહોંચાડે છે. બર્મીઝ જુન્ટાએ ગયા અઠવાડિયાએ એ અંગે જે કહેલું એ જ બતાવે છે કે એમને પણ એ પીડે છે. પ્રતિબંધો હંમેશાં દેશના અર્થતંત્રને સંકોચે છે. પરંતુ એના લીધે એવી આર્થિક પ્રવૃત્તિઓને જ સૌથી વધુ સહેવાનું આવે છે, જે રાજ્યના નિયંત્રણ હેઠળ નથી હોતી, એટલે કે સામાન્ય લોકોના હાથમાં હોય છે. એના પરિણામે, શીકાગો યુનિવર્સિટીના પ્રોફેસર રોબર્ટ પેપ લખે છે એ મુજબ, ''રોટલો વધુ નાનો થઇ જાય છે અને એ નાના રોટલાનો વધુ મોટો હિસ્સો રાજ્ય મેળવી લે છે. એનાથી દેશનાં સંસાધનો રાજ્યની સાથે હોય એવા લોકોના હાથમાં જ જતાં રહે છે અને રાજ્યની વિરુદ્ધ હોય એવા લોકોથી દૂર થતાં જાય છે.'' બીજા શબ્દોમાં, એના

કારણે સરકાર વધારે મજબૂત થતી જાય છે. ક્યુબાથી લઈને ઇરાન સુધીમાં આવું જ બન્યું છે. પેપ કહે છે : ''ઇરાકમાં પણ પ્રતિબંધોના ગાળામાં એ પહેલાંના સમય કરતાં બહુ ઓછા બળવા થયા હતા.''

૧૯૯૦નાં પાછલાં વર્ષોમાં પશ્ચિમી દેશોએ જે પ્રતિબંધો થોપેલા એના પરિણામે દેશના કાપડની નિકાસ બંધ થઇ ગયેલી, જેના લીધે લાખો લોકોની નોકરીઓ છિનવાઇ ગયેલી. ઘણી સ્ત્રીઓને દેહવિક્રયના ધંધામાં જવું પડેલું. ઉપરાંત, જેમ જેમ વૈધ ઉદ્યોગો સુકાતા જાય, તેમ તેમ કાળા બજાર વધતાં જાય છે, અને જે ગુંડાઓ આ નવા નિયમો મુજબ વર્તી શકે છે તેઓ જ ફૂલેફાલે છે. બર્માનાં રત્નો-મોતી આવી જ રીતે (કાળા બજારમાં) વેચાય છે. આ જ રીતે ડ્રગ્સનું ઉત્પાદન અને પુરવઠો વધતો જાય છે. અને આ બધામાં, સીમાઓ પરના નાકાઓ, ચેકપોસ્ટ વગેરે પર કબજો ધરાવનાર મીલીટરીને જ ઘી-કેળાં થાય છે.

ઇરાકનો એક પદાર્થપાઠ એ છે કે લાંબા ગાળાના પ્રતિબંધો સિવિલ સોસાયટીને ખતમ કરે છે અને ખરાબ તત્ત્વો, જેઓ આવા ગુંડાગીરીના માહોલમાં પનપતાં હોય છે, તેઓને મજબૂત બનાવે છે. દેશમાં વધુ સારી વ્યવસ્થા ઊભી થાય એ જ જો પ્રતિબંધોનો આશય હોય તો તેવા સંજોગોમાં એના જ કારણે જો સમાજનું ધનોતપનોત નીકળી જતું હોય, તો આ નવી વ્યવસ્થા લાવવાનો માર્ગ બહુ વિચિત્ર ગણાય. આવા કોઇ પ્રયોગ માટે બર્મા ખૂબ સંકુલ જગ્યા છે, કારણ કે એ આમ પણ જાતીય (ethnic) સંઘર્ષોથી ખદબદી રહ્યું છે. બર્મીઝ સરકાર છેલ્લાં ૫૦ વરસથી ૧૭ જેટલાં વિદ્રોહી જાતીય જૂથો સામે લડી રહી છે. હાલમાં મોટાભાગના વિદ્રોહીઓનો ઘણા વિસ્તારો પર કબજો છે અને તેઓ પોતાનાં ડ્રગ અને સંસાધનો પરનાં કાર્ટેલ્સનો વહીવટ કરે છે. દેશ એક નિષ્ફળ જઇ રહેલી રાજ્યસત્તા છે. એની એક માત્ર જે પાંખ કામ કરી રહી છે તે સૈન્ય છે. દેશમાં ઉદારવાદી લોકશાહી લાવવી એ આમ પણ ખૂબ પડકારરૂપ કામ છે, અને સમાજ નિર્બળ બનતો જવાથી એ પ્રક્રિયા વધુ અઘરી બનતી જાય છે.

૧૯૯૦ની શરૂઆતમાં, ચૂંટણીમાં સૂ ક્યીની જીત પછી, બર્માના મીલીટરી રાજ્યે ધીમે ધીમે પણ અર્થતંત્રને ખુલ્લું કરવાનું ચાલુ કરેલું. પરંતુ પશ્ચિમના પ્રતિબંધોએ એ પગલાં પર તરત જ રોક મૂકી દીધો. યુએનના એક ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારી અને બર્માનું અદ્‌ભુત અને દિલોજાન ચિત્રણ કરતા પુસ્તક 'The River of Lost Footsteps'ના લેખક થાન્ટ માયન્ટ-યુ એવી દલીલ કરે છે કે ટ્રેડ, ટ્રાવેલ અને મૂડીરોકાણની એ વખતની પ્રક્રિયાને જો પ્રોત્સાહન આપવામાં આવ્યું હોત, તો ''બર્મા આજે વિયેતનામ જેવું વધુ લાગતું હોત. એના દુનિયા સાથેના ઘણા વધારે સંબંધો હોત, ઘણી વધુ આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓ હોત, અને રાજ્યસત્તા પણ ઘણી વધારે મર્યાદિત હોત.''

થાન્ટ યુનાઇટેડ નેશન્સના ત્રીજા સેક્રેટરી જનરલ યુ થાન્ટના પૌત્ર છે. તેમને આશા છે કે રાજદ્વારી (diplomatic) દબાણ રહેશે તો બર્માની રાજ્યસત્તા અમેરિકા, ચીન અને ભારતને સાંકળીને ખરા સુધારાઓ (reforms)ની પ્રક્રિયા તરફ વળશે. એમનું કહેવું છે : ''અમેરિકા હજુ પણ અગત્યની ભૂમિકા ભજવી શકે છે. બર્માના લોકોને જો પસંદગી કરવાની હોય તો તેઓ ચીનના ભાગ બનવાનું ક્યારેય પસંદ નહીં કરે. પરંતુ, મને બીક એ છે કે પશ્ચિમ તત્કાલ આવેશમાં આવીને નવા પ્રતિબંધો લાદી દેશે અને પછી ખસી જશે. એનું પરિણામ એ આવશે કે બર્મામાં પશ્ચિમની ભૂમિકા વધુ ને વધુ ઓછી જતી જશે અને ચીનની વધતી જશે, પરિણામે બર્માનું ઉદારવાદી લોકતંત્રનું ભવિષ્ય વધુ ધૂંધળું થઇ જશે''. ■


**'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે**

**ડો દક્ષાબેન /રશ્મિભાઈ** : આર્ય દવાખાનું, નગરીયા, ધરમપુર. ફોનઃ ૦૨૬૩૩-૨૯૩૨૩૨.

**શ્રી રાહુલભાઈ દવે** : ૫૫, સહજધામ રો હાઉસ, હની પાર્ક રોડ, અડાજણ, સુરત. ફોન ૯૮૨૫૧૩૨૬૧૫.

**બરોડા બુક કોર્પોરેશન** : ૨૦ સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફ્ટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬.

**ડો. મહેન્દ્ર ચોટલીયા** : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯.

**પ્રશાંત ચાવડા** : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨.

**સૌરભ પુસ્તક ભંડાર** : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પીટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦.

**નવકાર મેગેઝીન એજન્સી** : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭.

# સમતા અને સ્વતંત્રતા

*- અંબરીષ મહેતા*

['૯૦ના દાયકામાં આર્થિક ઉદારીકરણની પ્રક્રિયા શરૂ થઈ ત્યારથી સંઘર્ષ-વાહિનીના બિહાર - ઝારખંડ, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા અને મહારાષ્ટ્રના મિત્રો સાથે વૈકલ્પિક આર્થિક વ્યવસ્થા વિષે ચર્ચા ચાલી રહી છે. તેમની અને અમારી ભૂમિકામાં આસમાન-જમીનનો ફરક રહેલો છે. છતાં, એકબીજાની વાત ધ્યાનથી સાંભળવાની અને દલીલોને ગંભીરતાથી લેવાની શિસ્ત સૌએ સ્વીકારેલી. પરિણામે, ચર્ચાનો દૌર ચાલુ રહી શકયો છે. ગયા વર્ષે શાંતિનિકેતન-બોલપુર ખાતે ત્રણ દિવસનો શિબિર યોજાયેલો. ત્યારે SEZ, કુદરતી સંસાધનો પર સ્થાનિક લોકોના અધિકાર, શહેરી ઝૂંપડપટ્ટી, ખેતી વિરુદ્ધ ઉદ્યોગ વગેરે સવાલો પર વિસ્તૃત ચર્ચાઓ થયેલી. ઘણી બાબતોમાં છેવટના નિષ્કર્ષ સરખા આવ્યા, પરંતુ એની પાછળનાં કારણો અને ભૂમિકામાં ખાસ્સું અંતર હતું. એટલે નક્કી થયું કે હવે પછીની ચર્ચા સમતા અને સ્વતંત્રતા તેમજ બજારની શું ભૂમિકા હોઈ શકે - હોવી જોઈએ, સરકારની શું ભૂમિકા હોઈ શકે - હોવી જોઈએ વગેરે પાયાના સવાલો ઉપર કરવી. અને બને ત્યાં સુધી એ માટે પોત-પોતાની ભૂમિકા અગાઉથી લખીને વિતરિત કરવી. એ મુજબ ૨૪ થી ૨૭ ઓગસ્ટ દરમિયાન માંગરોલ ખાતે એક વિચાર-શિબિર યોજાઈ ગયો. આ શિબિરમાં જે નોંધો રજૂ થઈ અને જે ચર્ચાઓ થઈ તેનો વિસ્તૃત અહેવાલ હિન્દીમાં તૈયાર થઈ રહ્યો છે. આ શિબિર માટે 'સમતા અને સ્વતંત્રતા' વિષય પર હિન્દીમાં મેં જે નોંધ તૈયાર કરેલી તેનો ભાવાનુવાદ અહી આપીએ છીએ. આ નોંધ તૈયાર કરવામાં મિલ્ટન ફ્રીડમેન તેમજ હાયેકના લખાણોનો આધાર લીધો છે. શિબિરમાં થયેલી અન્ય રજૂઆતો અને ચર્ચા આગામી અંકોમાં આપવાની ધારણા છે. -સં.]

સ્વતંત્રતા અને સમતાને આપણે સૌએ પાયાનાં મૂલ્યો તરીકે સ્વીકાર્યાં છે. પરંતુ સામાજિક જીવનના સંદર્ભમાં આ બે મૂલ્યોના અર્થ શું છે, એમની વચ્ચેનો સંબંધ શું છે, કયાં સુધી તેઓ એકબીજાને પૂરક છે અને ક્યાં એમની વચ્ચે ઘર્ષણ પેદા થાય છે, વગેરે સવાલો પર ખાસ ઊંડાણથી વિચાર-વિમર્શ થતો નથી, જે ખરેખર ખૂબ જરૂરી છે. એવા વિચાર વિમર્શમાં મદદરૂપ થવાના આશયથી જ આ નોંધ તૈયાર કરી છે.

## વ્યક્તિ-સ્વાતંત્ર્ય

સ્વતંત્રતાની વાતમાં મૂળે દરેક વ્યક્તિ (કે પરિવાર)ને પોતાનાં મૂલ્યો, આદર્શો, માન્યતાઓ અને ઇચ્છાઓ મુજબ પોતાનું જીવન જીવવાના અધિકારની વાત છે. એ તો સ્પષ્ટ છે કે મૂલ્યના રૂપમાં સ્વતંત્રતાનું મહત્ત્વ વ્યાપક સમાજની અંદર જીવી રહેલી વ્યક્તિઓના સંદર્ભમાં જ હોઈ શકે અને નહીં કે વેરાન ટાપુ પર જીવી રહેલી કોઇ એકલ વ્યક્તિ (રોબિન્સન ક્રુઝો)ના સંદર્ભમાં. કોઈ વેરાન ટાપુ પર પોતાનું જીવન જીવી રહેલ રોબિન્સન ક્રુઝો અનેક મુશ્કેલીનો સામનો કરતો હોઈ શકે. પરંતુ એનાથી એના જીવન માટે 'સ્વતંત્રતા'નો કોઈ સવાલ પેદા નથી થતો. આ દાખલો એ બાબત તરફ પણ આપણું ધ્યાન ખેંચે છે કે સ્વતંત્રતાનો અર્થ ભૌતિક જરૂરિયાતો કે મુશ્કેલીઓમાંથી મુક્તિ એવો નથી થતો.

સમાજની બધી વ્યક્તિઓને પોતાનું જીવન પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા છે. એટલે જ કોઇ એક વ્યક્તિની સ્વતંત્રતા તે બીજી વ્યક્તિઓની સ્વતંત્રતાને હાનિ ન પહોંચાડે ત્યાં સુધી જ સીમિત હોઇ શકે. સ્વતંત્રતાના નામ પર કોઇ વ્યક્તિ અન્યનું ખૂન ન કરી શકે, કે ન કોઇની મિલકત છીનવી શકે, કે ન કોઇને બંદી બનાવી શકે. આમ, વ્યવહારમાં તો સ્વતંત્રતાનો આ અધિકાર વ્યક્તિને બીજી વ્યક્તિઓ કે સમૂહોની સંભવિત હિંસા કે જોરજબરજસ્તી સામે રક્ષણ આપવાનું કામ જ કરે છે. એ કોઇને પોતાની મરજીમાં આવે તે કરવાની અબાધિત છૂટ નથી આપતો. બલ્કે, દરેકને એક નિજી દાયરો પૂરો પાડે છે અને એમાં બીજી વ્યક્તિઓ કે સમૂહોની દખલ કે જોરજબરજસ્તી સામે રક્ષણ પૂરું પાડે છે. એની સાથે જ, એ પણ સ્પષ્ટ છે કે પોતાનું જીવન પોતાની ઇચ્છાનુસાર જીવવાના અધિકારની સાથે જ એ જીવન અંગેની જવાબદારી પણ જે તે વ્યક્તિની જ રહે, નહીં કે અન્ય કોઇની.

દરેક વ્યક્તિની સ્વતંત્રતાને રક્ષણ આપવાનું કામ આપણે અંતતઃ રાજ્યને સોંપ્યું છે અને એ માટે એને દંડાત્મક સત્તા (coercive power) પણ આપવામાં આવી છે. પરંતુ એની સાથે જ રાજ્ય પોતે જ એ દંડાત્મક સત્તાનો ઉપયોગ કરીને વ્યક્તિસ્વાતંત્ર્યને ખતમ કરી દે એ જોખમ પણ હંમેશાં રહેલું છે. એટલે જ લોકતંત્ર દ્વારા રાજ્યની આ સત્તાને નિયંત્રણમાં રાખવાનો સવાલ અત્યંત મહત્ત્વનો ગણાય છે.

## રાજકીય સ્વતંત્રતા અને આર્થિક સ્વતંત્રતા

વ્યક્તિસ્વાતંત્ર્યના આ સવાલને સામાન્ય રીતે રાજકીય વ્યવસ્થા (લોકતંત્ર છે કે નહીં ?)ના સંદર્ભમાં જ જોવામાં આવે છે અને આર્થિક વ્યવસ્થાની એના પર જે અસરો થાય છે એને નજરઅંદાજ કરવામાં આવે છે. આની સાથે એક માન્યતા એ પણ જોડાયેલી છે કે આર્થિક સ્વતંત્રતા ખાસ મહત્ત્વની નથી અને વ્યક્તિસ્વાતંત્ર્યનો સવાલ ભૌતિક આજીવિકાના સંદર્ભમાં નહીં પરંતુ પોતાનું જીવન પોતાની માન્યતાઓ અનુસાર જીવવાના ઉચ્ચ આદર્શ સાથે જોડાયેલો છે. એટલે જ ઘણી વાર આર્થિક પાબંદીઓને વ્યક્તિસ્વાતંત્ર્ય પરની તરાપ તરીકે નથી જોવામાં આવતી.

પરંતુ એ તો સ્પષ્ટ છે કે બૌદ્ધિકો માટે ભલે ન હોય, પણ સમાજના મોટાભાગના સામાન્ય લોકો માટે તો તેઓ પોતાની ઇચ્છાનુસાર આજીવિકા રળવાની સ્વતંત્રતા ધરાવે છે કે નહીં તે સવાલ ઘણો અગત્યનો છે. અને તે તેમની વ્યાપક સ્વતંત્રતાનો જ એક અભિન્ન ભાગ છે. આમ, સમાજની આર્થિક વ્યવસ્થા લોકોની આર્થિક સ્વતંત્રતાને પોષણ આપનારી છે કે નહીં તે સવાલ બહુ અગત્યનો છે. આ આર્થિક સ્વતંત્રતામાં મિલકતનો અધિકાર અને પોતાની આજીવિકા રળવા માટે પોતાની ઇચ્છા મુજબના કામ-ધંધા કરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, આર્થિક સ્વતંત્રતાનો આ સવાલ રાજકીય સ્વતંત્રતા સાથે પણ સીધેસીધો જોડાયેલો છે. જો આર્થિક વ્યવસ્થા વ્યક્તિની આર્થિક સ્વતંત્રતાને પોષક હોય તો તે આર્થિક બાબતોમાં રાજ્યની ભૂમિકાને સીમિત રાખે છે અને એ રીતે રાજ્યની સત્તાને મર્યાદિત રાખે છે. એવી વ્યવસ્થા રાજકીય સત્તા અને આર્થિક સત્તાનાં કેન્દ્રોને એકબીજાંથી જુદાં રાખે છે અને એ રીતે સત્તાના કેન્દ્રીકરણ પર રોક લગાવે છે. આથી વિપરીત, આર્થિક સ્વતંત્રતાને કુંઠિત કરનારી આર્થિક વ્યવસ્થામાં રાજ્યના હાથમાં રાજકીય સત્તા ઉપરાંત અમર્યાદિત આર્થિક સત્તા પણ કેન્દ્રીકૃત થાય છે, જે રાજકીય સ્વતંત્રતા માટે પણ હાનિકારક છે.

ઘણી વાર એમ કહેવામાં આવે છે કે વ્યક્તિસ્વાતંત્ર્યની આ વાતો હકીકતમાં તો ધનવાન અને તાકતવર લોકોને જે મનમાં આવે એ કરવાનો પરવાનો આપવાનું કામ કરે છે અને ગરીબ તથા કમજોર લોકો માટે તો સ્વતંત્રતાની આ વાતોનો કોઈ મતલબ જ નથી. પરંતુ હકીકત આનાથી સાવ ઊંધી છે. સ્વતંત્રતાના આ અધિકારની સૌથી વધારે જરૂર જો કોઈને હોય તો એ ગરીબ અને કમજોર લોકોને જ છે. ધનવાન અને તાકતવર લોકો તો પૈસા કે તાકાતના જોરે જ પોતાનું કામ કઢાવી લેશે. જ્યારે ગરીબ લોકો તો આવા કાનૂની અધિકારની મદદથી જ પોતાના જાન-માલની સુરક્ષા મેળવી શકે છે.

## સમાનતા

સ્વતંત્રતાની સાથે જ સમાનતાના મૂલ્યને પણ આપણે સૌએ સ્વીકાર્યું છે. પરંતુ એના અલગ અલગ ઘણા અર્થ થઇ રહ્યા છે, જે અંગે સફાઇ જરૂરી છે. તેમજ સ્વતંત્રતા સાથેના એના સંબંધ વિષે પણ વધારે છણાવટ કરવી જરૂરી છે.

સમાનતાનો પહેલો અને મૂળ અર્થ તો ઈશ્વર કે કાનૂન સમક્ષ દરેક વ્યક્તિને સમાન ગણવાનો જ છે. *'All men (and women) are created equal and are endowed by their creator with certain unalienable rights; that among these are Life, Liberty and pursuit of Happiness'* સૂત્ર આ જ અર્થને પ્રતિબિંબિત કરે છે.

એમાં દરેક વ્યક્તિ બધી રીતે - શારીરિક લક્ષણો, તાકાત, બૌદ્ધિક ક્ષમતા, ભાવનાઓ વગેરેમાં - સમાન છે એવો મતલબ નથી, પરંતુ ઈશ્વર કે કાનૂન સમક્ષ બધા સરખા છે એ જ અર્થ છે. દરેક વ્યક્તિનું જીવન પોતાનામાં મૂલ્યવાન છે. દરેકના અમુક મૂળભૂત અધિકારો છે, જેનાથી કોઇ એને વંચિત કરી શકે નહીં. દરેકને પોતાનું જીવન પોતાની ઇચ્છાનુસાર જીવવાનો અધિકાર છે અને કોઈ પણ વ્યક્તિને બીજી વ્યક્તિઓની ઇચ્છા પૂરી કરવાના સાધન તરીકે જોઇ શકાય નહીં. આ અર્થમાં સમાનતા એ સ્વતંત્રતાની વ્યાખ્યાનો જ એક ભાગ છે અને બન્ને વચ્ચે કોઇ આંતરવિરોધ નથી. બન્ને એક જ સિક્કાની બે બાજુઓ છે.

હકીકતમાં તો દરેક વ્યક્તિ બધી બાબતોમાં એકસરખી નહીં પરંતુ અલગ અલગ જ છે. પરંતુ એટલે જ કાનૂન સમક્ષ સૌને સમાન ગણવાના આ અધિકારનું મૂલ્ય ઘણું વધારે છે. પોતાની અલગ અલગ પસંદ, ક્ષમતાઓ અને મૂલ્યોને આધારે જુદી જુદી વ્યક્તિઓ જુદી જુદી રીતે પોતાનું જીવન વિતાવવા ઇચ્છશે. વ્યક્તિગત સમાનતાનો એ તકાજો છે કે એમની એ ઇચ્છાનો આદર કરવામાં આવે અને બીજા કોઇની ઇચ્છા કે આદર્શો કે મૂલ્યો એમના પર થોપવામાં ન આવે. સમાજમાં કુલીન (elite) લોકો તો હોવાના જ, પરંતુ એમની એ કુલીનતા, એમને બીજા પર શાસન કરવાનો અધિકાર નહીં આપી શકે.

જે રીતે કુલીન લોકોને બીજા પર પોતાના વિચારો થોપવાનો અધિકાર નથી, તે જ રીતે અન્ય કોઇ જૂથને પણ આવો અધિકાર હોઈ ન શકે. બહુમતને પણ નહીં. દરેક વ્યક્તિ પોતા પૂરતી શાસક છે, કુલમુખત્યાર

છે, શરત માત્ર એટલી કે તે બીજા કોઇના આ અધિકારમાં દખલ ન કરે. સરકારની સ્થાપના જ દરેક વ્યક્તિના મૂળભૂત અધિકારોને બીજી વ્યક્તિઓ કે સમૂહોના હુમલા કે હસ્તક્ષેપ સામે તેમજ બાહ્ય આક્રમણ સામે રક્ષણ આપવા માટે કરવામાં આવી છે, નહીં કે બહુમતને અમર્યાદિત સત્તા આપવા માટે.

## અવસરની સમાનતા (Equality of Opportunity)

વ્યક્તિગત સમાનતાની વાત સ્વીકારાઈ ગઈ ત્યાર પછી સમાનતાની એક નવી વિભાવના ઊભરીને સામે આવી - સૌને સમાન અવસર. એ તો સ્પષ્ટ છે કે શાબ્દિક અર્થમાં સૌને સમાન (અભિન્ન) અવસર મળે એ સંભવ નથી. જુદા જુદા શારીરિક બંધારણ (biological constitution) સાથે, જુદી જુદી જગ્યાઓએ, જુદા જુદા પરિવારોમાં, જુદા જુદા આર્થિક અને સામાજિક માહોલમાં જન્મેલાં અને મોટાં થયેલાં બાળકો સમાન અવસર સાથે પેદા નથી થતાં. અને એ તમામને બધી રીતે સમાન (અભિન્ન) અવસરો પૂરા પાડવાનો કોઇ રસ્તો પણ નથી.

એટલે વ્યક્તિગત સમાનતાની જેમ જ સમાન અવસરોની આ વાતને પણ તેના શાબ્દિક અર્થમાં ના લઇ શકાય. ખરેખર તો એમાં સમાજના પ્રત્યેક ક્ષેત્રનાં દ્વાર બધા લોકો માટે ખુલ્લાં રાખવાની વાત જ મુખ્ય છે અને જન્મ, વર્ગ, જાતિ, લિંગ, ધર્મ જેવા કૃત્રિમ આધારો પર ઊભી કરાયેલી દીવાલોને તોડી પાડવાની વાત છે. એટલે કે એમાં કોઇપણ વ્યક્તિને આવા કોઇ પણ કૃત્રિમ આધાર પર કોઇપણ ક્ષેત્રમાં, ગમે તે પદ પર કામ કરતાં રોકી ના શકાય એ જ વાત છે. એટલે કે એમાં કોઇપણ ક્ષેત્રની સાથે જોડાયેલા પરંપરાગત વિશેષાધિકારોને દૂર કરવાની વાત રહેલી છે. આ અર્થમાં સમાન અવસરની આ વાત વ્યક્તિગત સમાનતા અથવા તો કાનૂન સમક્ષની સમાનતાની વાતને જ વધારે વિસ્તારથી સ્પષ્ટ કરી આપે છે. વ્યક્તિગત સમાનતાની જેમ જ લોકો અલગ અલગ ક્ષમતાઓ અને રુચિઓ (જન્મજાત કે માહૌલને કારણે) ધરાવે છે અને એટલે જુદાં જુદાં ક્ષેત્રોમાં જવાની ઇચ્છા રાખી શકે છે એ કારણસર જ સમાન અવસરના આ અધિકારનું મૂલ્ય ઓર વધી જાય છે.

વ્યક્તિગત સમાનતાની જેમ જ સમાન અવસરની આ વાત પણ સ્વતંત્રતાની વિરોધી નથી, પરંતુ એનું જ અનિવાર્ય અંગ છે. જો કોઇ વ્યક્તિ કોઈ ક્ષેત્રના કોઈ પદ માટે જરૂરી જ્ઞાન કે કૌશલ્ય ધરાવતી હોય અને છતાં એને એની જાતિ કે ધર્મ કે એવાં કોઇ બીજાં કારણોસર એ પદથી વંચિત રાખવામાં આવે તો 'પોતાની ઇચ્છાનુસાર પોતાનું જીવન જીવવા'ની એની સ્વતંત્રતા ઝૂંટવી લેવા બરાબર જ ગણાય. સમાન અવસરના અધિકારનું હનન થાય અને એકની સ્વતંત્રતાના ભોગે બીજાની સ્વતંત્રતાને બઢાવો આપવા જેવું થાય.

સમાન અવસરનો આ સિદ્ધાંત પરંપરાગત વિશેષાધિકારોને તોડી પાડીને સમાજના દરેક વર્ગના વિકાસનો રસ્તો ખોલી આપે છે અને સામાજિક ગતિશીલતા પેદા કરે છે. તેમજ પરંપરાગત વિશેષાધિકારોના શિકાર બનેલા લોકો માટે સામાજિક સીડી પર ચઢીને આગળ વધવાનો માર્ગ ખુલ્લો કરી આપે છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ સ્તર પર દરેક માટેના શિક્ષણનો વ્યાપક પ્રસાર આ પ્રક્રિયાને વધારે તેજ બનાવે છે.

## પરિણામની સમાનતા (Equality of Outcome)

વીસમી સદીમાં સમાજવાદી વિચારોએ પકડ જમાવી ત્યાર પછી સમાનતાની વાત એક નવા જ અર્થમાં ઊભરીને સામે આવી છે. એ છે પરિણામની સમાનતા. સૌને સમાન અવસર મળે એ જ પૂરતું નથી, એનું પરિણામ પણ સમાન જ આવવું જોઈએ. રેસમાં બધા એક સાથે જ મંઝિલે પહોંચવા જોઈએ. સમાજમાં બધાની આવક એક સરખી જ હોવી જોઈએ અને જરૂર પડ્યે એ માટે રાજ્યની દંડાત્મક સત્તાનો ઉપયોગ પણ કરવો જોઈએ એ માંગ સમાનતાના આ નવા અર્થને જ પ્રતિબિંબિત કરે છે. આજે તો હવે સમાનતાનો આ નવો અર્થ એટલો તો પ્રભાવી થઇ ગયો છે કે સમાનતા એટલે 'આવકની સમાનતા' એ જ અર્થ પ્રચલિત થઇ ગયો છે.

આપણા જેવી પરિવર્તનકારી જમાતોમાં તો આદર્શ તરીકે સમાન આવકની આ વાત મૂળભૂત આસ્થાનો વિષય બની ગઇ છે અને એ અંગે કોઈ પણ જાતની દલીલ કે ટીકા સાંભળવાને આપણે તૈયાર નથી હોતા. અને એટલે જ એની સાથે જોડાયેલા પેચીદા નૈતિક સવાલો અંગે તેમજ એ આદર્શને વ્યવહારમાં ઉતારવાની કોશિશોનાં જે પરિણામો આવ્યાં છે તે અંગે જેટલું ચિંતન થવું જોઇએ એ થયું નથી, જે ખરેખર ખૂબ જરૂરી છે.

સમાનતાની આ નવી વિભાવનાને પણ અગાઉની બે વિભાવનાઓની જેમ જ સંપૂર્ણપણે શાબ્દિક અર્થમાં નથી લેવાની. એમ કરવાથી તો 'અંધેરી નગરીમાં ગંડુ રાજા, ટકે શેર ભાજી, ટકે શેર ખાજા'નો જ ઘાટ પેદા થાય, જેમાં પછી ન ખાજા મળે, ન ભાજી. એટલે આવકની સમાનતા એટલે બધાની આવક સંપૂર્ણપણે એકસરખી જ હોવી જોઈએ એવી વાત તો હવે કોઈ નથી કરતું. એને બદલે સૌને પોતાનો 'ન્યાયી હિસ્સો' મળવો જોઈએ એ વાત કરવામાં આવે છે, જે હકીકતમાં અત્યંત ધૂંધળી અને અસ્પષ્ટ વિભાવના છે.

સમાનતાની આ વિભાવના પહેલી બે વિભાવનાઓથી સાવ અલગ છે. વ્યક્તિગત સમાનતા અને અવસરની સમાનતા પ્રસ્થાપિત કરવા માટે રાજ્યે જે પગલાં લેવાં પડે, તે આપણે જોયું તેમ સ્વતંત્રતાને પોષક હશે. જ્યારે આવકની સમાનતા પેદા કરવા માટે રાજ્યે જે પગલાં લેવાં પડે, તે સ્વતંત્રતાને ખતમ કે કુંઠિત કરી દેશે. વ્યક્તિની આવક કેટલી હશે તે જો એ શું પેદા કરે છે એના આધારે નહીં, પરંતુ સમાજના બીજા લોકોની સ્થિતિ જોતાં એમને મળવાપાત્ર 'ન્યાયી' હિસ્સાને આધારે નક્કી થવાની હોય તો સમાજની દરેક વ્યક્તિ માટે આ 'ન્યાયી' હિસ્સો શું હશે તે કોણ નક્કી કરશે ? સ્પષ્ટ છે કે કોઇ ને કોઇ વ્યક્તિ કે સમૂહે એ નક્કી કરવું પડશે. અને 'ન્યાયી' હિસ્સાનો કોઇ વસ્તુગત માપદંડ (પૂર્ણપણે શાબ્દિક અર્થને બાદ કરતાં) ન હોવાને કારણે એ મનમાની રીતે જ થઈ શકશે. આ ઉપરાંત, જેઓ આ નક્કી કરશે એમની પાસે એનો અમલ કરાવવાની દંડાત્મક સત્તા પણ હોવી જોઈશે. એમ હોય તો જ તેઓ જેમની પાસે એમના 'ન્યાયી' હિસ્સા કરતાં વધારે હોય તે લઈને જેની પાસે એનાથી ઓછું હોય તેમને આપી શકે ને ? હવે સવાલ એ ઊભો થાય કે જેઓ આ નિર્ણયો કરશે તેમની સ્થિતિ શું જેમના માટે આ નિર્ણયો કરાશે એમની સ્થિતિ જેવી જ હશે? શું અહીં જ્યોર્જ ઓરવેલના 'Animal Farm'માં જોવા મળેલ તેમ '*All are equal, but some are more equal than others*'ની સ્થિતિ જ પેદા નહીં થાય? એટલે કે જેઓ આ નિર્ણયો કરે તેઓ શું પોતાનો 'ન્યાયી' હિસ્સો વધારતા નહીં જાય ?

આ ઉપરાંત એક બીજો સવાલ પણ પેદા થાય છે - કોને શું મળશે એ જો તેઓ શું અને કેટલું પેદા કરે છે એના પર નિર્ભર નહીં રહેવાનું હોય તો પછી વધારે કામ કે ઉત્પાદન કરવા માટે એમની પાસે કોઈ incentive જ શું રહે ? શા માટે પછી કોઈ કામ કરે, ખાસ કરીને જોખમી અને અઘરાં કામો? ઉત્પાદનના બધા સ્રોત જ સુકાઇ જવા માંડશે અને વહેંચવા માટે કશું પેદા જ નહીં થાય અને વ્યાપક સ્તર પર લાખો કરોડો લોકો માટે ભૂખે મરવાનો જ વારો આવે. આમ, આ કંઈ એક રોટલી બની ગઈ છે તેને સરખે ભાગે વહેંચી લેવા જેટલી સીધીસાદી બાબત નથી. ભવિષ્યમાં નવી નવી રોટલીઓ બનતી રહે તે પણ પાકું કરવાનું છે. જ્યારે ન્યાયી વહેંચણીના નામે જે પગલાં લેવાની ફરજ પડે છે તે એવાં છે જે રોટલીઓ બનતી જ બંધ કરી દે. એ તો સ્પષ્ટ છે કે કોઈ પણ શાસક આવી પરિસ્થિતિ લાંબો સમય ચલાવી શકે નહીં. એટલે પછી કઈ વસ્તુ કેટલી પેદા કરાશે, કોણ શું કરશે, કેટલું પેદા કરશે વગેરે પણ એ more equal શાસકોએ જ નક્કી કરવું પડશે અને એ પ્રમાણે કામ કરવાને લોકોને બાધ્ય કરવા પડશે. અને જો લોકો એ પ્રમાણે કામ નહીં કરે તો એમને કાં તો ગોળીએ ઊડાવી દેવા પડે અથવા તો ગુલાગ (કોન્સન્ટ્રેશન કેમ્પ)માં રવાના કરી દેવા પડે. અને આ બધું કર્યા પછી પણ વિકાસની પ્રક્રિયા તો ઠપ્પ કે કુંઠિત જ રહેશે. કારણ કે આતંકના સહારે કોઈને ગોળીએ દઈ શકાય છે કે બંદી બનાવી શકાય છે, પરંતુ પોતાની ક્ષમતા મુજબનું કામ કરવાની ફરજ નથી પાડી શકાતી.

એક વાત બરાબર સમજી લેવા જેવી છે કે અહીં સવાલ માત્ર એ નથી કે વ્યવહાર આદર્શથી ઊણો ઊતરશે, જે દરેક આદર્શની બાબતમાં જોવા મળે છે, પરંતુ એ છે કે આદર્શના સ્તરે જ 'ન્યાયી' વહેંચણીના આ આદર્શ અને વ્યક્તિસ્વાતંત્ર્યના આદર્શ વચ્ચે ન પૂરી શકાય એવી ઊંડી ખાઈ છે. 'ન્યાયી' વહેંચણીનો આ આદર્શ જ એવો છે જે વ્યાપક સ્તર પર હિંસા અને આતંકની મદદ વગર (એટલે કે વ્યક્તિ-સ્વાતંત્ર્યને ખતમ કર્યા વગર) હાંસિલ કરી શકાય એમ જ નથી અને એમ છતાં (અથવા તો એ કારણે જ) એ સરવાળે હાંસિલ તો થતો જ નથી. પરિસ્થિતિનો તર્ક જ એવો છે જેમાં અનિવાર્યપણે આ જ પરિણામ આવે.

અને હવે તો આ કંઈ કાલ્પનિક ભય જ નથી રહ્યો. 'ન્યાયી' વહેંચણીને કેન્દ્રમાં રાખીને સામાજિક વ્યવસ્થા ગોઠવવાના જ્યાં જ્યાં જે જે પ્રયત્નો થયા ત્યાં બધે આ જ પરિણામ જોવા મળ્યાં છે - રાજ્યના આતંકથી ત્રસ્ત સમાજ અને વ્યાપક ભૂખમરો. રશિયા, ચીન, કમ્બોડિયા, ક્યુબા અને અન્ય કેટલાયે સામ્યવાદી દેશોમાં આ જ જોવા મળ્યું છે. અને આવા વ્યાપક સ્તર પરના આતંક છતાં (અથવા અગાઉ કહ્યું તેમ તેને કારણે જ) ત્યાં આર્થિક સમાનતા તો પ્રસ્થાપિત ન જ થઈ. ઊલટાની ઘોર વિષમતા જ પેદા થઈ. એ તમામ દેશોમાં શાસકો અને શાસિતો વચ્ચે ઘોર વિષમતા જ પેદા થયેલી જોવા મળી છે; માત્ર સત્તામાં જ નહીં, પરંતુ આર્થિક જીવનસ્તરમાં પણ. સરકારી અધિકારીઓ, પાર્ટીના સભ્યો અને ટેકનિશીયનોના નાના વર્ગ માટે માત્ર એમને જ પ્રવેશ મળી શકે એવી ખાસ દુકાનો, શાળાઓ અને મોજશોખની અત્યંત આધુનિક ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરવામાં આવી, જ્યારે બાકીના વિશાળ જનસમુદાયને માંડ જીવન ટકાવી શકાય એટલી ન્યૂનતમ વસ્તુઓ જ મળી. અને એ ઉપરાંત, આ વ્યવસ્થાને પ્રસ્થાપિત કરવામાં લાખો કરોડો લોકો ગોળીઓથી અને ભૂખમરાથી મર્યા એ જુદા ! અને આ બધા પછી પણ છેવટે થયું શું? ઠપ્પ થયેલા અર્થતંત્રના બોજ હેઠળ બધે એ વ્યવસ્થા કડડડભૂસ થઇ ગઇ અને રશિયાએ ગ્લાસનોસ્ટ અને પેરેસ્ટ્રોઇકાના નામે, તો ચીને માર્કેટ સોશ્યાલિઝમના નામે બજાર આધારિત આર્થિક વ્યવસ્થા જ દાખલ કરવી પડી. આપણો દેશ, થોડા નરમ સ્વરૂપમાં, પણ આ જ પ્રક્રિયામાંથી પસાર થયો છે. અલબત્ત, લોકતંત્રને કારણે આ વ્યવસ્થા દાખલ કરવા માટેનાં આત્યંતિક પગલાં ન લેવાયાં અને લોકોને વ્યાપકપણે ગોળીએ નહીં દેવાયા.

આનાથી વિપરીત, વ્યક્તિસ્વાતંત્ર્ય અને અવસરની સમાનતાને સામાજિક વ્યવસ્થાના કેન્દ્રમાં રાખવામાં આવે છે ત્યારે આર્થિક વિકાસની પ્રક્રિયા તો તેજ બને જ છે, સાથે સાથે આર્થિક સમાનતા પણ વધે છે. આપણામાંના ઘણાં તો આવી વાત સાંભળવા પણ તૈયાર નથી. કારણ કે ગળથૂથીમાંથી જ આપણે એ સાંભળતા આવ્યા છીએ કે મુક્ત બજાર આધારિત વ્યવસ્થા એટલે અસમાનતામાં વધારો અને મુઠ્ઠીભર અમીરો દ્વારા વિશાળ જનસમુદાયનું શોષણ. પરંતુ, ઐતિહાસિક તથ્યોને જો કાળજીપૂર્વક તપાસીએ તો ખ્યાલમાં આવે છે કે આ તો ગઈ સદીમાં પાંગરેલી એક દંતકથા (myth) માત્ર છે.

જ્યાં જ્યાં જ્યારે પણ મુક્ત બજાર આધારિત વ્યવસ્થાને અવરોધ વગર પાંગરવા દેવામાં આવી છે અને બધાને સમાન અવસર આપે એને મળતી આવતી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, ત્યાં ત્યારે સમાજના સામાન્ય અને ગરીબ લોકો જીવનધોરણનું એ સ્તર હાંસિલ કરી શક્યા છે, જેની એમણે ક્યારેય કલ્પના પણ ન કરી હોય. અમીર અને ગરીબ વચ્ચેનું અંતર સૌથી વધારે હોય, અમીર વધારે અમીર અને ગરીબો વધારે ગરીબ હોય, એવી સ્થિતિ, બીજે નહીં પરંતુ ત્યાં જ જોવા મળશે જ્યાં મુક્ત બજાર આધારિત વ્યવસ્થા પર રોક લગાવવામાં આવી હોય અને એને પાંગરવા ન દેવામાં આવી હોય.

આ વાત મધ્ય યુગના યુરોપ કે આઝાદી પહેલાંના ભારત જેવા સામંતી સમાજો માટે સાચી છે જ્યાં વ્યક્તિનું સ્થાન શું એ એના જન્મના આધાર પર નક્કી થતું હતું. એ સોવિયેટ યુનિયન, ચીન અને આઝાદી પછીના ભારત જેવા કેન્દ્રીય આયોજનવાળા દેશો માટે પણ સાચી છે, જ્યાં વ્યક્તિનું સ્થાન તે સત્તાના કેન્દ્રની કેટલી નજીક છે કે દૂર એના આધારે નક્કી થતું હતું, પછી ભલેને એ કેન્દ્રીય આયોજન સમાનતા હાંસિલ કરવાના આશયથી અપનાવવામાં આવ્યું હોય. વ્યાપક જનસમુદાય માટે શોષણ અને દારુણ ગરીબી અને મુઠ્ઠીભર લોકોના હાથમાં સત્તા અને સંપત્તિના કેન્દ્રીકરણની સ્થિતિ જો ક્યાંય જોવા મળતી હોય તો તે આવા સમાજોમાં જોવા મળે છે અને નહીં કે મુક્ત બજાર આધારિત સમાજોમાં, જે ખરેખર તો તમામ વિશેષાધિકારોને ખતમ કરે છે અને સૌને પોતાની ઈચ્છા મુજબ વિકાસ સાધવાનો અવસર આપે છે.

મુક્ત બજાર આધારિત ઔદ્યોગિક વિકાસના પરિણામે જે નવાં નવાં યાંત્રિક ઉપકરણો વિકસ્યાં છે તેનાથી અમીર લોકોના જીવનમાં એટલો ફરક નથી પડ્યો, જેટલો કે ગરીબ અને સામાન્ય લોકોના જીવનમાં પડયો છે. આધુનિક પ્લમ્બીંગથી પ્રાચીન ગ્રીસના ઉમરાવોના જીવનમાં ભાગ્યે જ કોઇ ફરક પડયો હોત, કારણ કે ત્યારે એમની પાસે દોડતું પાણી ભલે નહોતું, પરંતુ પાણી લઈને દોડતા ગુલામો તો હતાં જ ! ટેલિવિઝન અને રેડિયોની વાત કરીએ તો બધા દેશોના ઉમરાવો તો સંગીતકારો અને નૃત્યાંગનાઓની આખી ફોજ રાખતા હતા અને જ્યારે ઈચ્છા થાય ત્યારે એમના 'લાઈવ' કાર્યક્રમની મોજ માણતા હતા. આ તેમજ બાકીના કેટલાયે ઉપકરણોથી એમના જીવનમાં ભાગ્યે જ કોઈ તફાવત આવ્યો છે, સિવાય કે યાતાયાતનાં આધુનિક સાધનો અને આધુનિક દવાઓ. એનાથી એમના જીવનમાં ખાસ્સો ફરક પડ્યો છે, પરંતુ સામાન્ય માણસોના જીવનમાં પણ એટલો જ કે કદાચ એથી વધારે ફરક પડ્યો છે. મુકત બજાર આધારિત ઔદ્યોગિક વિકાસની મુખ્ય ઉપલબ્ધિ એ છે કે એણે ગરીબ અને સામાન્ય લોકો સુધી એ ચીજો-વસ્તુઓ અને સુવિધાઓ પહોંચાડી છે જે પહેલાં અમીર અને સત્તાધારી લોકોને જ પ્રાપ્ત હતી. અને સૌથી અગત્યની બાબત તો એ છે કે એણે એવાં અનેક સાધનો વિકસાવ્યાં છે, જેણે લાખો કરોડો ગરીબ લોકોને કમરતોડ શારીરિક શ્રમની યાતનામાંથી મુક્તિ આપી છે અને એમની ઉત્પાદક્તા અનેકગણી વધારી છે. (અલબત્ત, આપણે ત્યાં હજી એ જોઈએ એટલું નથી થયું, પરંતુ એનું કારણ એ છે કે આપણે આ પ્રક્રિયાને જોઈએ એટલી આગળ વધવા નથી દીધી.) ટૂંકમાં, જે સમાજ સ્વતંત્રતાની સરખામણીમાં સમાનતા (આવકની સમાનતા)ને વધારે મહત્ત્વ આપે છે, એ ન તો સ્વતંત્રતા મેળવી શકે છે, ન સમાનતા, અને લાખો કરોડો લોકોને આતંક અને વ્યાપક ભૂખમરાના શિકાર બનાવે છે.

આથી વિપરીત, જે સમાજ સ્વતંત્રતાને પ્રાથમિકતા આપે છે, ત્યાં લોકો વધારે સ્વતંત્રતા તો હાંસિલ કરે જ છે, સાથે સાથે વધારે સમાનતા પણ હાંસિલ કરે છે. અને આ આકસ્મિક જ નથી થતું. સ્વતંત્ર અને મુકત સમાજ તમામ લોકોની ક્ષમતાઓ અને શક્તિઓનાં બંધનો ખોલી નાખે છે. તે અમુક લોકોને બીજા લોકોને કચડી નાખતા રોકે છે. તે કેટલીક વ્યક્તિઓને સીડીની ટોચ પર પહોંચતાં રોકી નથી શકતો (જ્યારે એમાં બીજાની સ્વતંત્રતાનું હનન ન થતું હોય ત્યારે), પરંતુ એના આધારે એમને બીજા પર શાસન કરવાનો અધિકાર નથી આપતો. અને ખાસ તો એ એમની એ ટોચ પરની સ્થિતિને સ્થાયી (institutionalise) નથી થવા દેતો. બીજા મહત્ત્વાકાંક્ષી લોકો હંમેશાં એમની એ સ્થિતિને સતત પડકારતા રહેશે. સ્વતંત્રતા એટલે વિવિધતા અને સાથે જ ગતિશીલતા પણ. એ આજના વંચિતો માટે આવતી કાલના સંપન્ન બનવા માટેના અવસર બચાવી રાખે છે. અને આ પ્રક્રિયામાં ઉપરથી નીચે સુધી તમામને પરિપૂર્ણ અને સમૃદ્ધ જીવન જીવવા માટે સજ્જ કરે છે.

આવું કઈ રીતે થાય છે એ સમજવા માટે આપણે મુક્ત બજાર વ્યવસ્થા કઈ રીતે કામ કરે છે, એમાં કિંમત (price)ની શી ભૂમિકા છે, રાજ્યની શી ભૂમિકા છે, વગેરે બાબતો વિસ્તારથી સમજવી પડશે, જે હવે પછી જોઈશું. ■

# વિજ્ઞાન-અધ્યાત્મ-(૩)

- અનિલ પટેલ

**Nature and Nature's Laws lay hid in night**
**God said, Let Newton be!**

## ન્યૂટન - બર્કલી - અર્નસ્ટ મેક

Newton himself asserted that he had wrested its (theory's) functional principles from experience by induction. In other words, Newton asserted that the truth of his theory could be logically derived from the truth of certain observations –statements.

*K. R. Popper*

…(T)he paradox of the empirical sciences, as discovered by Kant:

Newton's dynamics goes essentially beyond all observations. It is universal, exact and abstract; it arose historically out of myths; and we can show by purely logical means that it is not derivable from observation statements.

*K. R. Popper*

### ન્યૂટન અને તેનું Principia

ગેલીલીયોએ અતિ બળૂકા ચર્ચ સાથે વેર કેમ બાંધ્યું ? બસ એ જ કારણે કે તેનું માનવું હતું કે મનુષ્ય પણ બુદ્ધિના ઉપયોગથી દૈવી મદદ વગર સૃષ્ટિનાં અછતાં રહેલાં રહસ્યો શોધી શકે. આ રહસ્યોનો ઈજારો ફક્ત ધર્મ (ચર્ચ)નો હોઇ ના શકે. આનાથી વિરુધ્ધ ચર્ચનું માનવું હતું કે સૃષ્ટિનાં રહસ્યો ખુલ્લાં કરવાનું ગજું મનુષ્યનું નથી. ગેલીલીયોની થિયરીઓ બહુ બહુ તો ગાણિતિક ગણતરીઓનું સાધન (instrument) ગણાવું જોઈએ, જે વધુ સારી ગણતરીઓ કરે કે આગાહીઓ કરે. પણ ગેલીલીયો આખરે તૂટ્યો.

ગેલીલીયોએ ઝીલી લીધેલો પડકાર બેકન અને દકાર્તે આગળ ઉપાડી લીધો. તેમની આશાવાદી જ્ઞાનમિમાંસાની ચર્ચા ગયા અંકમાં કરી. પણ વિજ્ઞાનના ક્ષેત્રે ગેલીલીયોના અભિયાનને ઊંચકી લીધું ઇંગ્લેન્ડના મહાન વિજ્ઞાની આઈઝેક ન્યૂટને (૧૬૪૨-૧૭૨૭). આખા અભિયાનને તે અકલ્પનીય ઊંચાઈએ લઇ ગયો. ન્યૂટોનિયન ક્રાંતિનાં પૂર એવાં તો ઊમટ્યાં કે તેનાં ૩૨૫ વર્ષે પણ પૂરની અસરો વર્તાઇ રહી છે. ન્યૂટનના વિજ્ઞાનની અજીબોગરીબ ખાસિયતોમાં જઈએ તે પહેલાં તેણે જન્માવેલા પ્રચંડ પ્રતિભાવોનો મોટો અંદાજ લઇ લઈએ તો જ વિજ્ઞાનની આગળની ખોજની નેમ અને વધારામાં વિજ્ઞાનની કાર્યપદ્ધતિ (methodology) ઉપર પ્રકાશ નાંખતી જ્ઞાનમિમાંસાની આગળની

### ગેલીલીયો કેમ તૂટ્યો ?

ગેલીલીયોને શારીરિક ત્રાસ માટેના યંત્ર Rackથી કેટલો ત્રાસ આપી શકાય તેનું વાસ્તવિક નિદર્શન બતાવવામાં આવેલું. આવી યાતનાનું એક તાદૃશ વર્ણન ગેલીલીઓના એક સમકાલીન ઈંગ્લીશ નાગરિક વીલીયમ લીથગો પાસેથી જાણવા મળ્યું છે. ઈ.સ. ૧૬૨૦માં લીથગોને સ્પેનીશ ઈન્કવીઝીશનમાં રેક ઉપર ચઢાવવામાં આવેલો તેનું વર્ણન તેના જ શબ્દોમાં : મને રેક (Rack) પાસે લઈ આવ્યા. મને તેની ઉપર ચઢાવવામાં આવ્યો. ત્રણ પાટિયાંવાળા બે પાટિયાંમાંથી મારા બે પગો પસાર કરવામાં આવ્યા. મારી બંને ઘૂંટીઓને રસ્સીથી બાંધી દેવામાં આવી. લીવરનો દંડો જેવો આગળ ધકેલવામાં આવ્યો કે બંને ઘૂંટણો અને પાટિયાંની વચ્ચે સાંધાનો પાછલો ભાગ કચરાયો, સાંધાના બધા બાંધો (ligaments) અને સ્નાયુઓ ચિરાઈ ગયા, ઘૂંટણોની ઢાંકણીઓનો ભુક્કો બોલી ગયો. મારી આંખો ફાટી ગઈ, મોઢે ફીણ આવી ગયાં. મારા દાંત નગારાની દાંડીની જેમ ખખડવા માંડ્યા, મારા હોઠ ધ્રૂજી રહ્યા હતા. દર્દના ઊંડા ચિત્કાર ઉઠ્યા. બંને બાવડામાંથી, ફાટી ગયેલા સ્નાયુઓમાંથી, હાથમાંથી અને ઘૂંટણોમાંથી લોહી ઝમવા માંડયું. વેદનાના શીખરો ઉપર પહોંચાડ્યા પછી મને છોડવામાં આવ્યો, ભોંય ઉપર બંને હાથને બાંધેલા રાખીને બેસાડવામાં આવ્યો. આજીજીભર્યું એક જ રટણ અવિરત સંભળાયા કરતું હતું, ''કબૂલી લે કબૂલી લે'' !

*(જે. બ્રોનોસ્કીના ''The Ascent of Man'' પુસ્તકમાંથી)*

વાંકીચૂંકી યાત્રા સમજી શકાય. આ સાથે જ વિજ્ઞાનની પદ્ધતિની અને રેશનાલિટીને લગતી અનેક વિચારધારાઓને ઐતિહાસિક રીતે ઊઠેલી સમસ્યાઓના પરિપ્રેક્ષ્યમાં સમજી શકીએ. અને તે અંગે રેશનલ નિર્ણય લઈ શકીએ !

ન્યૂટને તેની વિશ્વરચનાની થિયરી Principia તરીકે જગજાણીતા બનેલા પુસ્તક Mathematical Principles of Natural philosophyમાં સને ૧૬૮૭માં પ્રસિદ્ધ કરી. તેમાં ગેલીલીયોના ભૂમંડલીય મીકેનીક્સ અને કેપ્લરના ખગોલીય મીકેનીક્સમાં સુધારા કરતું અદ્‌ભુત અને આગવું સંયોજન હતું. સમગ્ર વિશ્વ (પૃથ્વી સમેત આખું બ્રહ્માંડ)ને આવરી લેતી, સર્વ ક્ષેત્રે અને સમયે સાચી ઠરેલી આ સાર્વત્રિક થિયરીના નિયમોમાં એટલું તો કૌવત હતું કે કોસ્મિક વિશ્વમાં થતી કોઈપણ ગતિને તે સાવ સાદી અને સરળ રીતે સંપૂર્ણ ચોકસાઈપૂર્વક વર્ણવી શકતા હતા. તેના સમય પછી Principia જગતના વિજ્ઞાન ઉપર બીજાં સવા બસો વરસ છવાયેલું રહ્યું.

આજે વિજ્ઞાને તેની સફળતાઓનો એવો તો ભવ્ય નજારો રજૂ કરી દીધો છે કે સાંપ્રત બૌદ્ધિકો જાણે કે અતિતૃપ્તિથી લગભગ ઉબાઈ ગયા છે. અતિ લાડે ફટવી મારેલા કિશોરની જેમ ''એમાં શું ?'' જેવો ગુસ્તાખીભર્યો સવાલ પણ કરી લે છે. આજે માધ્યમિક શાળામાં ભણતો એક સામાન્ય વિદ્યાર્થી પણ જાણે છે કે ન્યૂટનની ઉપર આઈનસ્ટાઈનની સરસાઈ સ્થપાઈ ગઈ છે. આવા માહોલમાં ન્યૂટનની થિયરીઓના આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકતા આયામો, અર્થો અને તે વરસોમાં તેણે ઊભી કરેલી અસરોને પુનઃસાકાર કરવાનું અઘરું બની ગયું છે.

લગભગ બે સદી સુધી ધસમસતા આગળ વધતા આ વિજયરથને રોકવો અશક્ય બની ગયું. વિશ્વરચનાના તત્ત્વ (essence)ને સમજી લેવાની પુરાણા ગ્રીક કાળથી ચાલી આવેલી ખોજનો જાણે કે અંત આવ્યો, તે અંતિમ મુકામે પહોંચી ગઈ. વિજ્ઞાનમાં રસ લેતી અને સમજતી કોઈ પણ વ્યક્તિ માટે થિયરીની સચ્ચાઈ ઉપર શંકા ઉઠાવવાનું કોઈ કારણ હતું નહીં. તે કાળના અને ત્યાર પછીના બધા જ ફિલોસોફરો, ખગોળશાસ્ત્રીઓ અને ભૌતિક વિજ્ઞાનીઓ થિયરીથી મહાત થઈ ગયા, તેને સાચી જ માનતા થઈ ગયા. વિચારોના ઈતિહાસમાં એક અદ્વિતીય બનાવ બની ગયો હતો, જાણે કે ન ભૂતો- ન ભવિષ્યતી. વિશ્વનું સંપૂર્ણ અને આખરી સત્ય સર્વ પ્રથમ વખત અને આખરી વખત મનુષ્યની મુઠ્ઠીમાં આવી ગયું હતું. માનવજાતનું યુગો જૂનું સ્વપ્ન જાણે સાચું પડી રહ્યું હતું. ઈશ્વરીય જ્ઞાનના ક્ષેત્રમાં મનુષ્યે સદેહે પ્રવેશ મેળવી લીધો હતો.

### ગેલીલીયોનો પ્રોજેક્ટ પાર પડી ગયો હતો?

ન્યૂટનની ભૌમિતિક થિયરી યુકલીડની પ્રખ્યાત ભૂમિતિને મોડેલ ગણતી હતી. (યુકલીડની ભૂમિતિ પણ વાસ્તવમાં સૃષ્ટિરચનાને બાંધી દેવાની પ્લેટોની કોશિશની ચરમસીમા હતી.) ન્યૂટને તેની કોસ્મિક ભૂમિતિમાં બીજાં બે આગવાં ઘટકો ઉમેરી દીધાં. પદાર્થ માત્રના દળને તેણે ભૌમિતિક બિંદુ (mass-point)માં ફેરવવાની પધ્ધતિ શોધી કાઢી. મહાકાય સૂર્યને કે બીજા ગ્રહોને બિંદુઓમાં ફેરવી શકાય તો જ ભૂમિતિ રચી શકાય. આ કામ અઘરું હતું. વરસોની એકધારી જહેમત પછી ન્યૂટને આ માટે સાવ નવા જ ગણિતની - calculusની શોધ કરી. આની સાથે ઉમેર્યું બીજું ઘટક પદાર્થ ઉપર લાગતાં દિશાનિર્દેશક બળો (vectorial forces)નું. અહીં ન્યૂટને ઊભી કરી દીધી એક સુંદર, લાલિત્યપૂર્ણ કૃતિ. આટલેથી ના અટકતાં ન્યૂટને દાવો પણ કર્યો કે તેની થિયરીઓ અનુભવ-આધારિત હતી.

આ તો દેખીતી રીતે ભૌમિતિક વિજ્ઞાન હતું, જે સંપૂર્ણપણે ડીડક્ટીવ (નિગમનાત્મક) હતું અને છતાં ન્યૂટનનો આગ્રહ એ જ રહ્યો કે થિયરીના ચાલક (Functional) સિદ્ધાંતો તેણે અવલોકનો ઉપરથી ઇન્ડક્ટ (આગમન) કરેલા છે. (કિશોરવયે પાઠ્યપુસ્તકોમાં વાંચેલી વાર્તા યાદ આવી જાય કે પ્લેગના સમયે નાનીના ફળોના બગીચામાં બેઠેલા ન્યૂટને સફરજન પડતું જોયું અને તેને ગુરુત્વાકર્ષણનો નિયમ સૂઝેલો !) બીજા શબ્દોમાં કહીએ તો ન્યૂટનનું કહેવું હતું કે સાચાં પણ મર્યાદિત અવલોકનોનાં વિધાનોમાંથી તેણે તાર્કિક રીતે સાર્વત્રિક થિયરીનાં તારણો કાઢેલાં. ન્યૂટને ક્યાંય તેણે કરેલાં અવલોકનોનું ચોકસાઇભર્યું વિવરણ આપ્યું નથી. પરંતુ એ સ્પષ્ટ છે કે તેનો નિર્દેશ તેના પુરોગામી કેપ્લરની થિયરી તરફ હતો. કેપ્લરે ગ્રહોની ગતિના ત્રણ નિયમો શોધેલા. તેના નિયમો અનુસાર બધા જ ગ્રહો સૂર્યની આસપાસ અંડાકાર (elliptical) કક્ષામાં ભ્રમણ કરતા હતા. તો વળી કેપ્લરના નિયમો તેના શિક્ષક ટાયકો બ્રાહેએ વરસો સુધી કાળજીપૂર્વક કરેલાં ગ્રહોની ગતિનાં અવલોકનોના રેકોર્ડ ઉપરથી ઇન્ડક્ટ કરવામાં આવેલા. આ વાત માનનારા વિજ્ઞાનીઓ આજે પણ છે.

## કેપ્લરની થિયરીઓ ઈંડક્શનથી ?

''ન્યૂટનની થિયરી કેપ્લરની થિયરીમાંથી અને તે થિયરી ટાયકો બ્રાહેનાં અવલોકનોમાંથી ઇન્ડક્ટ થયેલી'' એ થિયરીની સચ્ચાઇ આપણી ચર્ચાના અનુસંધાનમાં એકદમ પ્રસ્તુત છે. પરંતુ ઘણાં ઊંડાં પાણીમાં લઇ જતી ચર્ચા હોવાથી અહીં તેના મુખ્ય અંશો જ જોઇએ.

કેપ્લરની થિયરી કોપરનીકસની મેટાફીઝીકલ સૂર્યકેન્દ્રી થિયરીમાંથી નીપજેલી છે. કેપ્લર અને કોપરનીક્સ બંને નીઓપ્લેટોનિક વાતાવરણમાં ઊછરેલા, જેમાં પ્લેટોની મેટાફીઝીકલ થિયરીઓનો મોટો પ્રભાવ હતો. પ્લેટોની થિયરી મુજબ સંપૂર્ણ જ્ઞાન એટલે ઇશ્વર અને ઇશ્વર એટલે પ્રકાશ. પ્રકાશનો સૌથી શુદ્ધ અને સંપૂર્ણ સ્રોત તો સૂર્ય. આ કારણે સૂર્ય વિશ્વના કેંદ્રમાં હોય તે વાજબી અને ન્યાયોચિત છે. આવા ગૂઢ મેટાફીઝીકલ ઇશ્વરીય વિચારોથી વિંટળાયેલી કોપરનીકસની થિયરીમાં ગ્રહોની ભ્રમણકક્ષા સંપૂર્ણ વર્તુળાકારની માનવામાં આવી છે કારણ કે તે જ ઇશ્વરીય આકાર ગણાય. કેપ્લર પણ સંપૂર્ણ વર્તુળની થિયરીમાં માનતો હતો. કેપ્લરે ટાયકો બ્રાહે પાસેથી મેળવેલાં અવલોકનો કોપરનીક્સની વર્તુળાકાર કક્ષાઓમાં બેસાડવાના ભરપૂર પ્રયત્નો કર્યા પરંતુ બધા જ પ્રયત્નો નિષ્ફળ રહ્યા. કેપ્લરે ભયંકર નિરાશાની વચ્ચે આ નિષ્ફળતાનો સ્વીકાર કર્યો અને જે કેપ્લરની સ્થિતિમાં કોઇ ના કરે તે કર્યું. વર્તુળથી ઊતરતી કક્ષાના બીજા ''અશુદ્ધ'' આકારોમાં આ અવલોકનોને બેસાડવાનો પ્રયત્ન કર્યો અને છેવટે અશુદ્ધ અંડાકાર કક્ષામાં બેસાડવામાં સફળ રહ્યો, જેનો તેણે નતમસ્તકે સ્વીકાર કર્યો ! તે ત્યાં સુધી ગયો કે સૂર્યની પ્રદક્ષિણા કરતા ગ્રહો સમયે, સમયે ગતિ બદલે છે તેવી કડવી વાસ્તવિકતાને પણ સ્વીકારી શક્યો. ન્યૂટનની થિયરીનો સૌ પ્રથમ મહાન વિજય તો એ હતો કે તેની થિયરીએ ગ્રહોની કક્ષા કેમ અંડાકાર હોય છે તે સમજાવ્યું! મજાની વાત એ છે કે આ જ કેપ્લર જ્યોતિષશાસ્ત્રમાં ઊંડી શ્રદ્ધા ધરાવતો હતો અને ગ્રહોની અસરો બીજા ગ્રહો ઉપર થાય છે તે માનતો. ચંદ્રના કારણે સમુદ્રની ભરતીની થિયરીનો તે સૌ પ્રથમ ઘડવૈયો. જે થિયરીને ગેલીલીયોએ મેટાફીઝીકલ કહીને નકારી કાઢેલી !

ન્યૂટનની થિયરી કેપ્લરમાંથી ઇન્ડક્ટ કરવામાં નથી આવી કારણ કે કેપ્લરની થિયરીઓને તે સુધારે છે અને મહત્ત્વના મુદ્દા ઉપર કાપે છે. ઇન્ડક્ટ થયેલી થિયરી મૂળ થિયરીને તાર્કિક રીતે કાપી શકે નહીં.

## ન્યૂટનની થિયરી મૂળતત્ત્વવાદી (essentialist) ?

ન્યૂટનની થિયરીઓ ઇન્ડક્શનનું પરિણામ ખરું ? આ એક સવાલ અને બીજો મહત્ત્વનો સવાલ - તે મૂળતત્ત્વવાદી (essentialist) છે ?

ગેલીલીયોની જેમ ન્યૂટન પણ મૂળતત્ત્વવાદી હતો. તે પણ માનતો કે મનુષ્યરચિત વિજ્ઞાનનું આખરી ધ્યેય તો વાસ્તવિકતાની બાહ્ય સપાટીને વીંધીને પાછળ રહેલી ખરી વાસ્તવિકતાને પિછાનવી. પરંતુ સપાટી પાછળની વાસ્તવિકતાને ગેલીલીયોની જેમ ન્યૂટને પણ એરિસ્ટોટલે પ્રબોધેલા મૂળતત્ત્વવાદમાં જોઇ. આ વિચારને આપણે આગળના અંકમાં ચર્ચેલો છે. પરંતુ ન્યૂટનની થિયરીના સંદર્ભમાં તેની પુનઃમુલાકાત લેવા જેવી છે. વિજ્ઞાનના ધ્યેયની ચર્ચા માટે આ મહત્ત્વનો મુદ્દો બને છે.

એરિસ્ટોટલની ગાઢ અસર નીચે વિકસેલી મૂળતત્ત્વ (essence)ની થિયરી પ્રમાણે :

૧. કોઇ પણ ચીજ, વસ્તુ કે પદાર્થનું મૂળતત્ત્વ તે પદાર્થમાં જ નિહિત છે. તેણે બીજી બાહ્ય હસ્તી કે સંબંધોનું અવલંબન લેવાની જરૂર નથી.

૨. મૂળતત્ત્વ ગ્રાહ્ય કરી લીધાનો દાવો કરતી વૈજ્ઞાનિક થિયરી પોતાનામાં સંપૂર્ણ છે. તેને વધારે ઊંડાણથી સમજવાની ન તો કોઇ જરૂર છે, ન તો શક્ય છે. તે આખરી સમજણની થિયરી છે - આખરી મુકામ છે.

ન્યૂટને તેનો મૂળતત્ત્વવાદ દકાર્તમાંથી લીધેલો. દકાર્તની થિયરી પ્રમાણે પદાર્થનું મૂળતત્ત્વ વિસ્તરણ (extersion)માં છે. આમાંથી જ નીકળે છે વસ્તુના જડત્વ (inertia)નો ગુણધર્મ, એટલે કે ગતિહીન કે ગતિમાન પદાર્થની સ્થિતિમાં થતા ફેરફારને અવરોધવાની તે પદાર્થની નિહિત શક્તિ.

અહીં સુધી તો વાત બરાબર હતી. પરંતુ થિયરીનું બીજું નિર્ણાયક ઘટક બે પદાર્થો વચ્ચેના આકર્ષણ - ગુરુત્વાકર્ષણનું હતું. દકાર્તની થિયરીમાં આ કાંઇ બંધ બેસે નહીં. ગુરુત્વાકર્ષણ મૂળે તો ઓછામાં ઓછા બે પદાર્થો વચ્ચે હોવાથી પદાર્થો વચ્ચેના સંબંધોનું પરિણામ છે. મૂળતત્ત્વવાદની કડક કસોટીમાંથી તે પાર પડી ના શકે. ન્યૂટન આ મડાગાંઠથી સંપૂર્ણ જ્ઞાત હતો.

આ ગાંઠ ઉકેલવા તે ઘણો મથ્યો. તેના મિત્ર રીચાર્ડ બેન્ટલીને ૧૬૯૩માં લખેલા પત્રમાં અસંદિગ્ધ રીતે તેણે લખ્યું, ''ગુરુત્વાકર્ષણને પદાર્થની અંદરના એક નિહિત મૂળભૂળ તત્ત્વ તરીકે સ્વીકારવું, જેથી એક પદાર્થ બીજા પદાર્થ ઉપર દૂરથી અસર કરી શકે . . . તે વાત મારા મતે એટલી વાહિયાત (absurd) છે કે તેનો સ્વીકાર કોઇ પણ વ્યક્તિ જેનામાં વિચારવાની ક્ષમતા છે અને આ બાબતોને સમજવા સક્ષમ છે તે કરી શકે તે હું માની શકતો નથી''. બે પદાર્થ વચ્ચેના આકર્ષણને કોઇ પણ રીતે મિકેનિકલ ધક્કામાં પરિવર્તન કરી શકાય તો મોટી ગાંઠ ઊકલી જાય. પરંતુ આમ કરવા જતાં ન્યૂટનનો બીજો મહત્ત્વનો જડત્વનો સિદ્ધાંત તૂટી પડતો હતો. બધા જ પ્રયાસો નિષ્ફળ ગયા. મૂળતત્ત્વવાદી ન્યૂટન માટે આ મોટી પીછેહઠ હતી છતાં તે હાડોહાડ રેશનલ વિજ્ઞાની પણ હતો. રેશનાલિટીના હાર્દ સમી આલોચનાત્મકતા (criticality)નો તેણે કયારેય ત્યાગ ના કર્યો. દકાર્ત જેવા પ્રમાણમાં કોઇ કાચાપોચાએ મિકેનિકલ ધક્કાની થિયરીનું તરણું ઝાલી લીધું હોત. ન્યૂટને તેમ ના કર્યું. સાચા બેકનીયનની જેમ દકાર્ત તરફ હળવો ઇશારો કરતાં કહ્યું, ''હું કોઇ પણ જાતની પરિકલ્પના (Hypothesis) કરતો નથી. હું તો ફક્ત ઘટના (phenomena)ના આધારે જ મારી દલીલો કરીશ.'' પરિકલ્પના (hypothesis)ના ઉપયોગથી જ્ઞાનખોજનો વિચાર ન્યૂટને તેનાં લખાણોમાં અનેક વખત નકારી કાઢ્યો તે સાવ સાચું, પણ પરિકલ્પનાઓના ઉપયોગ વગર તે એક ડગલું પણ આગળ વધી શકે તેમ નહોતો, તે તો તેની પ્રકાશની થિયરીના પુસ્તક Optics વાંચતાં વારંવાર સમજાય છે! પુસ્તક ન્યૂટનની અનેક હિંમતભરી અટકળોથી છલકાય છે. ન્યૂટનના પરિકલ્પનાના સખત વિરોધી વિચારોની ત્યારે અને પછીનાં બસો વરસ સુધી કોઇ અસરો વર્તાઇ નહીં. (પછી પરિસ્થિતિ બદલાઈ.) એરિસ્ટોટેલીયન અર્થમાં મૂળતત્ત્વને થિયરીમાં જકડી લેવાનો પ્રોજેક્ટ, અને તે પણ અવલોકનોમાંથી ઈન્ડકટ કરીને, અતિશય આકર્ષક તો છે જ, આપણી દાદ પણ માંગી લે છે, પરંતુ તે મિથ્યા છે અને મિથ્યા થઇને રહ્યો. ન્યૂટનના સમયે ભલે ના સમજાયું પણ પરિકલ્પનાના ઉપયોગ વગર, માત્ર ઘટનાઓનાં અવલોકનો દ્વારા મૂળતત્ત્વને પકડી લેવાનો (induction) કોઇ પણ પ્રયાસ નિષ્ફળ જ જાય. પૂર્વધારણા કે થિયરી વગર કે ઘણી વખત તો નરી ઇરેશનલ લાગતી, કલ્પનાના મુક્ત વિહાર સમ અટકળો (પરિકલ્પના) વગર અવલોકનો શક્ય નથી. ઇંદ્રિયો તેની રચનાથી કે બુદ્ધિ આગોતરી પૂર્વધારણાઓ (જીનેટિક કે એકવાયર્ડ)થી રંજિત છે માટે ''શુદ્ધ'' અવલોકનો કરી શકાતાં નથી તે સદાકાળ સાચું છે. પૂર્વગ્રહરહિત અવલોકનો ભલે વિજ્ઞાનની પધ્ધતિમાં આદર્શ તરીકે સ્વીકારાઇ ગયાં હોય પરંતુ આશાવાદી જ્ઞાનમિમાંસાનો આ રોમાંચક આદર્શ વાસ્તવમાં તૂટી જ પડે. કોઇ પણ અવલોકનની પહેલાં કોઇ ને કોઇ સભાન કે અભાન અપેક્ષા, પૂર્વધારણા, પૂર્વગ્રહ કે થિયરી હોય જ - જીનેટિક કે નોનજીનેટિક.

## ન્યૂટનની થિયરીને મૂળતત્ત્વવાદી રૂપે સ્થાપતા તેના અનુયાયીઓ

ખેર! ગુરુત્વાકર્ષણને મૂળતત્ત્વ તરીકે સ્વીકારવાના ન્યૂટનના વિરોધ છતાં વ્યવહારમાં થિયરી એટલી કૌવતવાળી પુરવાર થઇ રહી હતી કે રોજર કોટસ જેવા ન્યૂટનના અનુયાયીઓએ ગુરુત્વાકર્ષણને પદાર્થના એક મૂળતત્ત્વ તરીકે સ્વીકારી લેવામાં કોઇ હિચકિચાટ અનુભવ્યો નહીં. તેઓએ નક્કી જ કરી લીધું કે ન્યૂટનની થિયરી આખરી સત્યની થિયરી જ ગણી શકાય. Principiaની બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં કોટસે લખ્યું કે ન્યૂટને શોધી કાઢ્યું હતું કે પદાર્થનો દરેક કણ ગુરુત્વાકર્ષણનું બળ નિહિત રીતે ધરાવતો હતો. બીજા કણોને પોતાના તરફ આકર્ષી શકતો હતો. જડત્વ (inertia)નો તો ન્યૂટને મૂળતત્ત્વ તરીકે સ્વીકાર કર્યો જ હતો. હવે બંને પદાર્થના મૂળતત્ત્વ (ગુણધર્મો) બની જતા હોવાથી દરેક પદાર્થમાં રહેલા દળના પ્રમાણમાં તે જડત્વ અને ગુરુત્વાકર્ષણનું બળ ધરાવતા બની ગયા. ન્યૂટનની ગતિના નિયમો ગણિતની ભાષામાં પદાર્થમાં રહેલા મૂળતત્ત્વોની કુદરતી સ્થિતિનું જ વર્ણન કરે છે. ન્યૂટનનું આવું સાંગોપાંગ મૂળતત્ત્વવાદી અર્થઘટનનું એકચક્રી શાશન બીજાં બસો વરસ ચાલ્યું. થિયરીમાં જરૂરી તદર્થ (adhoc) ફેરફારો કરી દેવાયા પછી તે મૂળતત્ત્વોને જકડી લેતા આખરી સત્ય તરીકે સ્થપાઇ ગઇ.

## બીશપ બર્કલી - સાધનવાદનો મૂળ ફિલોસોફર પ્રણેતા

ગુરુત્વાકર્ષણને મૂળતત્ત્વ તરીકે સમાવી લેતો રૂપાંતરિત ન્યૂટેનિયન વિચાર આગળ વધ્યો તેનાં ૩૫ વર્ષ પછી ૧૭૨૧માં બર્કલીએ ન્યૂટનની

થિયરીની પાછળ રહેલી ફિલોસોફી સામેનો તેનો તર્કબદ્ધ વિરોધ જાહેર કર્યો. મનુષ્ય આખરી સત્યનો તાગ લઇ શકે તેની સામે જ બર્કલીનો વિરોધ. થિઓલોજી-કથિત પરમ સત્યનું શું થાય ? આ તેની પરમ ચિંતા. અવલોકનોમાંથી ઇન્ડક્ટ થયેલી ન્યૂટનની થિયરીના આખરી સત્યના દાવામાં રહેલાં અવલોકનો અને તેમાંથી થિયરીની નબળી કડી તેની વિચક્ષણ દૃષ્ટિમાંથી છટકી શકે ? બસ ! આ જ કડી તેના પ્રહારોનું નિશાન બની.

બર્કલી પોતે ન્યૂટનની થિયરીથી ખાસ્સો પ્રભાવિત થયો હતો. થિયરીનો તેનો અભ્યાસ પણ ઘણો ઊંડો હતો. બર્કલીને એ પણ અહેસાસ હતો કે થિઓલોજીનો બચાવ કરવા તેને ન્યૂટનથી વધારે બળૂકો પ્રતિસ્પર્ધી કોણ મળવાનો હતો ?

તેની મૂળ થિસીસના મુખ્ય મુદ્દાઓ :

૧. કોઇ પણ અર્થ વગરનો (meaningless) શબ્દ બોલવો તે ફિલોસોફર માટે શોભાસ્પદ નથી.

૨. શબ્દ અર્થસભર (meaningful) તો જ કહેવાય જ્યારે તે કોઇ વિચાર (idea) ઇન્દ્રિયજન્ય સંવેદન (perception)ને કે પછી તેની સ્મૃતિને દર્શાવતો હોય. આ અર્થમાં ન્યૂટોનિયન થિયરીના મહત્ત્વના શબ્દો જેવા કે નિરપેક્ષ અવકાશ (Absolute space), નિરપેક્ષ સમય (Absolute Time) કે નિરપેક્ષ ગતિ (Absolute motion) અર્થવિહીન છે કારણ કે તેમને અંગત કોઇ અનુભવ સંભવી શકે નહીં. ન્યૂટનની થિયરીનાં તે અંગો ના હોઇ શકે.

૩. ''ગુરુત્વાકર્ષણ'' કે ''બળ'' જેવા શબ્દોનો ભૌતિક વિજ્ઞાનમાં દુરુપયોગ થઇ રહ્યો છે. એમાંથી એક પણ અનુભવજન્ય નથી.

૪. આ બધું જોતાં ન્યૂટનની થિયરી અસલી વાસ્તવિક (natural) કારણને સમજાવે છે તેવું કહી શકાય નહીં. ન્યૂટનની થિયરીમાં ગુરુત્વાકર્ષણ એક મૂળભૂત તત્ત્વનું સ્થાન ભોગવે છે તે ખોટું છે. (બર્કલી જાણે છે કે ન્યૂટનનો પણ વિરોધ હતો.) ગુરુત્વાકર્ષણને પદાર્થની ગતિનું કારણ સ્વીકારી ના શકાય. પરંતુ એ વાતનો સ્વીકાર થવો જોઇએ કે ન્યૂટનની થિયરી સાચાં પરિણામો તરફ લઇ જાય છે. આ વિરોધાભાસી લાગતી વાતને સમજવી હોય તો ગાણિતિક પરિકલ્પના (mathematical hypothesis) અને ચીજોના મૂળ તત્ત્વ વચ્ચે ભેદ કરવો જોઇએ. ભેદ સ્વીકારાયા પછી ગાણિતિક પરિકલ્પનાઓથી સૂર્યમાળા ઉપર ગણતરીઓ કરી શકાય તે સિદ્ધાંતનો બચાવ કરી શકાય.

૫. જો સમજણનો અર્થ પદાર્થની અંદરના તત્ત્વને શોધી કાઢવાનું એવો હોય તો મિકેનિકલ પ્રયોગાત્મક વિજ્ઞાનની પાસે સમજણની અપેક્ષા વ્યર્થ છે. આનું કારણ એ કે પદાર્થને તેનું પોતાનું કોઇ મૂળ તત્ત્વ નથી. જે પણ વાસ્તવિકતા છે તે સપાટી ઉપર જે દેખાય છે તે જ છે. જે કાંઇ છે તે સપાટી જ છે.

૬. વિજ્ઞાનનું ક્ષેત્ર શું છે ? પ્રયોગો, બૌદ્ધિક તર્ક વગેરેનો ઉપયોગ કરીને કુદરતના એટલે સપાટી ઉપર દેખાતી વાસ્તવિકતાના નિયમિતતા (regularities), એકસરખાપણું (uniformity) જેવા નિયમો શોધવાના છે.

૭. ગતિના એ નિયમો જે ગતિમાન પદાર્થોની જોવા મળતી નિયમિતતા વર્ણવે છે તે સાચા છે. પરંતુ થિયરીના એ ભાગો જેમાં બળ, ગુરુત્વાકર્ષણની વિભાવનાઓ રહેલી તે સાચા નથી. કારણ કે વાસ્તવિકતા સાથે સંગત નથી. (તેઓને અવલોકી શકાતા નથી.) પરંતુ તેમને ગાણિતિક પરિકલ્પનાઓમાં ઉપયોગમાં લેવાય છે અને પરિણામો બતાવે છે. માટે તેઓ ઉપયોગી છે, નકારી કઢાય નહીં. છેલ્લે, નિરપેક્ષ આકાશ, સમય, કે ગતિ સાચાં નથી તે તો ખરું જ, પરંતુ ગણતરીઓ માટે પણ તે ઉપયોગી નથી માટે તેમને થિયરીમાંથી બહાર હાંકી કાઢવા જોઇએ.

૮. આ જ દલીલને લંબાવીને તેણે અણુવાદ (atomism)ને પણ નકારી કાઢયો કારણ કે તે પણ દેખીતા વિશ્વની પાછળની કોઇ અણદીઠ વાસ્તવિકતા ઉપરથી તારવવામાં આવ્યો હતો. (અજ્ઞ થી જ્ઞ તરફ જતો હતો.)

### બર્કલી, ઓસ્ટ્રીયન અર્નસ્ટ મેકનો પુરોગામી - પોઝિટીવીઝમનો ઉદય

બર્કલીના આ વિચારો વાંચીને હસી કાઢવા જેવા નથી. કારણ કે આ તો વિજ્ઞાનની અદ્યતન ફિલોસોફી બની ગઇ છે. આશ્ચર્યમાં ડૂબી જવાય તેવી આ વાત છે. પોઝિટીવીઝમ (સાધનવાદ) ક્વોન્ટમ મિકેનિકસના પ્રતિષ્ઠાન (establishment)ની માન્ય ફિલોસોફી છે.

અલબત્ત, આ અદ્યતન ભાસતી ફિલોસોફીનો જનક છે અર્નસ્ટ મેક - ફિલોસોફર, ભૌતિકવિજ્ઞાની.

મેકે પણ સાધનવાદી (instrumentalist) થિયરીનો ઉપયોગ સપાટી પાછળની વાસ્તવિકતાને વર્ણવતી હોવાના ન્યૂટોનિયન થિયરીના દાવાને પડકારવા માટે જ કરેલો, જે બર્કલીએ કરેલો. મજાની વાત એ છે કે મેક એ હકીકતથી સાવ અજાણ હતો કે લગભગ બસો વરસ પહેલાં બીશપ બર્કલી આ જ થિયરી અક્ષરશઃ એ જ શબ્દોમાં વિસ્તારથી રજૂ કરી ગયો હતો. તે તો એમ જ માનતો હતો કે તેની થિયરી સાવ નવી અને ક્રાંતિકારી હતી. મેકે સાધનવાદી બર્કલીયન જ્ઞાનમિમાંસાને બીજું નામ આપ્યું - પોઝિટીવીઝમ. એટલું જ. (આ નામ કેમ ? તે ચર્ચા પછીથી કરીશું.) પોઝિટીવીઝમ ૨૦મી સદીની જ્ઞાનમિસાંસા ગણાઇ ગઇ છે. મેકના પટ્ટશિષ્ય મોરીસ સ્કલીકે (Maurice Schlick) પોઝિટીવીઝમના મક્કા જેવા વિયેના સર્કલની સ્થાપના કરી, જેનો એક પ્રખર પ્રણેતા ઓસ્ટ્રીયન લુડવીગ વીટગેઇનસ્ટાઇન. મેકની ''થિયરી એટલે ગણતરીનું સાધન''નો વિચાર તો આઇનસ્ટાઇને પણ સ્વીકારી લીધેલો. કવોન્ટમ મિકેનીકસના હેસનબર્ગ, શ્રોડીંગર જેવા દિગ્ગજો તેની પાછળ જોડાયા.

## મેક અને બર્કલી

મેક અને બર્કલી બંને ન્યૂટનની થિયરીના ઉગ્ર ટીકાકાર હતા તો તેના પરમ પ્રશંસક પણ. બંનેએ ન્યૂટનના નિરપેક્ષ અવકાશ, સમય અને ગતિને લગભગ સરખા જ શબ્દોમાં ફગાવી દીધા. જાણે બંનેનું મેટાફીઝીક્સ સાવ જ ભિન્ન! મેક પોઝિટીવીઝમ તો બધા જ મેટાફીઝીક્સ, ખાસ કરીને થિઓલોજીનો ઘોર વિરોધી, જ્યારે બર્કલી તો ક્રિશ્ચીયન થિઓલોજીઅન ! બંને વચ્ચે કાર્ય-કારણ વિશે પાયાનો મતભેદ. બર્કલી માનતો કે ''સાચું'' કે ''ખરું'' કારણ આધ્યાત્મિક (spiritual) છે, ભૌતિક પદાર્થોમાં તે શોધવું મિથ્યા છે. તે ભૌતિક વિજ્ઞાનના ગજા બહારનું છે. આખરી સમજ (Ultimate explanation) એ ઇશ્વર છે. મેક આવું કદાપિ ના માને.

આંખે ઊંડીને વળગતી બંને વચ્ચેની સમાનતા એ છે કે બંને માટે દેખાતા ભૌતિક વિશ્વ પાછળ કોઇ વાસ્તવિક ભૌતિક વિશ્વ નથી (દા.ત. અણુ પરમાણુનું). જે છે તે તો ઇન્દ્રિયો દ્વારા ઝિલાતાં રંગ, અવાજ, સ્વાદ, ગંધ જેવાં સંવેદનો (perceptions) જ - (phenomenalism). ભૌતિક વિશ્વનું કારણ બર્કલીના મતે ઇશ્વર છે. મેક કહે છે બસ તે છે.

બર્કલી કહે છે ભૌતિક વાસ્તવિકતા પાછળ કોઇ બીજી ભૌતિક વાસ્તવિકતા નથી (પણ ઇશ્વર છે). જ્યારે મેક કહે છે તેની પાછળ કાંઇ જ નથી. બર્કલી તો અણુવાદ (atomism)ને નકારી જ ચૂક્યો હતો. મેકે તો અણુ-પરમાણુનું અસ્તિત્વ ૧૯મી સદીમાં ભૌતિક વિજ્ઞાનમાં સ્વીકારાયા પછી પણ નકારી કાઢ્યું કારણ કે તે ઇન્દ્રિયગમ્ય ન હતું.

પાછા બર્કલી ઉપર અને તે સમયબિંદુ ઉપર આવીએ. બર્કલીનું સાચું ઐતિહાસિક પ્રદાન એમાં રહેલું છે કે તેણે ન્યૂટન વિજ્ઞાનમાં સ્વીકારાયેલા મૂળતત્ત્વવાદી વિચારોને પડકાર્યા. પરંતુ તેના સમકાલીન ભૌતિકવિજ્ઞાનીઓએ બર્કલીની અવલોકનવાદી પદ્ધતિ (empirical method)ને કાપતી ફિલોસોફીકલ દલીલોને સંપૂર્ણ નજરઅંદાજ કરી. આવા જ હાલ થયા તેની સાધનવાદી ફિલસૂફીએ પ્રબોધેલી વિજ્ઞાનની નેમના. (આનો સ્વીકાર હજી ઊંડા ભાવિના ગર્ભમાં છુપાયેલો હતો.) ત્યારે તો ન્યૂટનની થિયરી આખરી સત્ય તરીકે સ્વીકારાઈ ગઈ અને તે સાથે તેનો દાવો પણ કે તે અનુભવોમાંથી ઈન્ડક્ટ કરાઈ હતી.

બર્કલીના મહાન અનુગામી ફિલોસોફરો હ્યુમ અને કાન્તના ખ્યાલમાં આવી ગયું કે અનુભવવાદી કાર્યપદ્ધતિમાં ક્યાંક કાચું કપાયું છે. હ્યુમના હાથમાં બર્કલીનો તર્ક એક એવું હથિયાર બની ગયો જે માનવીય જ્ઞાનની દરેક માન્યતા માટે એક ધમકી બની ગયો. માનવીય જ્ઞાન અને રેશનાલિટી જ ખતરામાં મુકાઇ ગયાં.

કાન્ત ઇશ્વરમાં માનતો અને ન્યૂટનના નિયમોની સચ્ચાઇમાં પણ. તેણે એક નવો સિદ્ધાંત રજૂ કર્યો કે ઇશ્વરનું જ્ઞાન મેળવવું મનુષ્ય માટે અસંભવ છે. ન્યૂટોનિયન વિજ્ઞાનના સત્યપણાનો દાવો તો જ સ્વીકારાય જો તે સપાટી પાછળના વિશ્વની વાસ્તવિકતાને જાણી શકવાના તેના દાવાને ત્યજી દે. (અલબત્ત, કાન્તે ક્યારેય સાધનવાદી વિચારની ચર્ચા કરી નથી.)

## થિયરીમાં તિરાડો - ''થિયરી એટલે સાધન જ'' ના સિદ્ધાંતમાં રૂપાંતર ?

છેક ૧૯મી સદીના છેલ્લા બે દાયકાઓમાં થિયરીમાં તિરાડો દેખાવા માંડી. માઇકલસન - મોરલીના પ્રકાશની ગતિના પ્રયોગોએ બતાવી આપ્યું કે થિયરીમાં કયાંક ઊંડે નબળાઇ રહેલી છે. સને ૧૯૦૫માં આઈનસ્ટાઈનની Special Theory of Relativity અને ૧૯૧૫માં General Theory of Relativityએ ન્યૂટનની થિયરીને ઓછામાં ઓછી ત્રણ નિર્ણાયક કસોટીઓમાં પછડાટ આપી. તેનું ''સાચી થિયરી''નું કવચ તૂટ્યું.

ખોટી પડેલી ન્યૂટનની થિયરી સમક્ષ હવે બે જ વિકલ્પ હતા. એક વિકલ્પ એ કે આખરી સત્ય તરીકે નહીં પરંતુ અત્યંત સફળ થયેલી એક

પરિકલ્પના (hypothesis) તરીકે સ્થાન લેવું. ન્યૂટનની પોતાની પરિકલ્પનાના ઉપયોગ સામેના સખત વિરોધના જાણીતા સંદર્ભમાં બીજો વિકલ્પ એ દેખાતો હતો કે સપાટી પાછળનું સત્ય શોધવાનો કે જાણવાનો દાવો જતો કરી સફળ ગણતરીઓ કરી શકતા સાધન તરીકેનું સ્થાન લેવું. પરિકલ્પના સામેના ન્યૂટનના વિરોધનો ઉપયોગ કરીને ૨૦મી સદીના પહેલા દાયકામાં ડ્યુહેમ, અર્નસ્ટ મેક જેવા ભૌતિક વિજ્ઞાનીઓએ જાહેર કર્યું કે ન્યૂટનની થિયરી સપાટી પાછળની કોઇ વાસ્તવિકતાને વર્ણવે છે તે મેટાફીઝીકલ લાગતી માન્યતાનો ત્યાગ કરી દેવો જોઇએ. વધારેમાં વધારે એટલું કહેવાય કે તેની થિયરીઓ ગાણિતિક પરિકલ્પના (Mathematical hypothesis) હોવાથી વધારે સારી ગણતરીઓ અને સારા વર્તારા (predictions) કરવાનું સારું સાધન છે. સાધન સારું કે ખરાબ હોઇ શકે પણ તે સાચું કે ખોટું તે મુદ્દો સાવ અપ્રસ્તુત છે. આ થિયરીને instrumentalism કહી શકાય. આ જ થિયરી pragmatism (ઉપયોગવાદ) કે અર્નસ્ટ મેકના પોઝિટીવીઝમ (positivism)ના નામે પણ ઓળખી શકાય છે. પોઝિટીવીઝમની ચર્ચા આગળ કરીશું.

કાર્ડીનલ બેલારમીનોએ ગેલીલીયોને કહેલું તે જ લગભગ પોણા ત્રણસો વરસો પછી વિજ્ઞાનની સામે ફરીથી આવીને ઊભું રહ્યું ! ફરક માત્ર એટલો કે આ વખતે આમ કહેનાર ચર્ચનો થિયોલોજિસ્ટ નહીં પણ પ્રસ્થાપિત વિજ્ઞાનના જ ધુરંધરો !

### એક ટિપ્પણી

વિજ્ઞાનથી સપાટી પાછળની વાસ્તવિકતા શોધવાનો ગેલીલીયો - ન્યૂટનનો પ્રોજેક્ટ સાચા રસ્તે છે, ભૂલ છે એરિસ્ટોટલીયન મૂળતત્ત્વના સ્વીકારમાં. આ પ્રોજેક્ટનું આ જીર્ણવાદી (obscurantist) પાસું છે. વિજ્ઞાનથી મૂળતત્ત્વને શોધવાનો પ્રયાસ જ ખોટી દિશાનો છે અને નિષ્ફળ જવાને સર્જાયો છે. કોઇ આખરી તત્ત્વ મળી જાય પછી કોઇ સવાલ જ કરવાનો રહે નહીં. તે વિચારનું એક આકર્ષણ રહે જ. પરંતુ ગમે તે સ્તરે પણ આમ કેમ ? Why ? સવાલ ઊભો કરી જ શકાય, કરવો જ જોઈએ. ‘‘ગુરુત્વાકર્ષણનું બળ શાથી?’’ એવો મૂળભૂત સવાલ જ એક વાર ગુરુત્વાકર્ષણને મૂળભૂત તત્ત્વ તરીકે સ્વીકારી લેવાતાં ભોંયમાં ધરબાઇ ગયો. આઇનસ્ટાઇને ગુરુત્વાકર્ષણનો પ્રશ્ન ફરીથી ઉઠાવ્યો અને તેનો અકલ્પનીય જવાબ આપ્યો. મૂળતત્ત્વવાદી વિચાર વિજ્ઞાનની ખોજને રૂંધનારો છે, અવળે રવાડે ચઢાવી દેનારો છે.

સાધનવાદીઓનો મૂળ તત્ત્વવાદ સામેનો વિરોધ સાચો છે પરંતુ વાસ્તવિકતાને સપાટી જ ગણવાની તેમની થિયરીનો વિચાર પણ અતિ સાંકડો અને વિજ્ઞાનના આરોહણને રૂંધનારો છે. આ વિચારની ઊંડી આલોચનામાં જવાનું ટાળવું પડે તેમ છે. પરંતુ અત્યારે એટલો પ્રત્યુત્તર તો આપવા જેવો જ છે કે વિજ્ઞાન સપાટી ઉપર જ સીમિત હોય, સપાટી ઉપર દેખાતા ‘જ્ઞ’ (known)ને સપાટીની પાછળ રહેલા ‘અજ્ઞ’(unknown)થી સમજવાનું ના હોય તો રુધિરાભિસરણને અણદેખીતાં કેશવાહિનીઓનાં જાળાંની હાર્વેની થિયરી વગર કેવી રીતે સમજાવી શકાય? માઈક્રોસ્કોપથી જ દેખાતી જીવસૃષ્ટિની થિયરી વગર ચેપી રોગો કે દૂધનું દહીંમાં પરિવર્તન કેવી રીતે સમજાવાય ? વીજળી-પ્રવાહને સમજાવવો કેવી રીતે ? અરે ! પૃથ્વીનો ગોળો છે અને તેને સામા છેડાના બે ધ્રુવો છે તે કયા અવલોકન માત્રથી સમજાવી શકાય? થિયરીઓ ફક્ત સાધન જ હોત તો આવી અણદીઠી કોઇ હકીકત કે વાસ્તવિકતાની વાત કરી શકાત ? અણુ, પરમાણુની વાત કરી શકાત? રાસાયણિક પ્રક્રિયાઓ સમજી શકાત? થિયરી સાચી કે ખોટી નક્કી કરવાના વિજ્ઞાનના પ્રયત્નોને નકારનાર સાધનવાદ એક ખતરનાક વાદ છે. પછી તો સાચું શું ને ખોટું શું -નો પ્રશ્ન જ રેશનાલિટીથી પર બની જાય છે. મૂલ્યો માત્ર સાપેક્ષ ઠરે. સાચાં, ખોટાં મૂલ્યોનો વિચાર જ ખોટો ઠરે. રેશનાલિટી જ ખતમ !

હ્યુમની અને વિશેષમાં તો કાન્તની જ્ઞાનમિમાંસાની થિયરીનો ન્યૂટનની થિયરી તરફનો પ્રતિભાવ શું રહ્યો, તેનાં શું પરિણામો આવ્યાં અને જ્ઞાનમિમાંસા કયા માર્ગે આગળ વધી તે હવે પછીની ચર્ચા. ■

**The talk of ‘substances’ arises from the problem of change (“What remains constant in change ?”) and from the attempt to answer what-is? questions. The old witticism that Bertrand Russell’s grandmother plagued him with — “What is mind ? No matter ! What is matter ? Never mind !” — seems to me not only to the point but perfectly adequate. Better ask : “What does mind ?”**

***- Karl Popper - The Unended Quest (1974)***

# નોબેલ પ્રાઈઝની રસપ્રદ વાતો

## મહાત્મા નોબેલથી પર હતા

મહાત્મા ગાંધીને નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હોત તો એ ગાંધીનું નહીં, પરંતુ નોબેલ પ્રાઇઝનું બહુમાન થયું હોત. મહાત્મા નોબેલ પુરસ્કારથી પરે હતા - નોબેલ કમિટીએ ગાંધીજીને નોબેલ પ્રાઇઝ ન આપ્યાનો આવા મતલબનો અફસોસ વ્યક્ત કર્યો છે. આમ તો ગાંધીજીનું નામ નોબેલ શાંતિ પુરસ્કાર માટે પાંચ વખત-૧૯૩૭, ૧૯૩૮, ૧૯૩૯, ૧૯૪૭ અને છેલ્લે એમના મરણના થોડા જ દિવસો પહેલાં જાન્યુઆરી ૧૯૪૮માં નોમીનેટ કરવામાં આવેલું. પણ કોઇ અગમ્ય કારણોસર એ જીવતા હતા ત્યાં સુધીમાં એમને નોબેલ પીસ પ્રાઇઝ આપવામાં ન આવ્યું. અલબત્ત, ત્યારબાદ એમને પગલે ચાલનાર, અહિંસક સત્યાગ્રહની મશાલ આગળ લઇ જનાર શાંતિદૂતો - માર્ટિન લ્યુથર કિંગ જુ., દલાઇ લામા, ઑંગ સૂ ક્યી, નેલ્સન મંડેલાને એ આપવામાં આવ્યું છે. ૧૯૮૯માં દલાઇ લામાને જ્યારે એ પુરસ્કાર આપવામાં આવ્યો ત્યારે કમિટીના ચેરમેને કહ્યું પણ ખરું કે આ 'એક અંશે મહાત્મા ગાંધીની સ્મૃતિને શ્રદ્ધાંજલિ છે.' કિંગને આ પ્રાઇઝ આપતા સમયે નોબેલ કમિટીએ કહેલું, "Martin Luther King has been inspired above all by Mahatma Gandhi. "Gandhi" he says, "was probably the first person in history to lift the love ethic of Jesus above mere interaction between individuals to a powerful and effective social force..." "I found " he tells us, "in the nonviolent resistance philosophy of Gandhi... the only morally and practically sound method open to oppressed people in their struggle for freedom."

૧૯૪૮માં જ્યારે નોબેલ કમિટી પીસ પ્રાઇઝ નક્કી કરી રહી હતી, ત્યારે ગાંધીજીને એ ન આપ્યાનો રંજ ઘણા સભ્યોને થઇ રહ્યો હતો. એટલે કમિટીમાંથી જ એક ઠોસ સૂચન એ આવ્યું કે ગાંધીને આ પુરસ્કાર મરણોત્તર આપવામાં આવે. (નોબેલ પુરસ્કાર હંમેશાં જીવંત વ્યક્તિને જ અપાય છે.) છેવટે ૧૯૪૮માં પીસ પ્રાઇઝ કોઇને ન અપાયું અને એવી સ્પષ્ટતા કરવામાં આવી કે 'આ વર્ષના શાંતિ પુરસ્કાર માટે કોઇ જ જીવંત વ્યક્તિ યોગ્ય નથી.' નોબેલ પુરસ્કારના મ્યુઝિયમમાં ૧૯૪૮ના પીસ પ્રાઇઝની જગ્યા ખાલી છે, જે મહાત્મા માટે જ જાણે કે ખાલી રાખવામાં આવી છે! નોબેલ મ્યુઝીયમના કયુરેટર ડો. આન્દ્રે બેરેનીએ તાજેતરમાં કહ્યું છે : ''Mahatma Gandhi is the one we miss the most at the Nobel museum. I think that's a big empty space where we should have had Mahatma Gandhi''. ■

## I Still Have That Hat

''મારા અનુભવ પરથી તમે એ કહી શકો કે લોકો ક્યાં ક્યાંથી અહીં આવશે એ તમે ભાખી ન શકો, તેથી તમારે બધા માટે શક્યતાનાં દ્વાર ખુલ્લાં રાખવાં જોઇએ.'' આ શબ્દો આ વર્ષનું મેડિસીનનું નોબેલ પ્રાઇઝ મેળવનાર મારીઓ કાપેચીના છે. આ એવી વ્યક્તિ છે, જે ૩ વર્ષના હતા ત્યારે ૧૯૪૧માં એમની કવયિત્રી માને નાઝીઓના કોન્સન્ટ્રેશન કેમ્પમાં લઇ જવાઇ હતી. માના કેદ થયા બાદ કાપેચી આટલી કુમળી વયે એક શહેરમાંથી બીજા શહેરમાં, મોટાભાગના દિવસો ભૂખ્યા ભૂખ્યા રખડતા રહ્યા. ક્યારેક અનાથાલયમાં, તો ક્યારેક બીજાં બેઘર બાળકો જેઓ લારી પરથી ખાવાનું ચોરતાં, તેમની જમાત સાથે ફરતા. ૧૯૯૭માં સોલ્ટ લેક ટ્રીબ્યુનને આપેલા ઇન્ટરવ્યુમાં એ કહે છે : ''એવા સમયે તમારું મગજ માત્ર 'ટકી રહેવું-જીવતા રહેવું' ના જ વિચારોથી દિવસોના દિવસો સુધી રોકાયેલું રહે છે.''

૬ વરસ આ રીતે શેરીઓમાં વિતાવ્યા પછી, કુપોષણથી મરણતોલ હાલતમાં એ છેવટે ઇટાલીની એક હોસ્પિટલના બિછાના પર નગ્ન અને તાવથી ઘેરાઇને પડયા હતા, ત્યારે એ માત્ર એક કપ કોફી અને બ્રેડના થોડા ટુકડા પર ટકી રહ્યા હતા. ૧૯૪૫માં એમની મા છૂટ્યા બાદ એક વર્ષે માંડ માંડ એમને હોસ્પિટલમાં શોધી કાઢે છે. અને રોમ લઇ જાય છે ત્યારે ૬ વર્ષે પહેલી વાર એમને નહાવાનું મળે છે! એમની મા જ્યારે એમને મળે છે ત્યારે હેટ ભેટ આપે છે. ''એ હેટ હજી મારી પાસે છે.'' એમણે ૧૯૯૬માં જાપાનમાં એક લેક્ચર વખતે કહેલું.

૧૯૪૬માં એમના મામાએ બન્ને મા-દીકરાને અમેરિકા બોલાવ્યા, ત્યાર પછી પહેલી વાર એ નિશાળમાં ભણવા ગયા. પછી તો પાછું જોવાનું જ ન રહ્યું. કવેકર્સ સ્કુલમાં ભણ્યા બાદ એ કેમિસ્ટ્રી અને ફિઝિક્સમાં ગ્રેજ્યુએટ થયા, અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં બાયોકેમિસ્ટ્રીમાં ડોકટરેટ મેળવી. હાર્વર્ડમાં એમને DAN સ્ટ્રક્ચર શોધનાર મોલેક્યુલર બાયોલોજિસ્ટ જેમ્સ વોટસનની લેબોરેટરીમાં કામ કરવાનું સૌભાગ્ય મળ્યું.

કેપેચી અને એમના બીજા બે સાથીઓએ ૧૯૮૦માં કેન્સર, હાઇ બ્લડ પ્રેશર, ડાયાબીટીસ અને આલ્ઝેમર્સ ડીસીઝ જેવી ગંભીર બિમારીઓને સમજવા અને ઇલાજ માટે ઉંદરના જીન્સને કઇ રીતે બદલી શકાય એના પર અભ્યાસ કરેલો, જેના માટે એમને ભેગું નોબલ પ્રાઈઝ મળ્યું છે. ■

# તમારા મનને મુક્ત કરો - ૮

## રાજકીય અર્થશાસ્ત્ર શીખનાર માટેની માર્ગદર્શિકા

*- સૌવિક ચક્રવર્તી*

### નૈતિકતા અને ધર્મ નિરપેક્ષતા

મુક્ત બજારના ટીકાકારો એવું માને છે કે નફો કમાવાના લાભ (greed)ના પાયા પર ઊભેલી હોવાથી એ અનૈતિક (immoral) છે. શું આ ટીકા યોગ્ય છે? એ આપણે તપાસીએ. આજે જે 'કૌભાંડો' જોવા-સાંભળવા મળે છે એ અનૈતિક છે. એ શેમાંથી પેદા થાય છે અને મુક્ત બજાર સાથે એનો શું સંબંધ છે, એ સમજવું જરૂરી છે. પણ એ પહેલાં મુક્ત બજાર અંગે થોડું સમજી લઈએ.

મુક્ત બજાર અર્થવ્યવસ્થા એવી વ્યવસ્થા છે જેમાં માણસો એકમેક સાથે સહકાર સાધે છે. આ વ્યવસ્થામાં શ્રમવિભાજન ખૂબ મહત્ત્વનું છે એ આપણે આગળ જોયું. આપણે ત્યાં જ્યારે શ્રમવિભાજન થાય છે અને ધોબી, દરજી, સુથાર, કડિયો, ડોક્ટર, ઇલેક્ટ્રીશીયન, પોલીસમેન, ગોવાળ, ખેડૂત વગેરે હોય છે, ત્યારે હકીકતમાં તો આપણે લોકો પરના કામનું ભારણ ઓછું કરવાનો રસ્તો શોધી કાઢ્યો છે. આપણે આ પ્રકારની અર્થવ્યવસ્થામાં માનીએ છીએ, કારણ કે એ આપણી અને અન્ય લોકોની જરૂરિયાતો સંતોષવાનો સારામાં સારો રસ્તો છે. એનાથી સૌને લાભ છે. અલબત્ત, આપણને પણ લાભ છે જ. આપણે સૌ આ બધાં કામો નફો મેળવવા માટે કરીએ છીએ. તો શું નફો મેળવવો અનૈતિક છે?

તમે બપોરનું ભાણું ખાવા બેસો ત્યારે એક પ્રયોગ કરો. ભાણામાં શું છે તે તરફ નજર કરો. દાળ, ભાત, શાક, રોટલી, પાપડ, કચુંબર, વગેરે. એમાં રહેલા અનાજ, શાકભાજી, મસાલા, તેલ, ખાંડ, ઘી, ગોળ, આ બધું પેદા કરનાર અંગે વિચારો. અને વિચારો કે જેમણે આ બધું બનાવ્યું, જેને કારણે તમને ખાવાનું મળ્યું, એ બધા શું તમને પ્રેમ કરે છે એ કારણે બનાવ્યું હતું ? હકીકત તો એ છે કે તેઓ તમને ઓળખતા પણ નથી. જો તમારે એમના પ્રેમ પર ભરોસો રાખવાનો હોય, કે જેને કારણે તમારા રસોડામાં ચોખા, લોટ, તેલ, ઘી. . . . વગેરે તેઓ ભરી દે, તો તો તમારો ભૂખે મરવાનો વારો આવે. નફો મેળવવાનો હેતુ (profit motive) કદાચ લોભી લાગે, પણ એને લીધે જ કામ ચાલે છે.

હવે એક બીજો પ્રયોગ કરી જુઓ. કલ્પના કરો કે તમે મોટા થઈને શું કરવા ધારો છો, શું બનવા માગો છો. કોઈ ડોક્ટર બનવા માગશે, કોઈ નર્સ, કોઈ ઇલેક્ટ્રીશીયન બનવા માગશે, કોઈ પ્લમ્બર, કોઈ શિક્ષક, તો કોઈ અધ્યાપક. તમે આ પ્રકારે શ્રમ વિભાજનમાં જોડાવ છો. શા કારણે ? તમને માનવજાત માટે પ્રેમ છે એટલા માટે કે આ કઠિન જગતમાં આગળ વધવાની અને કુટુંબ સાથે શાંતિથી અને સુખસગવડથી જીવવાની તમારી ઇચ્છાને કારણે ? મોટા ભાગના લોકો કહેશે કે હું શ્રમ વિભાજનની આ અર્થવ્યવસ્થામાં જોડાઉં છું, જેથી કરીને મને વધુમાં વધુ લાભ થાય, હું અને મારું કુટુંબ સારી રીતે જીવી શકીએ. મારી આવક વધે એ મને હંમેશાં ગમશે. ખૂબ ઓછી વ્યક્તિઓ એવી હશે જે કહેશે કે હું ડોક્ટર એટલા માટે બનવા માગું છું કે ગામડામાં જઈને માંદાં બાળકોને સાજાં કરી શકું. આ વ્યક્તિઓ ખરેખર બેજોડ છે. મુક્ત બજારનું અર્થકારણ આ ત્રીજા ક્ષેત્ર (સ્વૈચ્છિક સંગઠનો)માં ચોક્કસ વિશ્વાસ ધરાવે છે, જે ખૂબ સારું કામ કરી રહ્યું છે. પણ, મુક્ત બજાર મુખ્યત્વે લોભ પર આધારિત છે. આ લોભ તો સારી વસ્તુ છે. ગામડાના એ ડોકટરને પણ આધુનિક દવાદારૂ જોઈશે, જે દવાની કંપનીઓ બનાવે છે, અને તે નફો કમાવાના લોભથી પ્રેરિત છે. મોટાભાગનાં સ્વૈચ્છિક કામોને પણ જેઓ મુક્ત બજારમાં કામ કરે છે અને નફો કમાય છે એમના યોગદાનની જરૂર હોય છે.

મુક્ત બજારનું અર્થતંત્ર ભલે લોભ પર આધારિત છે, તેમ છતાં એ નૈતિક છે. એનું કારણ એમાં ભાગ લેનાર બન્ને પક્ષોને લેવડ દેવડમાં ફાયદો છે, એ છે. મારા ઘરનો ફયુઝ ઊડી ગયો હોય ત્યારે ઇલેક્ટ્રીશીયન એ સરખો કરી આપે છે. ત્યારે એ મારી પાસેથી ૫૦ રૂપિયા માગે છે. એ એનો લાભ થયો. હું પણ ૫૦ રૂપિયા ચૂકવીને ફાયદો મેળવું છું, કારણ કે ફયુઝ સરખો કરતાં મને આવડતું નથી. અને લાઈટ વગર મને હજારો, લાખો રૂપિયાનું નુકસાન થાય એમ છે, મને અને મારા કુટુંબને અનેક જાતની હેરાનગતિ થાય એમ છે, એટલે મને પણ ફાયદો છે. એવું જ, કોમ્પ્યુટર કે નળ રિપેર કરવાનું છે. બીજો દાખલો લઈએ - શાકભાજી વેચનારનો. હું મારા ઘરના દરવાજે આવનાર શાકની લારીવાળા પાસેથી ૧ કિલો બટાકા ખરીદું છું. એને ફાયદો થાય છે, કારણ કે એણે જથ્થાબંધ બજારમાંથી એનાથી ઓછી કિંમતે બટાકા ખરીદ્યા હોય છે. પણ મને પણ લાભ જ છે. કારણ કે હું જો રિક્ષા કરીને કે ગાડી, સ્કુટર પર શાકબજારમાં જાઉં તો એટલા જ બટાકા ખરીદવામાં મને વધુ ખર્ચ થાય. સમય બગડે એ વધુમાં. એટલા સમયમાં

મને મારા ધંધામાં જેટલો લાભ થયો એ મારે ગુમાવવો પડયો હોત. આમ, શાકવાળાને તો ફાયદો થયો જ, મને પણ ફાયદો થયો.

**આમ, વ્યાપાર - લેવડદેવડ એ સકારનો સરવાળો છે.**

આ રીતે મુક્ત બજાર અર્થવ્યવસ્થા એ માણસની નૈતિકતાનો એક ધર્મનિરપેક્ષ પાયો છે. હકીકતમાં, આ જ રીતે ધર્મ પહેલાં નૈતિકતા વિકસી છે. જૂના જમાનામાં જ્યારે લોકો પોતાની પાસેની નાની નાની વસ્તુઓની આપલે કરવા ગામના ચોરે ભેગા થતા ત્યારે અરસપરસ આદાન-પ્રદાનની નૈતિક રીત શોધી કાઢી હતી- 'આપો અને લો.'

આ 'આપલે'ની પ્રક્રિયા નૈતિક છે, કારણ કે એમાં કોઇ ચોરી નથી કરતું. જ્યારે તેઓ આ આપ-લેની પ્રક્રિયામાં જોડાયા ત્યારે તેમણે એ શોધી કાઢયું કે એ તો જ શક્ય છે જો એમાં ભાગ લેનાર સૌ અમુક પાયાના નિયમોનું પાલન કરતા હોય. સૌ પ્રથમ તો આ 'મારું' છે અને આ 'તારું' છે એની પાયાની સમજણ - એટલે કે મિલકતના અધિકારની સમજ. અને બીજું, જે આ પાયાના નિયમનો ભંગ કરે, એટલે કે બીજાની મિલકતની ચોરી કરે, ત્યારે એને સજા થાય અને ચોરેલી વસ્તુ પાછી એના માલિકને આપવામાં આવે એ પાક્કું કરવાની યોગ્ય રીત અપનાવવામાં આવે. આમ, 'તું ચોરી ના કરીશ' એ બજાર અર્થવ્યવસ્થાનો પાયાનો નિયમ છે. અને આ નિયમનું પાલન કરાવવું એ સરકારની અનિવાર્ય ફરજ છે. આપણા દેશમાં આઝાદી બાદ ૧૯૫૦માં જે બંધારણ બનાવવામાં આવેલું એમાં મિલકતના અધિકારને પાયાનો અધિકાર ગણવામાં આવેલો, પરંતુ ધીમે ધીમે બંધારણમાં સુધારા કરીને એ અધિકાર છીનવી લેવાયો. સમાજવાદી અર્થતંત્ર એ અધિકારને માન્યતા આપતો નથી.

મુક્ત બજારના આ નૈતિકતાના પાયાને તપાસ્યા પછી એ જોઇએ કે ભારતના બે મુખ્ય ધર્મો - હિન્દુ અને ઇસ્લામ - મુક્ત બજારના વિરોધી છે કે નથી ?

હિન્દુ ધર્મ તો દુનિયાનો પહેલો ધર્મ છે, જેણે બજારની નૈતિકતા શોધી કાઢી હતી - બે જ શબ્દોમાં 'શુભ લાભ'. (આપણે ત્યાં લક્ષ્મીને દેવીનું સ્થાન આપવામાં આવ્યું છે, નવું વર્ષ શરૂ થતાં પહેલાં ધનતેરસને દિવસે આપણે ત્યાં ચોપડા-પૂજન થાય છે. આ ચોપડા એટલે હિસાબ-કિતાબ, આવક-જાવકના ચોપડા) હિન્દુઓએ 'શૂન્ય'ની શોધ કરેલી, એવી જ કે એથી પણ વધુ મોટી એવી આ હિન્દુ ફિલસૂફીની શોધ છે. આ જ વાત આદમ સ્મિથે ૧૭૭૬માં કરી છે. આદમ સ્મિથે બતાવ્યું છે કે જ્યારે રેશનલ (બુદ્ધિયુક્ત) સ્વ-હિતનો મહિમા હોય છે, અને એ જ્યારે રાજ્યની દખલગીરીથી પર હોય છે, ત્યારે કઇ રીતે 'અદશ્ય હાથ' દ્વારા સમાજનું ભલું થાય છે. એમણે એ પણ બતાવ્યું કે એ કઇ રીતે સમાજને સમૃદ્ધ તેમજ નૈતિક બનાવે છે. બીજી બાજુ જ્યાં સત્તા આવે છે, ત્યાં ભ્રષ્ટતા આવે છે. નીતિશાસ્ત્રના ફિલસૂફ એવા લોર્ડ એકટને કહેલું કે સત્તા ભ્રષ્ટ બનાવે છે અને સંપૂર્ણ (અબાધિત) સત્તા સંપૂર્ણપણે ભ્રષ્ટ બનાવે છે. **સ્વાતંત્ર્ય નૈતિક છે; સત્તા ભ્રષ્ટ કરે છે.**

ઇસ્લામ એવો ધર્મ છે જે મુક્ત બજાર પર ઊભો છે. મહંમદ પયગંબર મુક્ત વેપારી હતા, તેવી જ રીતે એમનાં પત્ની ખદીજા પણ. ઇસ્લામિક કેલેન્ડર મુક્ત આપ્રવાસન (ઇમિગ્રેશન)ના બનાવથી શરૂ થાય છે - મક્કાથી મદીના તરફના પ્રયાણ પર. ઇસ્લામ સાહસિકતાને પ્રોત્સાહન આપે છે, મિલકતના અધિકારોને રક્ષે છે, અને એમાં ખૂબ લાંબા સમય પહેલાંથી મુક્ત વ્યાપારની થિયરીની શોધ હતી. 'અયોગ્ય નફો' સામેના નિયમો પણ ઇસ્લામમાં છે.

હિન્દુ ધર્મ અને ઇસ્લામ બન્ને મુક્ત બજારમાં માને છે. એ બન્ને શાંતિથી સાથે રહી શકે એમ છે, જો આપણે એ બન્ને વચ્ચેની સામ્યતા પર ભાર મૂકીએ અને એમના તફાવતોને નજરઅંદાજ કરીએ તો. ભારતમાં સાચી ધર્મનિરપેક્ષતા લાવવા માટે મુક્ત બજાર આધારિત અર્થકારણની જરૂર છે.

હકીકતમાં, જો સમાજ આખો મુક્ત બજાર આધારિત અર્થકારણમાં નફો કમાનારા લોકોનો બનેલો હશે તો એ સમૃદ્ધ પણ બનશે અને નૈતિક પણ. બળૂકી સમાજવાદી નીતિ પોતાનાં આર્થિક નિયંત્રણો સમાજ પર થોપે છે. સમાજવાદીઓનો આશય લોભની હાનિકારક અસરોથી આપણને બચાવવાનો હોય છે. પણ એમાંથી જન્મે છે ભક્ષક રાજ્યસત્તા (kleptocracy). આ કલેપ્ટોક્રેસીથી લોભ હજાર દરજજે સારો છે. કારણ કે કલેપ્ટોક્રસીને કારણે તો સત્તાધીશો, બાબુલોગ અને એમના મળતિયાઓને જ લાભ છે, જ્યારે નફા પર આધારિત મુક્ત બજારમાં સૌને - ગરીબો સહિતને - લાભ છે. કારણ કે સ્વતંત્રતા નૈતિકતા લાવે છે, જ્યારે સત્તા ભ્રષ્ટતાને જન્મ આપે છે. આ સિદ્ધાંત સમજવા માટે આપણે એક પ્રયોગ કરીએ.

એક ટોપલીમાં કેળાં ભરીને એને વાંદરાઓના ટોળા સામે લઇ જાવ. શું થશે ? વાંદરાઓ તમારાં કેળાં ચોરી લેશે, પડાવી લેશે.

હવે બીજી ટોપલીમાં કેળાં ભરીને લોકોના ટોળા વચ્ચે લઇ જાવ - બજારમાં લઇ જાવ - શું થશે? કોઇ વ્યક્તિ તમારાં કેળાં નહીં ચોરે. એમને એ જોઇતાં હશે તો એ તમારી પાસે આવીને એનો ભાવ પૂછશે. માણસમાં આપ-લે કરવાની ક્ષમતા છે, જ્યારે વાંદરામાં કેળાં લેવા

સામે કશું પણ સામું આપવાની ક્ષમતા નથી. તેથી માનવસમાજમાં નૈતિકતા ફૂલીફાલી શકે છે. હવે, સત્તા કઈ રીતે ભ્રષ્ટતા જન્માવે છે એ જોઈએ. તમે એ બજારમાં થોડી વાર ઊભા રહો - ટહેલો અને જુઓ કે આપણામાં વાંદરા કોણ છે? પોલીસમેન અને કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓને મફતમાં ચીજ-વસ્તુઓ-પૈસા પડાવતા, હપ્તા ઉઘરાવતા તમે જોશો. આ કલેપ્ટોક્રસી છે.

મુક્ત બજાર વ્યવસ્થા જે બીજા ગુણને પોષે છે તે છે પ્રામાણિકતા. કારણ કે પ્રામાણિકતા મુક્ત બજારમાં ભાગ લેનાર સૌના લાંબા ગાળાના હિતના મૂળમાં રહેલી છે. ટૂંકા ગાળાનો સવાલ હોય તો ઘણા છેતરવાનો કે ચોરવાનો પ્રયત્ન કરે. પણ લાંબા ગાળે આવી છેતરપીંડી કરનારાઓ કે ચોરી કરનારાઓ પકડાઈ જાય છે અને તેઓ પોતાના ગ્રાહકોને ગુમાવે છે. મુક્ત બજારમાં ગ્રાહકોને એ સંપૂર્ણ છૂટ હોય છે કે જેઓ છેતરતા હોય એમને છોડીને બીજા પ્રામાણિક લોકો સાથે લેવડ-દેવડ કરે. એવું જ સાખ (reputation)નું અને સારી રીતભાત (good manners)નું છે. તેથી ધંધામાં પડેલા સૌ પ્રામાણિકતા, સાખ અને સારી રીતભાતનું મહત્ત્વ સમજે છે અને એ પ્રમાણે વર્તવા પ્રેરાય છે. મુક્ત બજાર આ પ્રમાણે પ્રામાણિકતા, સાખ (બનાવવી અને જાળવી રાખવી) તથા સારી રીતભાતને પોષે છે.

બીજી બાજુ, રાજકીય સત્તાનાં આત્યંતિક નિયંત્રણો કે નિયમો આ નૈતિક મૂલ્યો અને ગુણોને પોષવાને બદલે એ દંડો વાપરનારના સ્વ-હિતને બઢાવો આપે છે. સામાન્ય લોકો એમાંથી છૂટવા માટેના, સંતાવા માટેના, ઊવેખવાના રસ્તા ખોળે છે. આખો માહૌલ બદલાઈ જાય છે. અને સત્તાધીશો અને તેમના મળતિયાઓને કલેપ્ટોક્રસીમાં ઘી-કેળાં થાય છે.

આમ, મુક્ત બજારમાં નૈતિક મૂલ્યો અને ગુણોનું જતન થાય છે, સંવર્ધન થાય છે, જ્યારે આત્યંતિક સત્તાના ઓછાયા નીચે એમનું હનન થાય છે. મુક્ત બજારના બિનસાંપ્રદાયિક પાયા પર ઊભેલી અને મિલકતના અધિકારો માટે આદર ધરાવતી નૈતિકતા હિન્દુ-મુસ્લિમોને શાંતિથી સાથે જીવવા માટેનો માહોલ પૂરો પાડે છે. કારણ કે બન્ને ધર્મો તત્ત્વતઃ બજારની નૈતિકતા સાથે જોડાયેલા છે.

તેઓ
સત્તા ભોગવતા, સત્તાના ભાગિયા
કપટી રીતે, સહેલા રસ્તે
પૈસાદાર બનવા
બેબાકળા બન્યા છે;
તેમની સત્તા ઉલટાઈ જશે, પલટાઈ જશે
ભ્રષ્ટાચાર ભાંગી પડશે
જ્યારે મુક્ત બજાર અહીં જામી જશે. ■

### વિચારવાના અને વાગોળવાના મુદ્દા

- હિંદુ ધર્મમાં અને ઈસ્લામ ધર્મમાં મુક્ત બજાર, નફા અને મિલકત અંગે શું કહ્યું છે એ ઊંડાણથી તપાસો.
- પારસીઓમાં દારૂવાલા, સોડાવાલા વગેરે અટકો હોય છે, જે શ્રમ વિભાજન પર આધારિત છે. એમનો સમુદાય પ્રમાણમાં વધુ સમૃદ્ધ છે. પારસી ધર્મમાં મુક્ત બજાર અંગે શું કહ્યું છે? એ જ પ્રમાણે જૈન કે શીખ ધર્મમાં એ અંગે શું કહ્યું છે?
- ''સારા માણસો સરકારમાં આવશે તો જ સારી સરકાર મળી શકે''- એ દલીલ સાચી છે ખરી? કે સત્તા હંમેશાં ભ્રષ્ટ કરે છે, એ વાત સાચી છે?

## રાજકારણ

સારા ગવર્નન્સ માટે બે વિકલ્પો તપાસવા જેવા છે : સરકારમાં એટલે કે 'સક્રિય રાજકારણમાં જવું' જરૂરી છે કે 'રાજકારણમાં સક્રિય ભાગ લેવો' જરૂરી છે ?

### રાજકારણમાં સક્રિય ભાગ લેવો એટલે શું ?

- માનવ અધિકારોને ટેકો કરતા કે ન્યુક્લીયર બોમ્બનો વિરોધ કરતા નારા ચિટકાડેલા ટી શર્ટ સમજીબૂઝીને પહેરવા એ રાજકારણ છે.
- ઝૂંપડપટ્ટીઓ કે જંગલ જમીન પરનો કબજો ધરાવનારને મિલકતનો અધિકાર મળે એ માટે મથવું એ રાજકારણ છે.
- લારી-ગલ્લાઓને ગેરકાયદેસર ઠેરવતા નિયમોને કે બિલ્ડિંગ બાયલોઝને દૂર કરવા માટે મથવું એ રાજકારણ છે.
- ખેતી ક્ષેત્ર પરનાં નિયંત્રણો દૂર કરવા માટે ખેડૂતોનું સંગઠન કરવું એ રાજકારણ છે.
- સરકારના નિયમો કે નીતિ પર ચાંપતી નજર રાખવી, એના પર ટીકાટિપ્પણી કરવી એ રાજકારણ છે.
- પ્રદૂષણ કરતી ફેક્ટરીઓ કે છેતરતી બહુરાષ્ટ્રીય કંપનીઓનો વિરોધ કરવો એ રાજકારણ છે.

ટૂંકમાં, પ્રો. બર્નાર્ડ ક્રીકના (એમના વિખ્યાત પાઠ્યપુસ્તક In Defence

of politicsમાં) જણાવ્યા મુજબ politics are the Public Actions of Free People'.

**આ છે રાજકારણમાં સક્રિય નાગરિકતા.**

કોઈપણ કેન્દ્રીકૃત, શ્રેણીબદ્ધ રાજકીય પક્ષમાં જોડાવું અને એના 'નેતા'ના આદેશને માત્ર અનુસર્યા કરવું એ ગુલામી છે. એને બદલે જેઓ મુક્ત રાજકારણમાં સક્રિય ભૂમિકા ભજવે છે તેઓ લોકતંત્રને વેગવંતું બનાવે છે.

તમે પણ આવા રાજકારણમાં ભાગ લઈ શકો અને તંદુરસ્ત અને ધબકતી લોકશાહી ઊભી કરવામાં યોગદાન આપી શકો.

આમ, તમારા પોતાનામાં અને એ હકીકતમાં વિશ્વાસ રાખો કે જ્ઞાન મેળવવા માટે અને મુક્ત બજારમાં, સક્રિય રાજકારણમાં અને તમારી આસપાસના વિશ્વમાં સક્રિય રસ લેવા માટે જો તમને છૂટ હશે તો તમે સારામાં સારી રીતે જીવી શકશો.

ફરીથી સમજી લઈએ. મુક્ત સમાજ ત્રણ પાયા પર ઊભો રહી શકે :

- લોકશાહી હેઠળનું રાજકીય સ્વાતંત્ર્ય. આપણી લોકશાહીમાં માત્ર સમાજવાદી પક્ષો જ ભાગ લઈ શકે છે. (આપણે ત્યાં માત્ર સમાજવાદી વિચારધારાને વરેલ પાર્ટી જ ચૂંટણીમાં ભાગ લઇ શકે એવો બંધારણીય - કાયદાકીય સુધારો સ્વ. વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ કરેલો, જેણે મીનુ મસાણી જેવા ઉદારવાદીઓએ સ્થાપેલ સ્વતંત્ર પાર્ટીને ખલાસ કરી નાખેલી.) કોઈપણ વિચારધારાના પક્ષો માટે ચૂંટણીમાં ભાગ લેવાની છૂટ હોવી જોઈએ.
- મુક્ત બજારનું આર્થિક સ્વાતંત્ર્ય. આપણે ત્યાં રાજ્યસત્તા (statism)ની જ બોલબાલા છે. ભરોસાપાત્ર નાણું અને મિલકતના અધિકાર સમેતના મુક્ત વ્યાપારને સ્થાન અપાવું જોઈએ.
- ઉદાર શિક્ષણ કે જે સ્વાતંત્ર્યનું મૂલ્ય શીખવે. આપણે ત્યાં શિક્ષણ એ રાજકીય સત્તાનું ઓશિયાળું માત્ર બનીને રહી ગયું છે.

સમૃદ્ધ, તંદુરસ્ત, સ્વચ્છ, જાગૃત અને સ્વતંત્ર સમાજની રચના કરવા માટે હજુ આપણે જોજનો દૂર જવાનું છે. ચાલો, શરૂઆત કરીએ. ■

**વિચારવાના અને વાગોળવાના મુદ્દા**

➤ રાજકીય વિચારધારાઓ ઘણી છે. સામ્યવાદ, સમાજવાદ, વગેરે. જેઓ સ્વાતંત્ર્યમાં માને છે તેઓ પોતાને ઉદારવાદી (Liberals/ Libertarians) કહે છે. તમે શેમાં માનો છો?

➤ ભલે તમે જેમાં પણ માનતા હો. પણ કેમ કરીને તમે તમારા રાજકારણનું સારામાં સારું આચરણ કરશો?

છેલ્લે, Bob Dylanના સંદેશ અને મહમંદ પયગમ્બર સાહેબના પેગામ સાથે અલવિદા. . . .

May you grow up to be righteous
May you grow up to be true . . .

*Bob Dylan*

There are three things we leave behind us after we die :

- Our knowledge
- Our Charity
- And our Righteous Children

*The Prophet Muhammad*

**અનુવાદકની નોંધ :**

આ સાથે સૌવિક ચક્રવર્તીના પુસ્તક 'Free Your Mind' નો અનુવાદ પૂરો થાય છે. અલબત્ત, પૂરેપૂરા પુસ્તકનો આ અનુવાદ નથી. સાથે જ, કેટલાક સંદર્ભો સમયોચિત બદલ્યા છે અને કેટલીક વધારાની પ્રસ્તુત બાબતો ઉમેરી પણ છે, એ જ આશાએ કે વિષયવસ્તુની સમજણ વધે. જોકે મૂળ લખાણનો અર્થ અને સ્પીરીટને બને એટલો જાળવી રાખવા પ્રયત્ન કર્યો છે. તેમ છતાં એમાં સમજાવેલ અર્થશાસ્ત્રને લગતા શબ્દો કે terminologyની સમજ આપવામાં જો કોઈ ક્ષતિ કે ગેરસમજ રહી ગઈ હોય તો એની જવાબદારી મારી જ છે. એનું એક કારણ એ હશે કે મારી મૂળ તાલીમ અર્થશાસ્ત્રના અભ્યાસની નથી. હકીકત તો એ છે હું પણ આ અનુવાદ કરતાં કરતાં ઘણું શીખી છું. વાચકમિત્રોને ખાસ વિનંતી છે કે આ આખી શ્રેણી કેવી લાગી અને એના પર શા પ્રતિભાવો, પ્રશ્નો, ટીકાઓ જન્મી એ જણાવશો તો ગમશે. - *તૃપ્તિ પારેખ*

# હું, પેન્સિલ
# મારા કુટુંબની વંશાવલિ કહું છું. . .

*- લીયોનાર્ડો ઇ. રીડ*

હું સીસા (લીડ)ની પેન્સિલ છું. સાવ સામાન્ય લાકડાની પેન્સિલ, જેને લખવા-વાંચવાનું જાણનાર સૌ આબાલવૃદ્ધ જાણે છે. લખવું મારો વ્યવસાય અને ધંધો છે; એ જ એક માત્ર વસ્તુ છે જે હું કરું છું.

તમને કદાચ નવાઇ લાગશે કે શા માટે હું મારી વંશાવલિ કહી રહી છું? ખરે જ, મારી કહાની ખૂબ રસપ્રદ છે અને બીજું, હું એક રહસ્ય (પહેલી) છું -કોઇ ઝાડ કે સૂર્યાસ્ત કે વીજળીના ચમકારા કરતાં પણ વધુ અકળ. પણ, દુ:ખની વાત એ છે કે જેઓ મને વાપરે છે તે સૌ મને જાણે હું એક ઘટના માત્ર હોઉં અને મારી કોઇ પાર્શ્વભૂ ન હોય એમ માની લે છે. આવું ઉપેક્ષાભર્યું વલણ મને સાવ સામાન્ય વસ્તુમાં ખપાવી દે છે. માણસજાતની આ ગંભીર ભૂલ છે.

હું, પેન્સિલ દેખાવમાં ભલે સાવ સામાન્ય લાગું છું, પરંતુ મારો દાવો છે કે તમારા આશ્ચર્ય અને માનને પાત્ર છું, અને આ દાવાને પુરવાર કરવા હું પ્રયત્ન કરીશ. હકીકતમાં, જો તમે મને સમજી શકો - ના કોઇની પણ પાસે આ અપેક્ષા રાખવી વધુ પડતી છે - જો તમે મારા રહસ્યને જાણી શકો, તો માનવજાત જે સ્વતંત્રતાને ઝડપથી ગુમાવી રહી છે એને બચાવવામાં તમે મદદ કરી શકશો. મારે ગહન પાઠ શીખવાડવાનો છે. અને હું આ પાઠ કોઇ ગાડી, વિમાન કે કોઇ યંત્ર કરતાં વધારે સારી રીતે શીખવાડી શકું એમ છું કારણ કે દેખીતી રીતે હું ખૂબ સીધીસાદી છું.

સીધીસાદી? તેમ છતાં, પૃથ્વી પરની કોઇપણ એક વ્યક્તિ મને કઇ રીતે બનાવવી એ જાણતી નથી. સાવ કાલ્પનિક લાગે છે ને? ખાસ કરીને જ્યારે અમેરિકામાં જ જોઇએ તો દર વર્ષે દોઢ કરોડથી વધુ સંખ્યામાં મને બનાવવામાં આવે છે.

મને હાથમાં લઇને આમતેમ ફેરવીને જુઓ. તમને શું દેખાય છે? ખાસ કાંઇ દેખાતું નથી- સિવાય કે થોડું લાકડું, તેના પરનું પોલિશ, એના પર છાપેલાં લેબલ, સીસું, ધાતુની પાતળી-નાની પતરી, અને ભૂંસવાનું રબર.

## અસંખ્ય પૂર્વવૃત્તો (Antcedents)

જેવી રીતે તમે પણ તમારી કુટુંબ-વંશાવળિ શોધવામાં ખૂબ દૂર સુધી નથી જઇ શકતા, તેવી જ રીતે મારા માટે પણ મારાં બધાં જ પૂર્વવૃત્તોનાં નામ આપવાં અને સમજાવવાં અશક્ય છે. પરંતુ હું એટલા પ્રમાણમાં તો એ તમારી આગળ રજૂ કરીશ જેથી તમને મારી પૃષ્ઠભૂમિની પ્રચુરતા અને સંકુલતાનો ખ્યાલ આવે.

મારી કુટુંબ વંશાવળિ હકીકતમાં એક ઝાડથી શરૂ થાય છે - દેવદારના ઝાડથી. હવે દેવદારનાં ઝાડને કાપવાં, એના ટુકડા કરવા અને એને જંગલમાંથી ફેક્ટરીમાં લઇ જવા માટે જે કરવત-કુહાડી, ટ્રકો, દોરડાં, અને એવાં બીજાં કેટલાંય વિવિધ ઉપકરણોની જરૂર પડે એની કલ્પના કરો. એ ઉપકરણો બનાવવા માટે ખાણમાંથી લોખંડ કાઢીને એની કરવત-કુહાડીઓ, ગાડીઓ વગેરે બનાવવાની પ્રવૃત્તિ, શણ ઉગાડવાથી માંડીને એનાં મજબૂત દોરડાં વણવા સુધીની પ્રક્રિયા, ઝાડ કાપવાની પ્રવૃત્તિમાં સંકળાયેલા લોકોની રહેવા-જમવાની વ્યવસ્થા, એ બનાવવા માટેનાં વાસણો તેમજ અનાજ ઉગાડવાની પ્રવૃત્તિ - આ તમામ કામોમાં જે લોકો જોડાય છે, અને એમનાં જે વિવિધ પ્રકારનાં કૌશલ્યોની જરૂર પડે છે તે તમામની કલ્પના કરો. અને એ ઝાડ કાપવાવાળા જે ચા કે કોફી પીએ છે એ બનાવવામાં કેટલા હાથ જોડાયા હશે?

ઝાડનાં લાકડાં મિલોમાં લઇ જવા માટેની ટ્રકો કે ટ્રેઇનો બનાવવાની આખી પ્રક્રિયામાં કેટલા લોકો જોડાયા હશે? એ ટ્રકો- ટ્રેઇનો માટેના રસ્તાઓ અને ટ્રેઇનના પાટાઓ બનાવવામાં કેટકેટલા કાચા માલની અને એ માલ લાવવામાં કેટલા લોકો અને એમનાં જુદાંજુદાં પ્રકારનાં કૌશલ્યોની જરૂર પડી હશે?

હવે સો-મિલ (saw-mill)ના કામ તરફ નજર નાખો. દેવદારના લાકડામાંથી પેન્સિલના કદની પટ્ટીઓ પાડવામાં આવે. એને ભઠ્ઠામાં સૂકવવામાં આવે અને એને રંગ કરવામાં આવે. લોકોને હું સફેદને બદલે રંગબેરંગી હોઉં એ વધુ ગમે છે. એ પટ્ટીઓ પર મીણ લગાડવામાં આવે છે અને ફરીથી ભઠ્ઠામાં તપાવવામાં આવે છે. રંગવા અને ભઠ્ઠામાં

તપાવવા માટે, મીલ ચલાવવા માટે જરૂરી મશીનો બનાવવા અને ચલાવવા માટે, એને માટે જરૂરી ગરમી, પ્રકાશ અને ઊર્જા પેદા કરવા અને મીલ સુધી પહોંચાડવા માટે કેટલાં વિવિધ કૌશલ્યોની જરૂર પડે છે? મિલના સફાઇકામ કરનારા પણ મારા પૂર્વજો ખરા ! અને મિલ માટે જરૂરી વીજળી ઉત્પન્ન કરવા માટે બનેલા ડેમની કોંક્રીટ રેડનારા પણ ખરા ! અને દેશભરમાં આ પટ્ટીઓ પહોંચાડનારા પહેલાના અને આજના પૂર્વજોને પણ ભૂલતા નહીં.

ફેક્ટરીમાં આવ્યા પછી પ્રત્યેક પટ્ટી પર પાસાં પાડવામાં આવે છે અને દર બેમાંથી એક પટ્ટીમાં લીડ મૂકવામાં આવે છે, એના પર ગુંદર લગાવવામાં આવે છે અને એના પર બીજી ખાલી પટ્ટી ચોંટાડવામાં આવે છે- લીડની સેંડવીચ બનાવવામાં આવે છે. આવી લાકડાની સેન્ડવીચમાંથી અમો પેન્સિલોને નાના નાના ટૂકડાઓમાં કાપવામાં આવે છે. મારામાં રહેલું સીસું પણ સંકુલ છે; જોકે એમાં ખરેખર સીસું નથી હોતું. સીલોન (કે અન્ય દેશ)માંથી ગ્રેફાઇટ ખોદવામાં આવે છે. હવે આ ખાણિયાઓ અને ખાણકામ માટે જરૂરી સાધનો બનાવનારાઓ, ગ્રેફાઇટને ભરીને મોકલવા માટે જરૂરી પૂઠાના ડબ્બાઓ બનાવનારાઓ અને એ ડબ્બાઓ બાંધવા માટે દોરી બનાવનારાઓ તથા એ મોકલવાનાં વહાણો બનાવનારાઓ અંગે વિચારો. દરિયામાં આવેલી દીવાદાંડીના ચાલકો અને બંદર પરના માણસો પણ જે મારા જન્મમાં યોગદાન દે છે, તેમને અંગે વિચારો.

ગ્રેફાઇટને મીસીસીપી (કે અન્ય સ્થળોની) માટી સાથે ભેળવવામાં આવે છે જેની શુદ્ધિકરણની પ્રક્રિયામાં એમોનિયમ હાઇડ્રોક્સાઇડ વાપરવામાં આવે છે. પછી એમાં સલ્ફ્યુરિક એસિડ સાથે કેમિકલ રીતે રિએકટ કરેલ સલ્ફોનેટેડ ટેલો જેવાં આર્દ્ર કરનારાં એજન્ટ ઉમેરવામાં આવે છે. અને કેટલાંય મશીનોમાંથી પસાર થયા પછી જે અવિરત મિક્સર બહાર પડે છે, એના ટુકડા કરીને, સૂકવીને ૧૮૫૦ ડીગ્રી ફેરનહીટના તાપમાનથી કલાકો સુધી તપાવવામાં આવે છે. લીડની ક્ષમતા અને લીસ્સાપણું વધારવા માટે એને કેન્ડેલીલા વેક્સ-મીણ (મેક્સિકોમાંથી આવેલા), પેરાફીન મીણ વગેરેના ગરમ મિક્સરથી સંસાધિત (treat) કરવામાં આવે છે.

મારા દેવદારને ૬ પ્રકારના પોલિશ કરવામાં આવે છે. આ પોલિશમાં શું શું વપરાય છે તે તમને ખબર છે? એરંડાના બી ઉગાડનાર કે એરંડિયાનું તેલ બનાવનાર પણ આ પ્રક્રિયાના ભાગ હશે એ કોણ કલ્પી શકે? તેઓ પણ સૌ એના ભાગ છે, અને એ પોલિશને સુંદર પીળા રંગનો કરવાની પ્રક્રિયામાં કેટકેટલા લોકોનું કૌશલ્ય લાગ્યું હશે એની ગણતરી થઇ શકે એમ નથી.

એના પર છાપેલાં લેબલને તપાસો. કાર્બન બ્લેકને રેઝિન સાથે ગરમ કરીને એનું ચિત્રાણ કરવામાં આવે છે. રેઝિન કેવી રીતે બનાવો છો? અને આ કાર્બન બ્લેક વળી શું છે ?

મારા પર લાગેલી ધાતુની રીંગ બ્રાસની બનેલી છે. જેઓ ઝીંક અને કોપરને ખાણમાંથી કાઢે છે અને જેઓ આ ધાતુઓમાંથી ચળકતી બ્રાસની પતરીઓ બનાવવાનાં કૌશલ્ય છે તે તમામનો વિચાર કરો. એની ઉપરની કાળી રીંગ બ્લેક નિકલની બનેલી હોય છે. આ બ્લેક નિકલ શું છે અને એને કેવી રીતે એના પર લગાડવામાં આવે છે? એના કેન્દ્રમાં આ બ્લેક નિકલ શા માટે નથી હોતું એની આખી કહાણી સમજાવતાં તો પાનાંનાં પાનાં ભરાય.

અને, છેવટે મારી કલગી છે બ્રાસની રીંગમાં (પ્લગમાં) રહેલું ઇરેઝર (ભૂંસવાનું રબર). એમાં 'ફેકટાઇસ' (factice) નામની વસ્તુ વપરાય છે, જે ભૂંસવાનું કામ કરે છે, જે રાયડાના તેલને સલ્ફર કલોરાઇડ સાથે રિએક્ટ કરીને બનાવાય છે. રબર, આપણી સામાન્ય સમજથી વિપરીત એ માત્ર બાંધવા માટે જ વપરાય છે. આ ઉપરાંત, એમાં વલ્કેનાઇઝ (રબરને વધુ લચીલું બનાવવા માટે) કરવાના અને ઝડપી પ્રક્રિયા કરવા માટેનાં ઘણાં એજન્ટ વપરાય છે. આ પ્લગને રંગીન બનાવવા માટે કેડમિયમ સલ્ફાઇડ વપરાય છે.

### કોઇ ના જાણે . . .

પૃથ્વી પરની કોઇ વ્યક્તિ મને કેવી રીતે બનાવવી એ જાણતી નથી એવા મેં પહેલા કરેલા દાવાને કોઇ પડકારવા માગે છે?

હકીકતમાં, મારી બનાવટમાં લાખો લોકોનો હાથ રહેલો છે. પરંતુ આ આખી પ્રક્રિયામાં દરેક વ્યક્તિ માંડ મુઠ્ઠીભર વ્યક્તિઓને જ જાણે છે. પણ તમે કદાચ કહેશો કે તારા સર્જન સાથે તું ચા કે કોફી બનાવનાર અથવા અનાજ પકવનાર સુધ્ધાંને જોડે છે એ બહુ વધારે પડતું ખેંચે છે, આ આત્યંતિક રૂખ છે. હું મારા દાવાને વળગી રહીશ. આ લાખો લોકોમાં, પેન્સિલ બનાવનારી કંપનીના મેનેજર સહિત, કોઇપણ વ્યક્તિ એવી નથી જે આ તમામ જાણકારીમાંથી સાવ નાના  રજકણથી વધુ જાણકારી ધરાવતી હોય. જાણકારીની દૃષ્ટિએ જોઇએ તો એટલું જ કહેવાય કે ગ્રેફાઇટની ખાણોના ખાણિયા કે દેવદારનાં ઝાડ કાપનારની જાણકારીના પ્રકારમાં તફાવત હોય છે. એ બેમાંથી એકપણ વ્યક્તિને કે ફેક્ટરીના કેમિસ્ટને કે તેલના કૂવામાં (પેરાફીન એ પેટ્રોલિયમની જ આડપેદાશ હોવાને કારણે) કામ કરનાર કામદાર કોઇને પણ

આપણે પડતા ના મૂકી શકીએ.

આ જ વિસ્મયકારક હકીકત છે. તેલના કૂવામાં કામ કરતો કામદાર, કે કેમિસ્ટ કે ગ્રેફાઇટ ખોદનાર ખાણિયો, કે વહાણ, ટ્રેઇન અને ટ્રક બનાવનાર, કે મશીન ચલાવનાર કામદાર કે કંપની પ્રેસિડન્ટ સૌ પોતપોતાનાં કામો કરે છે કારણ કે તેઓ મને ઇચ્છે છે. એમના કરતાં પણ સૌથી વધુ તો પહેલા ધોરણમાં ભણતું બાળક મને ઇચ્છે છે. આમાંના કેટલાય એવા હશે જેણે પેન્સિલને ક્યારેય જોઇ કે વાપરી નહીં હોય. એમનું ચાલકબળ (motivation) મારા બદલે કાંઈક બીજું જ છે. આ લાખોમાંની પ્રત્યેક વ્યક્તિ એ જાણે છે કે આ રીતે એ પોતાની નાની જાણકારીનો, એ જે વસ્તુઓ કે સેવાઓ મેળવવા માગે છે એની સામે વિનિમય કરી શકે. હું એ વસ્તુઓમાંથી એક હોઉં પણ ખરી અને ના પણ હોઉં.

### કોઇનું પ્રભુત્વ નથી :

આ હકીકત વધુ અદ્ભુત છે. કોઇ એક વ્યક્તિનું પ્રભુત્વ નથી; આ અસંખ્ય ક્રિયાઓને ડિકટેટ કરનાર કોઈ માસ્ટરમાઈન્ડ નથી. એવી કોઇ વ્યક્તિને બદલે, આપણને અદશ્ય હાથ કામ કરતો દેખાય છે. મેં આગળ જે રહસ્યની વાત કરેલી એ આ છે.

એવું કહેવામાં આવે છે કે ‘‘માત્ર ભગવાન જ ઝાડને બનાવી શકે છે.’’ આની સાથે આપણે શા માટે સંમત થઇએ? એ એટલા માટે તો નથી ને કે આપણે પોતે ઝાડ બનાવી શકતા નથી. આપણે ઝાડને વર્ણવી પણ શકીએ ખરા? ના, સિવાય કે સાવ ઉપરછલ્લી રીતે. ઉદાહરણ તરીકે, કેટલાક સેલમાંથી ઝાડ બને છે. અને કોનું મગજ આ સેલના ફેરફારોને સંચાલિત કરવાનું તો બાજુ પર રહ્યું, પણ રેકોર્ડ સુધ્ધાં કરી શકે છે?

હું, પેન્સિલ ઝાડ, ઝીંક, કોપર, ગ્રેફાઇટ, વગેરે વગેરે ચમત્કારોનું સંમિશ્રણ છું. આ ચમત્કારોમાં માણસની સર્જનાત્મક શક્તિઓથી વધારાના ચમત્કાર સર્જાય છે. માણસની જરૂરિયાતો અને ઇચ્છાઓના પ્રતિભાવ રૂપ લાખો નાની નાની જાણકારીઓ, કોઇ જ માસ્ટરમાઇન્ડની દોરવણી વગર, ભેગી થાય છે.

મેં જ્યારે કહેલું કે ‘જો તમે મારા રહસ્યને જાણી શકો, તો માણસ જાત જે સ્વતંત્રતાને ઝડપથી ગુમાવી રહી છે, એને બચાવવામાં તમે મદદ કરી શકો,’ ત્યારે હું આ જ કહેવા માગતી હતી. કારણ કે જો એ ખબર પડે કે માણસની જરૂરિયાત અને માંગણીના પ્રતિભાવ રૂપે નાની નાની જાણકારીઓ આપમેળે પોતાને સરકારના કોઇ coercive માસ્ટર માઇન્ડીંગ વગર સર્જનાત્મક અને ઉત્પાદકીય તરાહમાં ગોઠવશે, તો સ્વતંત્રતાનું સૌથી અગત્યનું ઘટક સમજી શકાશે - એ છે મુક્ત લોકોમાંની શ્રદ્ધા. આ શ્રદ્ધા વગર સ્વતંત્રતા અસંભવ છે.

એક વાર સરકાર જો આવી કોઇપણ સર્જનાત્મક પ્રવૃત્તિ, દા.ત. કાગળો પહોંચાડવાની પોસ્ટલ સેવા, પર પોતાની મોનોપોલી ઊભી કરે, તો મોટાભાગની વ્યક્તિઓ માનવા લાગશે કે અલગ અલગ સ્વતંત્ર રીતે કામ કરતી વ્યક્તિઓ આ કામ સારી રીતે કરી જ ના શકે. એનું કારણ એ છે કે દરેક વ્યક્તિ સ્વીકારે છે કે મેઇલ ડિલીવરી કરવા માટે જરૂરી બધી જ પ્રવૃત્તિ કેવી રીતે કરવી એ બાબત તે જાણતી નથી. તે એમ પણ સ્વીકારે છે કે બીજી કોઇ વ્યક્તિ પણ તે કરી શકે એમ નથી. આ ધારણાઓ સાચી છે. જેવી રીતે કોઇ એક વ્યક્તિ પેન્સિલ બનાવવાનું નથી જાણતી, તેવી જ રીતે કોઇ એક વ્યક્તિ મેઇલ ડીલીવરી કરવાનું નથી જાણતી. આ જરૂરિયાત સંતોષવા માટે લાખો લોકોની નાની નાની જાણકારીઓ આપમેળે અને ચમત્કારિક રીતે ભેગી થશે એવી સ્વતંત્ર લોકોમાં શ્રદ્ધા ન હોય તો આપણે એવા ખોટા તારણ પર જ પહોંચીએ કે મેઇલ ડીલીવરી સરકારી માસ્ટરમાઇન્ડ વગર ના થઇ શકે.

### પુરાવાઓનો તોટો નથી.

સ્વતંત્ર વ્યક્તિઓની શક્તિમાં શ્રદ્ધા ધરાવનાર હું એકલી જ હોઉં તો આવી શ્રદ્ધા ન રાખનારનો કેસ કદાચ મજબૂત બને. પરંતુ, આ બાબતના પુરાવાઓનો કોઇ તોટો નથી. ગાડી, કેલ્કયુલેટર કે મીલનું મશીન (કે કોમ્પ્યુટર) બનાવવાની સરખામણીમાં મેઇલ ડીલીવરી ખૂબ સહેલી છે. કોઈપણ પ્રકારની ડીલીવરી અંગે વિચારીએ, તો જો વ્યક્તિઓ સ્વતંત્ર હોય તો તેઓ માણસનો અવાજ દુનિયાના એક છેડેથી બીજે છેડે એક ક્ષણમાં પહોંચાડી શકે છે, કોઇપણ ઘટનાને એ જ્યારે બની રહી હોય ત્યારે જ કોઇપણ વ્યક્તિના ઘરમાં એને બતાવી શકે છે. તેઓ એકસાથે ૧૦૦-૨૦૦ વ્યક્તિઓને દુનિયાનાં બીજાં શહેરોમાં કલાકોમાં પહોંચાડી શકે છે. મારે એક જ પાઠ શીખવવાનો છે : સર્જનાત્મક શક્તિઓને રોકો નહીં. આ પદાર્થપાઠ ધ્યાનમાં લઇને સમાજ સુમેળપૂર્વક વર્તે એ માટે ઘડો. સમાજના કાનૂનને આની સામેની અડચણો દૂર કરવા દો. અને તમામ સર્જનાત્મક જાણકારીઓને મુક્તપણે વહેવા દો. સ્વતંત્ર સ્ત્રી-પુરુષો અદશ્ય હાથને પ્રતિભાવ આપશે એમાં શ્રદ્ધા રાખો હું, પેન્સિલ, ભલે સાવ સીધી સાદી છું, પણ મારા સર્જનમાં રહેલા રહસ્યને પુરાવા રૂપે ઓફર કરું છું કે આ વ્યવહારુ શ્રદ્ધા છે. એટલી વ્યવહારુ છે જેટલાં વ્યવહારુ સૂર્ય, વરસાદ, દેવદાર વૃક્ષ, અને પૃથ્વી છે. ■

*Against the Open Society*

*The greatest principle of all is that nobody, whether male or female, should be without a leader. Nor should the mind of anybody be habituated to letting him do anything at all on his own initiative; neither out of zeal, nor even playfully. But in war and in the midst of peace - to his leader he shall direct his eye and follow him faithfully. And even in the smallest matter he should stand under leadership. For example, he should get up, or move, or wash, or take his meals... only if he has been told to do so. In a word, he should teach his soul, by long habit, never to dream of acting independently, and to become utterly incapable of it.*

*Plato of Athens (350 B.C.)*

*'For the Open Society*

*Although only a few may originate a policy, we are all able to judge it.'*

*-Pericles of Athens (about 430 B.C., 80 years before Plato)*

*On the dawn of the Open Society*

*The closed society, and with it its creed that the tribe is everything and individual nothing, had broken down. Individual initiative and self-assertion had become a fact. Interest in the human individual as individual, and not only as tribal hero and saviour, had been aroused. But a philosophy which makes man the centre of its interest began only with Protagoras. And the belief that there is nothing more important in our life than other individual men, the appeal to men to respect one another and themselves, appears to be due to Socrates.*

*- Karl Popper (1945)*

Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali



Khoj - Jeevan Ek Avirat Khoj Sept-Oct 2007 Volume 1 Issue 5
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara